# ગુજરાતમાં વિવિધ નોકરીઓમાં પછાતવર્ગના કર્મચારીઓનું પ્રમાણ

(તાલુકા પંચાયતો, અધ્યાપન મંદિરો, પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓ અને કૉલેજોના સંદર્ભમાં)


**અહેવાલ લેખન**

ડૉ૦ સિદ્ધરાજ સોલંકી

મુસ્તાઅલી મસવી

ગૌરીશ પંડ્યા

કોકિલાબહેન શાહ


55


આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૧૯૭૯

# ગુજરાતમાં વિવિધ નોકરીઓમાં પછાતવર્ગના કર્મચારીઓનું પ્રમાણ

(તાલુકા પંચાયતો, અધ્યાપન મંદિરો, પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓ અને કોલેજોના સંદર્ભમાં)

**અહેવાલ લેખન :**

ડૉ૦ સિદ્ધરાજ સોલંકી
મુસ્તાઅલી મસવી
ગૌરીશ પંડ્યા
કોકિલાબહેન શાહ

**કોષ્ટકીકરણ :**

છોટુભાઈ પટેલ
શંકરભાઈ પટેલ
ભિખુભાઈ પટેલ
ચંપકભાઈ ચૌધરી
સોમાભાઈ ચૌધરી
ડુંગરસિંહ વસાવા
કાંતિભાઈ મકવાણા

55

**આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪**

૧૯૭૯

## પ્રકરણ- ૧

## ઉદ્દેશો અને પ્રવિધિ

ભારતીય બંધારણમાં દર્શાવેલા રાજનીતિના માર્ગદર્શક સિધ્ધાંતોની અન્વયે, ભારતીય સમાજનાં અભવિકસિત-નબળાં અંગોના શૈક્ષણિક અને આર્થિક વિકાસની જવાબદારી રાજ્યે લીધેલી છે. તેને અનુલક્ષીને ભારતીય બંધારણમાં જ કલમ ૩૪૧ અને ૩૪૨ અનુસાર, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓ અંગેની જોગવાઇઓ કરીને, તેમને માટે વિવિધ સરકારી અર્ધસરકારી નોકરીઓમાં અનામત જગ્યાઓ રાખવા અંગેની વ્યવસ્થા કરવામાં આવી છે. આને અનુલક્ષીને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોએ પોતાની નોકરીઓમાં વિવિધ વર્ગોમાં, પછાતવર્ગોના ઉમેદવારો માટે અનામત જગ્યાઓની જોગવાઇ કરી છે.

ગુજરાત સરકાર દ્વારા પણ તેવી જ રીતે વિવિધ ખાતાઓમાં પછાતવર્ગના ઉમેદવારોના પ્રમાણ અંગે નીચે પ્રમાણેની જોગવાઇઓ કરવામાં આવી છે :

**અનુસૂચિત જાતિ અને જનજાતિના સભ્યો માટે નોકરીમાં અનામત જગ્યાઓ :**

ભૂતપૂર્વ મુંબઇ રાજ્યમાં સૌરાષ્ટ્ર અને ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં પછાતવર્ગના ઉમેદવારો માટે જુદી ટકાવારી નિયત કરવામાં આવી હતી. આ જુદાં જુદાં ધોરણોમાં એકવાકયતા લાવવા માટે તા. ૨૦-૯-૬૧ના ઠરાવથી સરકારે સમગ્ર ગુજરાત રાજ્ય માટે અનુસૂચિત જાતિ અને જનજાતિના ઉમેદવારો માટે સરકારી સેવાઓમાં ચોકકસ પ્રમાણમાં ટકાવારી નિયત કરતા હુકમો કર્યા. આ મુજબ વર્ગ-૧ અને વર્ગ-૨ માં અનુસૂચિત જાતિ અને જનજાતિના કર્મચારીઓ માટે અનુક્રમે ૫ ટકા અને ૧૦ ટકાની જોગવાઇ હતી, જ્યારે વર્ગ-૩ અને વર્ગ-૪ માં આ બંને જાતિના ઉમેદવારો માટે નોકરીમાં અનુક્રમે ૭ ટકા અને ૧૪ ટકાની અનામત જગ્યાઓ રાખવામાં આવી હતી.

આ જોગવાઇઓ રાજ્યકક્ષાની જગાઓ માટે હતી, જ્યારે જિલ્લામાં વસ્તીના ધોરણે અલગ અલગ ટકાવારી નિયત કરવામાં આવી હતી. સને ૧૯૭૧માં વસ્તી ગણતરી થતાં તેને આધાર ઉપર જણાવેલ વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગાઓ માટે અનુસૂચિત જાતિના અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે અનુક્રમે ૫ અને ૧૦ ટકાની જોગવાઇઓમાં ૧-૧૦-૧૯૭૪ થી સુધારો કરી તેને અનુક્રમે ૭ ટકા અને ૧૪ ટકાની કરવામાં આવી છે. જ્યારે જિલ્લા કક્ષાએ પણ જિલ્લાની વસ્તીના પ્રમાણને અનુલક્ષીને અનામત જગ્યાની નીચે પ્રમાણે જોગવાઇ કરવામાં આવી છે.

જુદા જુદા જિલ્લાઓમાં જિલ્લા કક્ષાની વર્ગ-૩ અને વર્ગ-૪ની જગાઓ માટે અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે નિયત થયેલી ટકાવારી :

| જિલ્લો | વર્ગ-૩ | વર્ગ-૪ |
|---|---|---|
| અમદાવાદ | ૧૦ ટકા | ૧૦ ટકા |
| સુરેન્દ્રનગર | ૧૦ ટકા | ૧૦ ટકા |
| કચ્છ | ૯ ટકા | ૯ ટકા |
| સાબરકાંઠા | ૯ ટકા | ૯ ટકા |
| મહેસાણા | ૯ ટકા | ૯ ટકા |
| બનાસકાંઠા | ૧૦ ટકા | ૧૦ ટકા |
| બાકીના અન્ય જિલ્લાઓ | ૭ ટકા | ૭ ટકા |

જુદા જુદા જિલ્લાઓમાં જિલ્લા કક્ષાની વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગાઓ માટે અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે નિયત થયેલી ટકાવારી :

| જિલ્લો | વર્ગ-૪ | વર્ગ-૪ |
|---|---|---|
| ડાંગ | ૩૫ ટકા | ૫૦ ટકા |
| વલસાડ | ૩૦ ટકા | ૪૦ ટકા |
| સુરત | ૩૦ ટકા | ૪૦ ટકા |
| ભરૂચ | ૩૦ ટકા | ૩૫ ટકા |
| પંચમહાલ | ૨૫ ટકા | ૩૦ ટકા |
| વડોદરા | ૨૫ ટકા | ૨૫ ટકા |
| બાકીના અન્ય જિલ્લાઓ | ૧૪ ટકા | ૧૪ ટકા |

આ અનામત જગાઓની જોગવાઇ રાજયમાં આવેલી સ્વાયત્ત સંસ્થાઓ, સ્થાનિક સંસ્થાઓ, પબ્લિક અંડર ટેઇકીંગ બોર્ડ/ જાહેર નિગમો વગેરને પણ લાગુ કરવામાં આવી છે. આ ઉપરાંત સરકાર તરફથી ગ્રાન્ટ-ઇન-એઇડ, લોન તથા સબસીડી મેળવતી સંસ્થાઓ અને જે સંસ્થાઓને લોનને બાંહેધરી આપી હોય તેવી સંસ્થાઓને પણ આ અનામત જગાઓની જોગવાઇનો અમલ કરવાનો રહે છે.



ટકાવારી મુજબ અનુસૂચિત જાતિ અને જનજાતિના ઉમેદવારોને નોકરી આપવામાં આવે છે કે કેમ તે નિશ્ચિત કરવાના હેતુથી વર્ગ-૧ અને વર્ગ-૨ માં તા.૧-૧-૭૧ થી અને વર્ગ-૩ અને વર્ગ-૪ મા તા.૨૦-૬-૭૩થી રોસ્ટર પધ્ધતિ અપનાવવાની સૂચનાઓ આપવામાં આવી છે.

વર્ગ-૧ અને વર્ગ-૨ માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કર્મચારીઓની સંખ્યા નિયત ટકાવારીના પ્રમાણમાં ખૂબ જ ઓછી જણાતાં આ તફાવતને દૂર કરવાના આશયથી વર્ગ-૧ અને વર્ગ-૨ માં ફકત આદિવાસી અને હરિજન ઉમેદવારોની ભરતી કરવાના ખાસ હુકમો પણ કરવામાં આવ્યા છે. અને તે મુજબ ભરતી કરવાની સૂચનાઓ સચિવાલયના દરેક વિભાગમાં આપવામાં આવી છે. આ સૂચનાઓના આધાર કેટલાક વિભાગો/ ખાતાઓએ ભરતી કરી છે અને હજી આ પ્રક્રિયા ચાલુ હોવાથી વધુ ભરતી થવાની સંભાવના છે. ટકાવારી બાબતના વખતોવખત થયેલા આદેશોનું પાલન થાય છે કે નહીં તે જોવા માટે મજૂર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગમાં નાયબ સચિવની કક્ષાના ખાસ અધિકારી સાથેનું એક સેલ ઊભું કરવામાં આવ્યું છે. આ અધિકારી જિલ્લાની ત્રિમાસિક સંકલન સમિતિની બેઠકોમાં હાજરી આપે છે અને જિલ્લા કક્ષાની ભરતી કે બઢતી વખતે અનામત જગાઓ અંગેના વખતોવખત થયેલા હુકમના અમલીકરણ વખતે પડતી મુશ્કેલીઓ બાબતમાં માર્ગદર્શન આપે છે. નિયત કરેલી ટકાવારી પ્રમાણે જો ઉમેદવાર એક જિલ્લામાંથી મળી શકે તેમ ન હોય તો આવા ઉમેદવારો માટે ભરતી અધિકારીને બીજા જિલ્લાની રોજગાર વિનિમય કચેરીમાંથી અને સમાજ કલ્યાણ અધિકારીઓ પાસેથી પ્રયત્ન કરવો તેવો આદેશ । પણ આપવામાં આવ્યો છે. તેની સમજ પણ જિલ્લાઓને આપવામાં આવી છે.

ભારત સરકાર લગભગ ૧૯૬૩ થી બઢતીવાળી જગાઓમાં અનામત જગાઓ અંગેના હુકમો કર્યા હતા, તે હુકમમાં જણાવ્યા પ્રમાણે ગુજરાત રાજયમાં પણ હવે તા.૧-૧-૧૯૭૬થી અમલમાં આવે તે રીતે હુકમો કરવામાં આવ્યા છે. અને તેના અમલીકરણ માટે તા.૧૯-૬-૭૬ના ઠરાવથી સૂચનાઓ બહાર પાડવામાં આવી છે. આ સૂચનાઓ અનુસાર પસંદગી યાદી તૈયાર કરી તા.૧-૧-૧૯૭૬ થી અમલમાં આવે તે રીતે બઢતી આપવાની કામગીરી તા.૩૧-૧૦-૭૬ સુધીમાં પૂરી કરવાની સૂચના આપતા હુકમો પણ કરવામાં આવ્યા હતા અને તે મુજબ ઘણીખરી કચેરીઓમાં પસંદગી યાદી તૈયાર કરી બઢતીઓ આપવામાં આવી છે. જેમાં અનુસૂચિત જાતિ અને જનજાતિના કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે.

જયારે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન થાય ત્યારે જગા બિનઅનામત ગણી ભરવામાં આવે છે તથા અનામત જગાઓને આગળ ખેંચવાના હુકમો અપાયા છે. યોગ્ય લાયકાત ધરાવતા અનુસૂચિત જાતિ / જનજાતિના ઉમેદવારો ઉપલબ્ધ થાય ત્યારે તેવા ઉમેદવારોથી જગાઓ ભરવામાં આવે છે. ઉપરાંત પ્રથમ જાહેરાત વખતે અનુસૂચિત જાતિ / જનજાતિના ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો જગા ખાલી રાખી ફરીથી જાહેરાત આપવાનું ધોરણ અપનાવવામાં આવ્યું છે. વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગા, બિનઅનામત કરવા માટે મજૂર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગની અનુમતિ મેળવવાની જોગવાઇ છે. જયારે વર્ગ-૩ ની જગા બિનઅનામત કરવા માટે સચિવાલયના સંબંધિત વિભાગના સચિવની અનુમતિ મેળવી જગા બિનઅનામત કરી શકાય છે. વર્ગ-૪ ની જગા બિનઅનામત કરવા માટે ખાતાના વડાની અનુમતિ મેળવવી જરૂરી છે.

આમ સમગ્ર રીતે જોતાં ફલિત થાય છે કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કર્મચારીઓને સરકારી સેવાઓનો અને જાહેર સંસ્થાઓનો શકય તેટલા વધારે પ્રમાણમાં લાભ મળે અને નિયત થયેલી ટકાવારી મુજબ નોકરી મળે તે માટે પ્રયત્ન કરવામાં આવી રહયા છે.

ગુજરાતમાં પાયાના ગ્રામસ્તર પરની અને કુટુંબ સ્તર પરની સંખ્યાબંધ વિકાસની પ્રવૃત્તિઓ અને યોજનાઓ, વિકાસ ઘટકોની મારફતે સરકારી રાહે અમલમાં આવે છે. યોજનામાં તેને ગ્રામ્યસ્તર સુધી પહોંચાડનારા સંવાહકો વિકાસ ઘટકોના કર્મચારીઓ હોય છે. આ યોજનાઓ જે તે જાતિઓ સુધી પહોંચાડનારા આવા કર્મચારીઓ જે તે અનુસૂચિત જાતિઓ કે અનુસૂચિત જનજાતિઓમાંથી હોય તો કેટલીક વખત જે તે યોજના યા પ્રવૃત્તિ અંગેની જે તે સ્તર પર પહોંચીને સમજ આપવામાં, તેનો લાભ વગેરે પહોંચાડવામાં અસરકારક ભાગ ભજવી શકે અને કેટલીકવાર જે તે અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિના વિકાસનું પ્રેરણાસ્રોત પણ બની શકે. જો કે આવા પછાતવર્ગના કર્મચારીઓનું પ્રમાણ નહિવત્ હોવાનું ઢેબર સમિતિ, શિલુઆઓ કમિટિ તેમજ અન્ય સમિતિઓના અહેવાલોમાં નોંધાયું છે. ગુજરાત રાજયના સમાજ કલ્યાણ ખાતાના મંત્રીશ્રી તેમજ ગુજરાત આદિવાસી યુવક મંડળની વિનંતી અનુસાર, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ તરફથી, ગુજરાતની સરકારી, બિનસરકારી સંસ્થાઓ, નિગમો, શૈક્ષણિક સંસ્થાઓ વગેરેમાં વિવિધ સ્તર પર કામ કરતા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કર્મચારીઓના પ્રમાણ અંગેની અનેકવિધ મોજણીઓ હાથ ધરવામાં આવી હતી.



આ મોજણીઓમાં, ભારતીય બંધારણમાં જેમના માટે જાહેર સેવાઓમાં અનામત જગ્યાઓ રાખવા અંગેનો ખાસ નિર્દેશ કરવામાં આવ્યો છે તેવા આદિવાસીઓ (અનુસૂચિત જનજાતિ) અને હરિજનો (અનુસૂચિત જાતિ)નો જ પછાતવર્ગોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જાન્યુઆરી ૧૯૭૭ના અરસામાં, કેન્દ્ર તરફથી આ શ્રેણીમાંની પ્રથમ મોજણી જયારે હાથ પર લેવાઇ ત્યારે ભટકતી જાતિઓ, અર્ધ ભટકતી જાતિઓ, કે [illegible] બક્ષીપંચની ભલામણ હેઠળ જે ૮૨ જાતિઓનો અન્ય પછાતવર્ગોમાં સમાવેશ કરવામાં આવ્યો છે તેમના અંગે વિવિધ જાહેર સેવાઓમાં ખાસ અનામત જગ્યાઓની જોગવાઇ તે કાળે ન હોવાથી, તેમનો આ મોજણીઓમાં પછાતવર્ગોમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. મતલબ કે આ મોજણી પૂરતા પછાતવર્ગોમાં માત્ર જે જનજાતિઓ કે જ્ઞાતિઓનો સમાવેશ અનુક્રમે અનુસૂચિત જનજાતિ અને અનુસૂચિત જાતિઓની યાદીમાં કરવામાં આવ્યો છે તેમને જ ગણતરીમાં લેવામાં આવ્યા છે. તે સિવાયની અન્ય જાતિઓને કે જ્ઞાતિઓને નહીં. તે જ રીતે પછાતવર્ગો અંગેના પ્રમાણની તુલના પણ સ્વાભાવિક રીતે જ આ બંને જૂથોના કુલ વસ્તીમાંના પ્રમાણને અનુલક્ષીને જ કરવામાં આવ્યું છે. તેમાં પણ ભટકતી જાતિઓ, અર્ધ ભટકતી જાતિઓ કે અન્ય પછાતવર્ગોની જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો નથી. અહેવાલમાં તો આમ તો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. કયાંક શરતચૂકથી આદિવાસી/ હરિજન/ પછાતવર્ગ શબ્દો આવી જાય તો તેમને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના અર્થમાં જ લેવાના છે.

<u>હેતુ :</u>

આ મોજણીના મહત્વના હેતુઓનો નિર્દેશ નીચે પ્રમાણે કરી શકાય.

(૧) પછાતવર્ગોના વિકાસની સાથે જ જેમનો સીધો સંબંધ છે એવી ગુજરાતની વિવિધ તાલુકા પંચાયતોમાં, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સંસ્થાઓમાં, અધ્યાપન મંદિરોમાં અને કોલેજોમાં વર્ગદીઠ આદિવાસી અને હરિજન કર્મચારીઓનું પ્રમાણ જાણવું.

(૨) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનું વિવિધ આદિવાસી જાતિ કે હરિજન જાતિવાર પ્રમાણ જાણવું.

આ ઉપરાંત આ મોજણીમાં તપાસ હેઠળની વિવિધ સંસ્થાવાર, વિવિધ વર્ગવાર, જાતિવાર પ્રમાણ, પછાતવર્ગના કર્મચારીઓમાં શૈક્ષણિક સ્તર, તેમની નોકરીનો પ્રકાર, પછાતવર્ગના કર્મચારીઓનાં મૂળ વતન અને તેમનાં સેવા સ્થાન વગેરે વિગતોનો પણ ખ્યાલ

મળવી શકાય તેમ છે પણ સમયમર્યાદા અને સ્થળ સંકોચને લીધે હાલ પૂરતું આ વિગતોમાં ઉતરવાનું મુનાસિબ માન્યું નથી. પણ ઉપરોક્ત બંને મહત્વની બાબતોના વર્ણન, વિશ્લેષણ પૂરતો જ અત્યારે તો આ અહેવાલ મર્યાદિત રાખ્યો છે.

સંશોધન પધ્ધતિ :

આ મોજણીમાં ગુજરાતની સર્વ તાલુકા પંચાયતોને, પ્રાથમિક, માધ્યમિક, અધ્યાપન મંદિરો અને કોલેજોને જ આવરી લેવામાં આવી છે. બધી સંસ્થાઓને તપાસપત્રકો (જૂઓ પરિશિષ્ટ- ) આ મોજણી અંગેના હેતુ સમજાવતા સંશોધકોના એક પત્ર સહિત મોકલવામાં આવ્યાં હતાં. એકાધિક સ્મૃતિપત્રોના અંતે સંતોષજનક પ્રત્યુત્તર મળી શકાયા હતા.

આ મોજણીઓમાં મોજણીવાર મોકલવામાં આવેલી કુલ પ્રશ્નાવલીઓ, તેના પ્રત્યુત્તર મોકલવા માટે પાઠવવામાં આવેલા સ્મૃતિપત્રો અને પ્રત્યુત્તરદાતાઓની સંખ્યા નીચે પ્રમાણે હતી.

| ક્રમ | મોજણીનું નામ | મોકલાવેલી પ્રશ્નાવલીની કુલ સંખ્યા | મોકલવામાં આવેલ કુલ સ્મૃતિપત્રો | પ્રત્યુત્તરદાતા સંખ્યા | ટકા |
|---|---|---|---|---|---|
| ૧. | ગુજરાતની તાલુકા પંચાયતોમાં પછાત વર્ગના કર્મચારીઓનું પ્રમાણ | ૧૮૬ | ૭ | ૧૪૦ | ૭૫.૨ |
| ૨. | ગુજરાતનાં અધ્યાપન મંદિરોમાં પછાતવર્ગના કર્મચારીઓનું પ્રમાણ | ૬૭ | ૭ | ૬૭ | ૧૦૦.૦ |
| ૩. | ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં પછાતવર્ગના કર્મચારીઓનું પ્રમાણ (જિલ્લા પંચાયત અને નગરપાલિકા હસ્તકની પ્રાથમિક શાળાઓ) | ૭૩ | ૭ | ૪૯ | ૬૭.૧ |
| ૪. | ગુજરાતની માધ્યમિક શાળાઓમાં પછાતવર્ગના કર્મચારીઓનું પ્રમાણ | ૨૫૨૨ | ૧૦ | ૨૧૦૨ | ૮૩.૩ |
| ૫. | ગુજરાતની કોલેજોમાં પછાતવર્ગના કર્મચારીઓનું પ્રમાણ | ૩૦૬ | ૧૩ | ૨૮૨ | ૯૨.૧ |



આ મોજણીઓમાં, કેટલાક સ્મૃતિપત્રો (જૂઓ પરિશિષ્ટ-૧) મોકલાવ્યા પછી પણ પ્રત્યુત્તર ન સાંપડયો હોય ત્યાં સ્મૃતિપત્રનું સ્વરૂપ બદલવામાં આવ્યું અને પ્રત્યુત્તર દાતાઓને ભરીને મોકલવામા સરળતા રહે તે માટે પ્રશ્નાવલી મોકલવામાં આવી હોય ત્યાં પ્રશ્નાવલીના પ્રત્યુત્તરદાતાઓ -નું પ્રમાણ થોડું વધ્યું હોય એવું જોવા મળ્યું હતું. જેમાં પોતાને રસ ન હોય, જે અણગમતો વિષય હોય, જેમાં પોતાને સીધો લાભ ઠતા ન હોય, પોતાની વડી કચેરી તરફથી ન હોય, યા જેને પ્રત્યુત્તર ન આપવાથી પોતાને નુકસાન થવાની સંભાવના ન હોય ત્યારે, યા કેટલીકવાર ખરેખર અન્ય કામના બોજ હેઠળ, સામાન્ય રીતે એકાદ-બે સ્મૃતિપત્રો પછી પ્રત્યુત્તર આપવાની પ્રણાલી કેટલીક સંસ્થાઓ તેમજ સરકારી ખાતાઓના અધિકારીઓમાં ચાલી આવતી હોય છે એટલે તે રીતે આ મોજણીઓમાં પણ સામાન્ય રીતે બે સ્મૃતિપત્રો સંશોધકોએ સ્વાભાવિક લખ્યા હતા. અને તે રીતે મૂળ પ્રશ્નાવલી મોકલાવ્યા પછી તરત જ યા શરૂઆતના પ્રથમ યા બીજા સ્મૃતિપત્ર પછી પ્રત્યુત્તર મોકલનારાઓમાં પછાતવર્ગના કર્મચારીઓની સંખ્યાવાળા અને સંખ્યા વિનાના બંનેનો સમાવેશ થતો હતો. પણ તે પછી પ્રત્યુત્તર મોકલનારાઓમાં પછાતવર્ગના કર્મચારીઓ બિલકુલ ન હોય યા તેનું પ્રમાણ અત્યંત ઓછું યા માત્ર અપવાદ રૂપ જ હોય તેવાઓની સંખ્યા નોંધપાત્ર પ્રમાણમાં હતી. તેથી પ્રત્યુત્તર ન આપનારાઓમાં આવી જ સંખ્યા હોવાની સંભાવના વિશેષ છે.

આ મોજણીઓનું સ્વરૂપ, તેનું વિષયવસ્તુ તેમજ વાસ્તવિક પરિસ્થિતિ જોતાં પ્રત્યુત્તરદાતાઓનું પ્રમાણ પાંખું રહેશે. પ્રત્યુત્તરમાં મોકલવાની વિગતો કેટલાક પ્રત્યુત્તરદાતાઓ માટે ખૂબ અણગમતી હોવાથી તેઓ શકય હોય તેટલો ટાળવાનો પ્રયાસ કરશે, દરેક સ્મૃતિપત્ર વખતે સ્મૃતિપત્રકારને મનોમન ભાંડશે. તેનો સંશોધકોને પૂરો ખ્યાલ હતો. છતાં આવી કોઇ બાબતની પરવા કર્યા સિવાય, જયાં સુધી જે તે મોજણીમાં, એક પણ પ્રત્યુત્તર ન આવે ત્યાં સુધી સ્મૃતિપત્ર પાઠવ્યા જ કરવાનું તેમણે નકકી કર્યું હતું. સંશોધકો પ્રત્યુત્તરદાતાઓને એવી પ્રતીતિ કરાવવા માગતા હતા કે તેઓ પ્રત્યુત્તરો નહીં પાઠવે ત્યાં સુધી સ્મૃતિપત્રો મારફતે તેમને પીછો થતો જ રહેશે. એટલે આખર કંટાળીને પણ તેઓ પ્રત્યુત્તર આપે. (અને હકીકતે આવા પ્રત્યુત્તરો સંશોધકોને સાંપડયા પણ છે.) અલબત્ત પ્રત્યુત્તરદાતાની આવી- આટલી બધી નામરજીની, પ્રત્યુત્તરની ગુણવત્તા પર પણ અસર પડી શકે તેનાથી સંશોધકો સભાન હતા પણ તેમણે તપાસપત્રકની હકીકતોનું સ્વરૂપ જોતાં, પ્રમાણમાં તે વિશેષ નહીં હોય એમ માન્યું હતું. પ્રમાણમાં વધુ સ્મૃતિપત્રો પાઠવવાનું સંશોધકોનું આ વલણ છેક જ નિરર્થક પૂરવાર નહોતું થયું. કોઠામાં જોઇ શકીએ છીએ તે રીતે તેઓ લગભગ દરેક પ્રશ્નાવલી પ્રકારમાં ૨/૩ ભાગ ઉપરાંતના એકમોના પ્રત્યુત્તર પ્રાપ્ત કરી શકયા હતા. માધ્યમિક શાળાઓ અને કોલેજોમાં તેઓ અનુક્રમે ૮૦ ટકા અને ૯૦ ટકા ઉપરાંતના

પ્રત્યુત્તર મળવી શકયા હતા. જયારે અધ્યાપન મંદિરોમાં આ પ્રમાણ સોએ સો ટકાનું હતું.

આટલી વિપુલ સંખ્યામાં સ્મૃતિપત્રો પાઠવવામાં આવ્યા, તેમજ જેમના તરફથી પ્રત્યુત્તર પ્રાપ્ત નહોતો થયો તેવાઓને પ્રત્યુત્તર આપવામાં સરળતા રહે તે માટ એકકવાર અને કેટલાક અપવાદરૂપ કિસ્સાઓમાં બબ્બેવાર મૂળ તપાસપત્રકની નકલ મોકલવામાં આવ્યા છતાં પણ જેમણે પ્રત્યુત્તર નહોતો પાઠવ્યો તેવા કિસ્સાઓમા, પછાતવર્ગના કર્મચારીઓના નિશ્ચિત પ્રમાણ અંગે સરકારની નિયત જોગવાઇઓ હોવા છતાં પણ પોતાને ત્યાં પછાતવર્ગના કર્મચારીઓનું પ્રમાણ બિલકુલ નહીંવત્ હોવાની યા અમુક જ સ્તરમાં હોવાની ક્ષોભસભાનતાએ પણ કેટલેક અંશે ભાગ ભજવ્યો હોય. આ હકીકતોનો ઉપયોગ ભવિષ્યમાં જે તે એકમના હિતવિરુધ્ધ થાય એવી બીતીએ પણ તેમને આ રીતે વર્તવા માટે મજબૂર કર્યા હોય એવી શકયતા પણ ખરી. પછાતવર્ગના કર્મચારીઓ પોતાને ત્યાં ન હોવા છતાં પણ સરકાર શું કરી લેવાની છે ? તેવો ભાવ અથવા કેટલીકવાર પછાતવર્ગો તરફની અને તેમાંય ખાસ કરીને સદીઓના સામાજિકરણમાંથી ઊભી થયેલી હરિજનો તરફની પ્રણાલિકાગત સુગ યા અનામત બેઠકો તરફ વર્તમાનપત્રોમાં અને અન્યત્ર અનેક વખત દ્રષ્ટિગોચર થતો અણગમો અને ઉદાસીનતા પણ આ પ્રપત્ર ભરીને મોકલવા તરફ નિયત અધિકારી વર્ગે દાખવેલી બિનકાળજી માટ જવાબદાર હોય એમ જણાય છે.

આ મોજણીમાંના તારણો, સર્વે તપાસપત્રકોમા મોકલેલી વિગતો પર આધારિત છે.

આ તપાસપત્રકોમાં અનુસૂચિત જનજાતિ અને અનુસૂચિત જાતિઓના કર્મચારીની અનુક્રમે જાતિ કે જ્ઞાતિનો સ્પષ્ટ નિર્દેશ કરવાની વિનંતી કરવામાં આવી હોવા છતાં સંખ્યાબંધ પ્રત્યુત્તર પત્રકોમાં સ્પષ્ટ રીતે આદિવાસી જાતિ કે હરિજન જ્ઞાતિનો નિર્દેશ કરવામાં આવ્યો ન હોય તેમનો જનજાતિવાર કે જાતિવાર વર્ગીકરણમાં સમાવેશ થઇ શકયો નથી. પણ તેમનો માત્ર 'આદિવાસીઓ' કે 'હરિજનો'માં મૂકી સંતોષ માનવો પડયો છે.

અનુસૂચિત જનજાતિઓ કે અનુસૂચિત જાતિઓમાં જેનો સમાવેશ ન થયો હોય એવી કેટલીક જાતિઓ કે કોમોના કર્મચારીઓનો પણ પછાતવર્ગમાં સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા ઉદાહરણોમાં, તેવા કર્મચારીઓને આ અંગેની સંબંધિત ગણતરીમાંથી જયાં શકય હોય ત્યાં બાકાત રાખ્યા છે. તે છતાં જયાં માત્ર હરિજન, આદિવાસી યા પછાતવર્ગના કર્મચારી તરીકે જ નિર્દેશ થયો હોય અને અન્ય કોઇ રીતે તેની જાતિ જાણી ન શકાઇ હોય તેવા કેટલાક કિસ્સાઓમાં ફરીથી વિગત પ્રાપ્તી માટે, જે તે ઉત્તરદાતાઓ પાસે વિગતો મેળવવા માટનો પ્રયાસ કરવામાં આવ્યો હોય તે છતાં વિગતો ન મળતાં, સંબંધિત જૂથમાં તેની ગણતરી કરી હોવાથી ખરેખર



આદિવાસી કે હરિજન કર્મચારી ન હોય તે છતાં તેની ગણતરી જે તે જૂથમાં કરવામાં આવી હોય તેવી થોડીક શકયતા તો રહે જ છે. તે છતાં તેનું પ્રમાણ નહીંવત્ હોવાથી સમગ્ર ગણતરીમાં તેને લીધે બહુ નોંધપાત્ર ફરક પડવાની ખાસ શકયતા નથી. કેટલીક જનજાતિઓ કે જાતિઓમાં નિર્દેશમાં જે તે જનજાતિ કે જાતિનો નહીં પણ માત્ર અટકનો યા ગોત્રનો નિર્દેશ કરવામાં આવ્યો હોય તો તેના પરથી સંબંધિત જનજાતિ કે જાતિ અંગે પણ ઉપરના જેવા કેટલાક અપવાદરૂપ કિસ્સાઓમાં નિર્ણય લેવો પડયો છે. દા.ત. જેમની જ્ઞાતિમાં 'શ્રીમાળી' યા 'પુરાણી' તરીકે નિર્દેશ થયો હોય તેવા અને હરિજનોમાં સમાવેશ કર્યો હોય તેવા કિસ્સાઓમાં, જે તે કર્મચારીને 'ગરો' ગણવામાં આવ્યા છે. તે જ રીતે 'પટેલ' તરીકે જેનો નિર્દેશ થયો હોય અને આદિવાસીમાં જેનો સમાવેશ કરવામાં આવ્યો હતોય, અને દક્ષિણ ગુજરાતમાં ખાસ કરીને સુરત કે વલસાડ જિલ્લામાં તેમનું વતન દર્શાવવામાં આવ્યું હોય તેમનો સમાવેશ 'ઢોડિયા' જાતિમાં અને પંચમહાલમાંના મૂળ વતનવાળા આવા કિસ્સાઓમાં જે તે કર્મચારીનો સમાવેશ 'પટેલીઆ' આદિવાસી જાતિમાં કરવામાં આવ્યો છે.

આ મોજણીમાંની પછાતવર્ગના કર્મચારીઓના પ્રમાણ અંગેની વિગતો તા. ૧-૧-૧૯૭૭ના રોજની સ્થિતિ અનુસાર મોકલવા માટે કેન્દ્ર તરફથી જણાવવામાં આવ્યું હતું. અને તે રીતે પ્રત્યુત્તરમાં આવેલી વિગતોને કેન્દ્રે તે રીતે સ્વીકારીને તેનું સંકલન કર્યું છે.

જે તે વિભાગ યા સ્તર પરના કુલ કર્મચારીઓમાં અનુસૂચિત જનજાતિ (આદિવાસી) અને અનુસૂચિત જાતિ (હરિજન) ના પ્રમાણ અંગેની આ મોજણીઓમાં, મોજણીવાર જવાબદારી કેન્દ્રના નીચેના સંશોધકોએ સંભાળી હતી.

| ક્રમ | મોજણીનું નામ | સંશોધક |
|---|---|---|
| ૧. | ગુજરાતની તાલુકા પંચાયતોમાં પછાતવર્ગના કર્મચારીઓનું પ્રમાણ | (૧) ડૉ. સિધ્ધરાજ સોલંકી<br>(૨) શ્રી મુસ્તાલી મસવી |
| ૨. | ગુજરાતનાં અધ્યાપન મંદિરોમાં પછાતવર્ગના કર્મચારીઓનું પ્રમાણ | (૧) ડૉ. સિધ્ધરાજ સોલંકી<br>(૨) શ્રી ગૌરીશંકર પંડયા |
| ૩. | ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં પછાતવર્ગના કર્મચારીઓનું પ્રમાણ | (૧) ડૉ. સિધ્ધરાજ સોલંકી<br>(૨) શ્રી ગૌરીશંકર પંડયા |

૪. ગુજરાતની માધ્યમિક શાળાઓમાં પછાતવર્ગના કર્મચારીઓનું પ્રમાણ (૧) ડૉ. સિધ્ધરાજ સોલંકી
(૨) શ્રીમતી કોકિલા શાહ

૫. ગુજરાતની કોલેજોમાં પછાતવર્ગના કર્મચારીઓનું પ્રમાણ (૧) ડૉ. સિધ્ધરાજ સોલંકી
(૨) શ્રીમતી કોકિલા શાહ

## પરિશિષ્ટ ૧

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

ડૉ. સિધ્ધરાજ સોલંકી
શ્રીમતી કોકિલાબહેન શાહ
સંશોધકો

મહોદય,

ગુજરાતની માધ્યમિક શાળાઓમાં પછાતવર્ગના કર્મચારીઓના પ્રમાણ અંગેની એક મોજણી આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર તરફથી હાથ ધરવામાં આવી છે. આ મોજણીના એક ભાગ રૂપે આ સાથે એક તપાસપત્રક બીડયું છે., તો તેમાં આપની શાળાની વિગતો ભરીને ઉપર્યુક્ત કેન્દ્રને પરત મોકલવા વિનંતી છે.

આપના સહકારીની અપેક્ષા સહિત,

આપના વિશ્વાસુ,

સિધ્ધરાજ સોલંકી
કોકિલાબહેન શાહ

પ્રતિ,

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર : ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

પરિશિષ્ટ-૧

## ગુજરાતની માધ્યમિક શાળાઓમાં પછાતવર્ગના કર્મચારીઓનું પ્રમાણ

### પ્રશ્નાવલી

શાળાનું નામ : તાલુકો : જિલ્લો :

શાળાની સંચાલક સંસ્થાનું નામ : સ્થાપના વર્ષ :

૧ શાળામાંનો કુલ કર્મચારીગણ (૩૧મી જાન્યુઆરી ૧૯૭૭ના રોજ)

| ક્રમ | હોદ્દો | સંખ્યા | કુલ | | આદિવાસી | | પછાત | | હરિજન | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ |
| ૧. | આચાર્યશ્રી | | | | | | | | | |
| ૨. | સુપરવાઇઝર / ઉપાચાર્ય | | | | | | | | | |
| ૩. | મદદનીશ શિક્ષકો | | | | | | | | | |
| ૪. | કારકુન | | | | | | | | | |
| ૫. | પટાવાળા | | | | | | | | | |
| ૬. | પાણીવાળા | | | | | | | | | |
| ૭. | ચોકીદાર | | | | | | | | | |
| ૮. | અન્ય (વિગતો આપો)<br>(૧)<br>(૨)<br>(૩) | | | | | | | | | |
| ૯. | કુલ | | | | | | | | | |

૨. શાળામાંના ચાલુ પછાતવર્ગના કર્મચારીઓ

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | જાતિ/જ્ઞાતિ | આદિવાસી / હરિજન | મૂળ વતનનો તાલુકો અને જિલ્લો | વય | શૈક્ષણિક લાયકાત | નોકરીનાં વર્ષ | નોકરીનો પ્રકાર (અજમાયશી,હંગામી કે. કાયમી) | વિ. નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧. | | | | | | | | | | |
| ૨. | | | | | | | | | | |
| ૩. | | | | | | | | | | |
| ૪. | | | | | | | | | | |
| ૫. | | | | | | | | | | |
| ૬. | | | | | | | | | | |
| ૭. | | | | | | | | | | |
| ૮. | | | | | | | | | | |
| ૯. | | | | | | | | | | |
| ૧૦. | | | | | | | | | | |

જરૂર જણાય તો વધારાનો કાગળ જોડવા વિનંતી

ઢોડિયા, ચૌધરી, વસાવા, રાઠવા, ભીલ, હળપતિ, ડુંગરી ગરાસિયા વગેરે.

ચમાર, વણકર, ભંગી, ગરો વગેરે

3. શાળામાંના ભૂતપૂર્વ પછાતવર્ગના કર્મચારીઓ :

| ક્રમ | કર્મચારીનું નામ | જાતિ / જ્ઞાતિ | આદિવાસી / હરિજન | શૈક્ષણિક લાયકાત | હોદ્દો | નોકરીનાં વર્ષ | નોકરી પ્રકાર (અજમાયશી, હંગામી કે કાયમી) | છૂટા થયા તારીખ | છૂટા થવાનું કારણ | વિ. નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | | | | | | | | | | |
| ૨. | | | | | | | | | | |
| ૩. | | | | | | | | | | |
| ૪. | | | | | | | | | | |
| ૫. | | | | | | | | | | |
| ૬. | | | | | | | | | | |
| ૭. | | | | | | | | | | |
| ૮. | | | | | | | | | | |
| ૯. | | | | | | | | | | |
| ૧૦. | | | | | | | | | | |

જરૂર જણાય ત્યાં વધારાનો કાગળ જોડવા વિનંતી.

ઢોડિયા, ચૌધરી, વસાવા, રાઠવા, ભીલ, હળપતિ, ડુંગરી ગરાસિયા વગર.

ચમાર, વણકર, ભંગી, ગરો વગર.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર : ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

## પછાતવર્ગના કર્મચારીઓનું પ્રમાણ

(શિક્ષકો સિવાય)



(૧) વર્ગવાર કર્મચારીઓ (તા. ૧-૧-૭૭ના રોજ)

| ક્રમ | વર્ગ | કુલ કર્મચારીઓ | | | તે (ખાના-૫) પૈકી | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | આદિવાસી | | હરિજન | |
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧. | | | | | | | | |
| ૨. | | | | | | | | |
| ૩. | | | | | | | | |
| ૪. | | | | | | | | |
| ૫. | | | | | | | | |

(૨) વિવિધ વિભાગવાર કર્મચારીઓની વિગત (તા.૧-૧-૭૭ ના રોજ) (શિક્ષકો સિવાય)

વિભાગ :......................

| વર્ગ | કેડરનું નામ | કુલ કર્મચારીઓ | | | તે (ખાના-૫) પૈકી | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | આદિવાસી | | હરિજન | |
| | | | | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧. | | | | | | | | |
| ૨ | | | | | | | | |
| ૩ | | | | | | | | |
| ૪ | | | | | | | | |

નોંધ : દરેક વિભાગવાર અલગ કાગળ જોડવા વિનંતી છે.

(૩) વિભાગવાર પછાતવર્ગના કર્મચારીઓની વિગત (તા.૧-૨-૭૭ના રોજ) (શિક્ષકો સિવાય)

| ક્રમ | વિભાગ | વર્ગ | કેડર | કર્મચારીનું નામ | હોદ્દો | શૈક્ષણિક લાયકાત | નોકરીનાં વર્ષ | કાયમી/હંગામી/પ્રોબેશન/દૈનિક રોજી પર/ અન્ય | જાતિ / જ્ઞાતિ (આદિવાસી/ હરિજન) | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

નોંધ : જરૂર જણાય ત્યાં વધારાનો કાગળ જોડવા વિનંતી

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર : ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

## ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં પછાતવર્ગના શિક્ષકોનું પ્રમાણ

### તપાસપત્રક

............નગર પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓમાં પછાતવર્ગના શિક્ષકોનું પ્રમાણ (તા. ૧-૧-૧૯૭૭ના રોજ)

| શિક્ષકો | શિક્ષિકાઓ | કુલ | તે પૈકી (ખાના-૩ માંથી) આદિવાસી |  | હરિજન |  |
|---|---|---|---|---|---|---|
|  |  |  | શિક્ષકો | શિક્ષિકાઓ | શિક્ષકો | શિક્ષિકાઓ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|  |  |  |  |  |  |  |

૨...................નગરપાલિકા હસ્તકની પ્રાથમિક શાળાઓમાં પછાતવર્ગના શિક્ષકો અંગેની વિગતો (તા. ૧-૧-૭૭ અનુસાર)

| ક્રમ | નામ | તા. ૧-૧-૭૭ના રોજની શાળાનું ગામ | શાળાનો તાલુકો | શૈક્ષણિક લાયકાત | શિક્ષક તરીકેનો અનુભવ (પૂરાં વર્ષમાં) | જાતિ / જ્ઞાતિ | આદિવાસી / હરિજન | મૂળ વતનનો જિલ્લો | મૂળ વતનનો તાલુકો | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | | | | | | | | | |

જરૂર જણાય ત્યાં વધારાનો કાગળ જોડવા વિનંતી

પરિશિષ્ટ ૨

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

ડૉ. સિધ્ધરાજ સોલંકી
સંશોધક

સ્મૃતિપત્ર

વિષય : પછાતવર્ગના કર્મચારીઓ અંગેની માહિતી

મહાશય,

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર તરફથી હાથ ધરાયેલી પછાતવર્ગના કર્મચારીઓના પ્રમાણ અંગેની મોજણીના સંદર્ભમાં, આપની સંસ્થામાં પછાતવર્ગના કર્મચારીઓની માહિતી માગતું પત્રક ભરીને મોકલવા માટે, કેન્દ્ર તરફથી આપને મોકલવામાં આવેલું તે હજી આપના તરફથી ભરાઇને કેન્દ્રને મળ્યું નથી. આ અંગે અમે અગાઉ આપને.........સ્મૃતિપત્ર પણ પાઠવેલ છે તો આ પત્ર મળતાં તુરત જ તે ભરીને મોકલવા વિનંતી છે. આપને ત્યાં પછાતવર્ગના કોઇ કર્મચારી ન હોય તો પણ વિવિધ વિભાગ-વર્ગવાર કુલ કર્મચારી સંખ્યા જણાવવા વિનંતી છે.

આપના સહકાર બદલ આભારની લાગણી સહિત,

આપનો વિશ્વાસુ

સિધ્ધરાજ સોલંકી

## પ્રકરણ-૨

### પ્રાથમિક શાળાઓમાં ટકાવારી

ગુજરાત રાજ્યની ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે કુલ વસ્તી ૨૬,૬૯૭૪૭૫ હતી. જેમાં અનુસૂચિત જાતિની વસ્તી ૧૮૨૫૪૩૨(૬.૮૪%) અને અનુસૂચિત જનજાતિની વસ્તી ૩૭૩૪૪૨૨ (૧૩.૯૯%)હતી. અનુસૂચિત જાતિઓની વસ્તી અમદાવાદ (૧૦.૯૩%)/,સુરેન્દ્રનગર(૧૦.૩૯%) અને બનાસકાંઠામાં (૯.૮૫%)માં ૯ %થી વધુ હતી. જ્યાર ડાંગ(૦.૩૬%), વલસાડ(૩.૫૬%) માં ૪%થી ઓછી હતી. બધા જિલ્લાઓને આ જનજાતિની સંખ્યાના ઉતરતા ક્રમમાં મૂકીએ તો નીચે પ્રમાણેનો કોઠો બને :

કોઠો-૧

| ક્રમ | જિલ્લો | જિલ્લામાં કુલ અનુસૂચિત જાતિની વસ્તી | જિલ્લાની કુલ વસ્તીમાં અનુસૂચિત જાતિની વસ્તીના ટકા |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૩૧૭૯૬૭ | ૧૦.૯૩ |
| ૨. | સુરેન્દ્રનગર | ૮૭૮૫૯ | ૧૦.૩૯ |
| ૩. | બનાસકાંઠા | ૧૨૪૬૯૩ | ૯.૮૫ |
| ૪. | કચ્છ-ભૂજ | ૮૦૨૫૦ | ૯.૪૪ |
| ૫. | મહેસાણા | ૧૮૭૫૨૩ | ૮.૯૬ |
| ૬. | સાબરકાંઠા | ૧૦૨૧૫૮ | ૮.૬૦ |
| ૭. | અમરેલી | ૬૩૩૩૩ | ૭.૪૬ |
| ૮. | જૂનાગઢ | ૧૨૨૪૯૫ | ૭.૩૯ |
| ૯. | જામનગર | ૭૨૦૦૦ | ૬.૪૮ |
| ૧૦. | ગાંધીનગર | ૧૩૧૪૦ | ૬.૫૫ |
| ૧૧. | રાજકોટ | ૯૯૨૪૭ | ૬.૧૧ |
| ૧૨. | ખેડા | ૧૪૮૧૯૮ | ૬.૦૫ |
| ૧૩. | વડોદરા | ૧૧૪૮૩૭ | ૫.૮૦ |
| ૧૪. | ભરૂચ | ૫૩૪૩૨ | ૪.૮૨ |
| ૧૫. | ભાવનગર | ૬૩૪૨૫ | ૪.૫૧ |
| ૧૬. | પંચમહાલ | ૬૮૦૨૨ | ૩.૬૮ |
| ૧૭. | સુરત | ૬૩૫૫૮ | ૩.૫૬ |
| ૧૮. | વલસાડ | ૪૨૯૫૩ | ૩.૦૧ |
| ૧૯. | ડાંગ | ૩૪૨ | ૦.૩૬ |
| | કુલ | ૧૮૨૫૪૩૨ | ૬.૮૪ |



કોઠો-૨

| ક્રમ | જિલ્લો | જિલ્લામાં કુલ અનુસૂચિત જનજાતિની વસ્તી | જિલ્લાની કુલ વસ્તીમાં અનુસૂચિત જનજાતિના ટકા |
|---|---|---|---|
| ૧. | ડાંગ | ૮૮૦૨૮ | ૯૩.૪૬ |
| ૨. | વલસાડ | ૭૭૬૨૧૫ | ૫૪.૩૩ |
| ૩. | સુરત | ૮૨૭૬૮૨ | ૪૬.૩૨ |
| ૪. | ભરૂચ | ૪૮૬૯૦૧ | ૪૩.૮૮ |
| ૫. | પંચમહાલ | ૭૧૨૭૧૩ | ૩૮.૫૫ |
| ૬. | વડોદરા | ૪૭૩૧૧૭ | ૨૩.૮૯ |
| ૭. | સાબરકાંઠા | ૧૭૮૮૦૪ | ૧૫.૦૬ |
| ૮. | બનાસકાંઠા | ૭૭૭૫૮ | ૬.૧૫ |
| ૯. | કચ્છ-ભૂજ | ૪૦૩૮૧ | ૪.૭૫ |
| ૧૦. | ખેડા | ૨૫૨૭૫ | ૧.૦૩ |
| ૧૧. | અમદાવાદ | ૨૦૯૯૮ | ૦.૭૨ |
| ૧૨. | સુરેન્દ્રનગર | ૪૮૧૨ | ૦.૫૭ |
| ૧૩. | જૂનાગઢ | ૮૩૦૫ | ૦.૫૦ |
| ૧૪. | મહેસાણા | ૯૧૩૬ | ૦.૪૪ |
| ૧૫. | જામનગર | ૨૭૧૧ | ૦.૨૪ |
| ૧૬. | ગાંધીનગર | ૪૦૬ | ૦.૨૦ |
| ૧૭. | રાજકોટ | ૬૭૭ | ૦.૦૪ |
| ૧૮. | અમરેલી | ૩૨૧ | ૦.૦૪ |
| ૧૯. | ભાવનગર | ૧૮૨ | ૦.૦૧ |
| | કુલ | ૩૭૩૪૪૨૨ | ૧૩.૯૯ |

ઉપરના કોઠાઓમાં બતાવેલા જિલ્લાઓની પ્રાથમિક શાળાઓમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના શિક્ષકોનું કુલ શિક્ષકોમાં કેટલું પ્રમાણ છે તે જોઈએ. અમે મોકલેલા પ્રશ્નોના જ ઉત્તરો આવ્યા છે તેના પરથી આ મળી શકે. અહીં એટલું કહેવું જોઈએ કે અમે ૧૯ એટલે બધા જિલ્લાઓમાં પ્રશ્નો મોકલ્યાં હતાં. પરંતુ જેમાંથી ૮ જિલ્લાઓમાંથી જવાબ મળ્યા ન હતા. એટલે નીચેનાં તારણો ૧૧ જિલ્લાઓને જ લાગુ પાડી શકે. (જો કે ગુજરાત રાજ્યની એક સામાન્યીકૃત છબી જેમાંથી ઉપસે છે તો ખરી જ) નીચેના કોઠામાં સંસ્થામાં કામ કરતા કુલ કર્મચારીઓની સંખ્યા (પુરુષ તથા સ્ત્રીની અલગ અલગ પણ)આપી છે. અને એ સંસ્થામાં કુલ હરિજન કર્મચારી (પુરુષ અને સ્ત્રીની અલગ અલગ)ની સંખ્યા કેટલી છે તે આપવામાં આવી છે.

કોઠો-૩

| ક્રમ | જિલ્લો | જિલ્લાની કુલ વસ્તીમાં અનુસૂચિત જાતિની ટકાવારી | સંસ્થામાં કુલ કર્મચારીઓ | | | સંસ્થામાં કુલ અનુસૂચિત જાતિના કર્મચારીઓ | | | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧. | અમદાવાદ[X] | ૧૦.૯૩ | - | - | - | - | - | - | - |
| ૨. | ખેડા[X] | ૬.૦૫ | - | - | - | - | - | - | - |
| ૩. | વડોદરા | ૫.૮૦ | ૪૦૩૪ | ૧૩૮૮ | ૫૪૨૨ | ૯૧૦ | ૧૩૬ | ૧૦૪૬ | ૧૯.૩ |
| ૪. | ભરૂચ | ૪.૮૨ | ૩૫૭૩ | ૧૦૫૭ | ૪૬૩૦ | ૩૫૮ | ૮૨ | ૪૪૦ | ૯.૫ |
| ૫. | સુરત[X] | ૩.૫૬ | - | - | - | - | - | - | - |
| ૬. | વલસાડ[X] | ૩.૦૧ | - | - | - | - | - | - | - |
| ૭. | ડાંગ | ૦.૩૬ | ૪૭૧ | ૧૪૫ | ૬૧૨ | ૧૧ | ૨ | ૧૩ | ૨.૧ |
| ૮. | પંચમહાલ[X] | ૩.૬૮ | - | - | - | - | - | - | - |
| ૯. | ગાંધીનગર[X] | ૬.૫૫ | - | - | - | - | - | - | - |
| ૧૦. | સાબરકાંઠા[X] | ૬.૬૦ | - | - | - | - | - | - | - |
| ૧૧. | બનાસકાંઠા | ૯.૮૫ | ૩૧૯૦ | ૪૩૧ | ૩૬૨૧ | ૭૭૨ | ૫૬ | ૮૨૮ | ૨૨.૯ |
| ૧૨. | મહેસાણા | ૮.૯૬ | ૫૫૭૬ | ૨૦૮૧ | ૭૬૫૭ | ૧૦૮૨ | ૫૮૪ | ૧૬૬૬ | ૨૧.૮ |
| ૧૩. | અમરેલી[X] | ૭.૪૬ | - | - | - | - | - | - | - |
| ૧૪. | જૂનાગઢ | ૭.૩૯ | ૪૬૬૫ | ૧૩૩૯ | ૬૦૦૪ | ૨૧૮ | ૪૭ | ૨૬૫ | ૪.૪ |
| ૧૫. | જામનગર | ૬.૪૮ | ૨૬૧૮ | ૧૨૧૭ | ૩૮૩૫ | ૧૫૬ | ૨૮ | ૧૮૪ | ૪.૮ |
| ૧૬. | ભાવનગર | ૪.૫૧ | ૨૯૪૩ | ૧૧૬૯ | ૪૧૧૨ | ૧૪૨ | ૩૩ | ૧૭૫ | ૪.૩ |
| ૧૭. | રાજકોટ | ૬.૧૧ | ૩૩૪૯ | ૧૫૭૩ | ૪૯૨૨ | ૧૨૭ | ૩૫ | ૧૬૨ | ૩.૩ |
| ૧૮. | સુરેન્દ્રનગર | ૧૦.૩૯ | ૧૯૨૦ | ૯૦૫ | ૨૮૨૫ | ૧૭૬ | ૪૪ | ૨૨૦ | ૭.૮ |
| ૧૯. | કચ્છ | ૯.૪૪ | ૧૨૨૫ | ૮૪૧ | ૨૦૬૬ | ૧૯૩ | ૧૩ | ૨૦૬ | ૯.૯ |
| | કુલ | ૬.૮૪ | ૩૩૫૬૪ | ૧૨૧૪૬ | ૪૫૭૧૦ | ૪૧૪૫ | ૧૦૬૦ | ૫૨૦૫ | ૧૧.૪ |

X જે જિલ્લાના પ્રપત્રો નથી આવ્યાં તે જિલ્લાઓ



એવી જ રીતે નીચેના કોઠામાં જિલ્લાવાર સંસ્થાના કુલ શિક્ષકો તથા તેમાં અનુસૂચિત જનજાતિના શિક્ષકોની સંખ્યા કેટલી છે તે આપવામાં આવી છે. (પુરુષ અને સ્ત્રીની સંખ્યા પણ અલગ અલગ બતાવી છે.)

કોઠો-૪

| ક્રમ | જિલ્લો | જિલ્લામાં કુલ અનુસૂચિત જનજાતિની ટકાવારી | સંસ્થામાં કુલ કર્મચારીઓની સંખ્યા | | | સંસ્થામાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ | | | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | |
| ૧. | અમદાવાદ[X] | ૦.૭૨ | - | - | - | - | - | - | - |
| ૨. | ખેડા[X] | ૧.૦૩ | - | - | - | - | - | - | - |
| ૩. | વડોદરા | ૨૩.૮૯ | ૪૦૩૪ | ૧૩૮૮ | ૫૪૨૨ | ૬૫૦ | ૧૨૪ | ૭૭૪ | ૧૩.૫ |
| ૪. | ભરૂચ | ૪૩.૮૮ | ૩૫૭૩ | ૧૦૫૭ | ૪૬૩૦ | ૫૫૦ | ૧૦૬ | ૬૫૬ | ૧૪.૨ |
| ૫. | સુરત[X] | ૪૬.૩૨ | - | - | - | - | - | - | - |
| ૬. | વલસાડ[X] | ૫૪.૩૩ | - | - | - | - | - | - | - |
| ૭. | ડાંગ | ૯૩.૪૫ | ૪૭૧ | ૧૪૫ | ૬૧૬ | ૪૦૦ | ૧૨૮ | ૫૨૮ | ૮૫.૭ |
| ૮. | પંચમહાલ[X] | ૩૮.૫૫ | - | - | - | - | - | - | - |
| ૯. | ગાંધીનગર[X] | ૦૨.૨૦ | - | - | - | - | - | - | - |
| ૧૦. | સાબરકાંઠા[X] | ૧૫.૦૬ | - | - | - | - | - | - | - |
| ૧૧. | બનાસકાંઠા | ૬.૧૫ | ૩૧૯૦ | ૪૩૧ | ૩૬૨૧ | ૪૦ | ૫ | ૪૫ | ૧.૨ |
| ૧૨. | મહેસાણા | ૦.૪૪ | ૫૫૭૬ | ૨૦૮૧ | ૭૬૫૭ | - | - | - | - |
| ૧૩. | અમરેલી[X] | ૦.૮૪ | - | - | - | - | - | - | - |
| ૧૪. | જૂનાગઢ | ૦.૫૦ | ૪૬૬૫ | ૧૩૩૯ | ૬૦૦૪ | ૨૪ | ૨ | ૨૬ | ૦.૪૩ |
| ૧૫. | જામનગર | ૦.૨૪ | ૨૬૧૮ | ૧૨૧૭ | ૩૮૩૫ | - | ૧ | ૧ | ૦.૦૩ |
| ૧૬. | ભાવનગર | ૦.૦૧ | ૨૯૪૩ | ૧૧૬૯ | ૪૧૧૨ | ૧ | ૧ | ૨ | ૦.૦૫ |
| ૧૭. | રાજકોટ | ૦.૦૪ | ૩૩૪૯ | ૧૫૭૩ | ૪૯૨૨ | ૧ | - | ૧ | ૦.૦૨ |
| ૧૮. | સુરેન્દ્રનગર | ૦.૫૭ | ૧૯૨૦ | ૯૦૫ | ૨૮૨૫ | - | - | - | - |
| ૧૯. | કચ્છ | ૪.૭૫ | ૧૨૨૫ | ૮૪૧ | ૨૦૬૬ | ૧૨ | ૧ | ૧૩ | ૦.૬૩ |
| | કુલ | ૧૩.૯૯ | ૩૩૫૬૪ | ૧૨૧૪૬ | ૪૫૭૧૦ | ૧૬૭૮ | ૩૬૮ | ૨૦૪૬ | ૪.૫ |

X જે જિલ્લાઓના પ્રપત્રો નથી આવ્યાં તે જિલ્લાઓ

બન્ને કોઠાઓ મેળવી દઈએ તો કુલ શિક્ષકો અને તેમાંથી અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિની સંખ્યા તથા ટકાવારી નીચેના કોઠામાં બતાવ્યા પ્રમાણે છે.

કોઠો-૫

| સંસ્થામાં કુલ કર્મચારીઓ | | | સંસ્થામાં કુલ અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ | | | સંસ્થામાં કુલ અનુસૂચિત જાતિના કર્મચારીઓ | | |
|---|---|---|---|---|---|---|---|---|
| પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૩૩૫૬૪ | ૧૨૧૪૬ | ૪૫૭૧૦ | ૧૬૭૮ | ૩૬૮ | ૨૦૪૬ | ૪૧૪૫ | ૧૦૬૦ | ૫૨૦૫ |

એનો અર્થ એ થયો કે ગુજરાત રાજ્યના જે ૧૬ જિલ્લાના ઉત્તરો આવ્યા છે તેમાં અનુસૂચિત જાતિના માત્ર ૧૧.૪ ટકા અને અનુસૂચિત જનજાતિના માત્ર ૪.૫ ટકા કર્મચારીઓ છે. આમાં પણ કુલ સ્ત્રી શિક્ષિકાઓ (૧૨૧૪૬)માંથી અનુસૂચિત જાતિની શિક્ષિકાઓ કુલ ૧૦૬૦ એટલે કે ૮.૭ ટકા અને અનુસૂચિત જનજાતિની માત્ર ૩૬૮ એટલે ૩.૦ ટકા શિક્ષિકાઓ છે.

ગ્રામ વિસ્તારમાં શિક્ષકોમાં અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના શિક્ષકોનું કુલ શિક્ષકોમાં પ્રમાણ જોયા પછી શહેરોમાં આ પ્રમાણ કેટલું છે તે જોવું પણ રુચિકર થઈ પડશે. એમ અઢાર ૫ જિલ્લાની (ડાંગમાં નગરપાલિકા નથી) ૫૪ નગરપાલિકાઓને પ્રશ્નો મોકલ્યાં હતાં. આમાંથી વડોદરા, સુરત, ગાંધીનગર, સાબરકાંઠા, બનાસકાંઠા અને અમરેલીમાંથી બિલકુલ જવાબ નહોતા આવ્યા. ૧૨ જિલ્લાઓમાંથી ૧૬ નગરપાલિકા અને પંચાયતોના જવાબ આવ્યા હતા. એટલે જે છબી ઉપસે છે તે આ બાર જિલ્લાઓને લાગુ પડે છે. (જો કે એમાંથી પૂરા ગુજરાતનું કાંઈક ઝાંખુ એવું દર્શન તો થાય છે જ.)

ઉપરાંત ૧૬ નગરપાલિકામાં ચાલતી પ્રાથમિક શાળાઓમાં કુલ શિક્ષકો તથા તેમાં અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના શિક્ષકોની સંખ્યા તથા ટકાવારી નીચેના કોઠામાં આપી છે. એ ઉપરથી જણાય છે કે અનુસૂચિત જાતિના માત્ર ૧૪.૭ ટકા જ નગરપાલિકાઓમાં શિક્ષકો તરીકે કામ કરે છે. તેમાં આ જાતિઓની સ્ત્રી શિક્ષિકાઓનું પ્રમાણ કાંઈક સારું છે. જ્યારે અનુસૂચિત જનજાતિના શિક્ષકોનું પ્રમાણ ૧.૯ ટકાનું જ છે.



નગરપાલિકા હસ્તકની પ્રાથમિક શાળાઓમાં કામ કરતા **પછાતવર્ગના** શિક્ષકોનું પ્રમાણ

કોઠો-૬

| | સંસ્થામાં કુલ શિક્ષકો | | | સંસ્થામાં કુલ અનુસૂચિત જનજાતિના શિક્ષકો | | | સંસ્થામાં કુલ અનુસૂચિત જાતિના શિક્ષકો | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| | ૧૩૯૯ | ૨૦૧૪ | ૮૧૮૨ | ૭૧ | ૯૦ | ૧૬૧ | ૪૯૨ | ૭૧૩ | ૧૨૦૫ |
| ટકા | | | ૧૦૦.૦ | | | ૧.૯ | | | ૧૪.૭ |

ઉપરના સમગ્ર કોઠાનું જિલ્લાવાર પૃથક્કરણ કરીએ તો આ હકીકતમાં વધુ ઊંડાણથી જાણકારી મળે છે. નીચેના બે કોઠામાંથી એ ખબર પડશે કે આ સામાન્યીકૃત પ્રમાણ જિલ્લાવાર કેવી રીતે વહેંચાયેલું છે અને ક્યાં (સામાન્યીકૃત પ્રમાણથી) વધુ છે અને ક્યાં ઓછું છે. જિલ્લાઓની નગર પંચાયતોમાં(કોઠો-૭) (કોઠો-૮) અનુસૂચિતજાતિ તથા અનુસૂચિત જનજાતિના શિક્ષકોની સંખ્યા તથા ટકાવારી દર્શાવી છે.

કોઠ -૭

| ક્રમ | જિલ્લો | સંસ્થામાં કુલ કર્મચારીઓ | | | સંસ્થામાં કુલ અનુસૂચિત જાતિના કર્મચારીઓ | | | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | |
| ૧. | અમદાવાદ[x] | - | - | ૪૭૬૯ | ૨૭૮ | ૪૮૮ | ૭૬૬ | ૧૬.૧ |
| ૨. | રાજકોટ | ૩૬૮ | ૮૦૪ | ૧૧૭૨ | ૧૧ | ૧૧ | ૨૨ | ૧.૯ |
| ૩. | વડોદરા | ૧૩૯ | ૨૨૧ | ૩૬૦ | ૬૭ | ૭૪ | ૧૪૧ | ૩૯.૨ |
| ૪. | જૂનાગઢ | ૨૫૯ | ૭૮ | ૩૩૭ | ૬ | ૩ | ૯ | ૨.૭ |
| ૫. | સુરત | ૧૩૪ | ૧૭૩ | ૩૦૭ | ૮૩ | ૧૦૨ | ૧૮૫ | ૬૦.૩ |
| ૬. | ભાવનગર | ૧૪૨ | ૧૧૩ | ૨૫૫ | ૫ | ૨ | ૭ | ૨.૮ |
| ૭. | વલસાડ | ૯૯ | ૧૫૧ | ૨૫૦ | ૧૨ | ૧૨ | ૨૪ | ૯.૬ |
| ૮. | મહેસાણા | ૧૦૯ | ૧૦૨ | ૨૧૧ | ૧૩ | ૧૧ | ૨૪ | ૧૧.૪ |
| ૯. | અમરેલી | ૨૭ | ૧૨૭ | ૧૫૪ | ૪ | ૭ | ૧૧ | ૭.૧ |
| ૧૦. | ખેડા | ૪૯ | ૯૯ | ૧૪૮ | ૩ | ૨ | ૫ | ૩.૪ |
| ૧૧. | ભરૂચ | ૪૩ | ૬૭ | ૧૧૦ | ૪ | ૧ | ૫ | ૪.૬ |
| ૧૨. | સુરેન્દ્રનગર | ૩૦ | ૭૯ | ૧૦૯ | ૬ | - | ૬ | ૫.૫ |
| | કુલ | ૧૩૯૯ | ૨૦૧૪ | ૮૧૮૨ | ૪૯૨ | ૭૧૩ | ૧૨૦૫ | ૧૪.૭ |

x અમદાવાદ મહાનગરપાલિકામાંથી આવેલ માહિતીમાં માત્ર કુલ સંખ્યા જ દર્શાવેલી છે. સ્ત્રી-પુરુષ કર્મચારીઓની અલગ અલગ સંખ્યા દર્શાવેલ નથી.

કોઠો-૮

| ક્રમ | જિલ્લો | સંસ્થામાં કુલ શિક્ષકો | | | સંસ્થામાં કુલ અનુસૂચિત જનજાતિના શિક્ષકો | | | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | |
| ૧. | અમદાવાદ | - | - | ૪૭૬૯ | ૧ | ૩ | ૪ | ૦.૧ |
| ૨. | રાજકોટ | ૩૬૮ | ૮૦૪ | ૧૧૭૨ | - | - | - | - |
| ૩. | વડોદરા | ૧૩૯ | ૨૨૧ | ૩૬૦ | ૩ | ૮ | ૧૧ | ૩.૧ |
| ૪. | જૂનાગઢ | ૨૫૯ | ૭૮ | ૩૩૭ | - | - | - | - |
| ૫. | સુરત | ૧૩૪ | ૧૭૩ | ૩૦૭ | ૫૧ | ૭૧ | ૧૨૨ | ૩૯.૭ |
| ૬. | ભાવનગર | ૧૪૨ | ૧૧૩ | ૨૫૫ | - | - | - | - |
| ૭. | વલસાડ | ૯૯ | ૧૫૧ | ૨૫૦ | ૧૨ | ૮ | ૨૦ | ૮.૦ |
| ૮. | મહેસાણા | ૧૦૯ | ૧૦૨ | ૨૧૧ | - | - | - | - |
| ૯. | અમરેલી | ૨૭ | ૧૨૭ | ૧૫૪ | - | - | - | - |
| ૧૦. | ખેડા | ૪૯ | ૯૯ | ૧૪૮ | - | - | - | - |
| ૧૧. | ભરૂચ | ૪૩ | ૬૭ | ૧૧૦ | ૪ | - | ૪ | ૩.૬ |
| ૧૨. | સુરેન્દ્રનગર | ૩૦ | ૭૯ | ૧૦૯ | - | - | - | - |
| | કુલ | ૧૩૯૯ | ૨૦૧૪ | ૮૧૮૨ | ૭૧ | ૯૦ | ૧૬૧ | ૧.૯ |

નગરપાલિકાઓના આ અનુસૂચિત જાતિના પ્રાથમિક શિક્ષકોનું જ્ઞાતિવાર વિભાજન નીચેના કોઠામાં બતાવવામાં આવ્યુ છે. કુલ ૧૨૦૫ શિક્ષકોમાંથી ૭૨૩ (૬૦%) હરિજન છે. ૨૮૮ (૨૩.૯%) વણકર, ૧૦૮ (૮.૯%) માહયાવંશી, ૭૪ (૬.૨%) રોહિત અને ૧૨ (૧.૦%) ભંગી છે. આ લગભગ બધી જ પેટા જ્ઞાતિઓમાં સ્ત્રી શિક્ષિકાઓની સંખ્યા પુરુષ શિક્ષકો કરતાં વધુ છે.



કોઠો-૯

નગરપાલિકાઓમાં જ્ઞાતિવાર અનુસૂચિત જાતિના શિક્ષકોનું પ્રમાણ

| જાતિ | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|
| વણકર | ૧૩૦ | ૧૫૮ | ૨૮૮ | ૨૩.૯ |
| રોહિત | ૩૪ | ૪૦ | ૭૪ | ૬.૨ |
| ભંગી | ૯ | ૩ | ૧૨ | ૧.૦ |
| માહયાવંશી | ૪૨ | ૬૬ | ૧૦૮ | ૮.૯ |
| હરિજન | ૨૭૭ | ૪૪૬ | ૭૨૩ | ૬૦.૦ |
| કુલ | ૪૯૨ | ૭૧૩ | ૧૨૦૫ | ૧૦૦.૦૦ |

તેવી રીતે અનુસૂચિત જનજાતિના શિક્ષકોને જાતિવાર નીચેના કોઠા પરથી વિભાજી શકીએ અને જાણી શકીએ કે કઇ જનજાતિના લોકો આ વ્યવસાયમાં વધુ આવવા લાગ્યા છે. કુલ ૧૬૧ વ્યક્તિઓમાંથી ૧૧ જણાએ પોતાની જાતિ બતાવી ન હતી. બાકીના ૧૫૦ જણમાંથી ૭૨ (૪૪.૭%) ધોડિયા, ૩૨ (૧૯.૯%) હળપતિ, ૨૭ (૧૬.૮%) ચૌધરી, ૮ (૪.૯%) ગામીત, ૪(૨.૫%) નાયકા, ૨ (૧.૨%) ભીલ અને ૧- ૧ ગરાસિયા તથા કોટવાળિયા હતા.

કોઠો-૧૦

| જાતિ | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|
| ધોડિયા | ૩૬ | ૩૬ | ૭૨ | ૪૪.૭ |
| ચૌધરી | ૧૦ | ૧૭ | ૨૭ | ૧૬.૮ |
| ગરાસિયા | ૧ | - | ૧ | ૦.૬ |
| ભીલ | ૨ | - | ૨ | ૧.૨ |
| હળપતિ | ૧૦ | ૨૨ | ૩૨ | ૧૯.૯ |
| વસાવા | ૩ | - | ૩ | ૧.૯ |
| નાયક નાયકા | ૪ | - | ૪ | ૨.૫ |
| ગામીત | ૨ | ૬ | ૮ | ૪.૯ |
| કોટવાળિયા | - | ૧ | ૧ | ૦.૬ |
| જાતિ ન બતાવી હોય તેવા | ૩ | ૮ | ૧૧ | ૬.૯ |
| કુલ | ૭૧ | ૯૦ | ૧૬૧ | ૧૦૦.૦૦ |

નગરપાલિકાના આ અનુસૂચિત જાતિના શિક્ષકોની શૈક્ષણિક લાયકાત જોતાં એમાંથી ૪૬.૬% પ્રાથમિક શાળાંત, પી.ટી.સી., ૩૩.૫% એસ.એસ.સી. પી.ટી.સી. જુનિયર, ૧૭.૯%, બી.એ.૧.૭% બી.એડ, અને ૩ અનુસ્નાતક છે. કુલ સંખ્યા નીચેના કોઠામાં (પુરુષ સ્ત્રીની અલગ અલગ પણ બતાવી છે)

કોઠો-૧૧

શૈક્ષણિક લાયકાત ધરાવતા અનુસૂચિત જાતિના કર્મચારીઓ

| શૈક્ષણિક લાયકાત | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|
| પ્રાથમિક શાળાંત, પી.ટી.સી. સિનિયર | ૧૯૩ | ૩૬૯ | ૫૬૨ | ૪૬.૬ |
| એસ.એસ.સી.,પી.ટી.સી. જુનિયર | ૨૫૧ | ૧૫૩ | ૪૦૪ | ૩૩.૫ |
| સ્નાતક બી.એ. | ૩૭ | ૧૭૯ | ૨૧૬ | ૧૭.૯ |
| બી.એડ. | ૯ | ૧૧ | ૨૦ | ૧.૭ |
| અનુસ્નાતક | ૨ | ૧ | ૩ | ૦.૩ |
| કુલ | ૪૯૨ | ૭૧૩ | ૧૨૦૫ | ૧૦૦.૦૦ |

લગભગ એવું જ ચિત્ર અનુસૂચિત જનજાતિના શિક્ષકોની લાયકાત વિષે છે. (કોઠા નં. ૧૨) ૧૬૧ માંથી ૫૯% પ્રાથમિક શાળાંત, પી.ટી.સી., સિનિયર,૩૧.૧% એસ.એસ.સી., પી.ટી.સી. જુનિયર, ૩.૭% બી.એ. અને ૬.૨% બી.એડ. છે. એમનામાં કોઇ અનુસ્નાતક નથી.

કોઠો-૧૨

શૈક્ષણિક લાયકાત ધરાવતા અનુસૂચિત જનજાતિના શિક્ષકો

| શૈક્ષણિક લાયકાત | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|
| પ્રાથમિક શાળાંત, પી.ટી.સી. સિનિયર | ૩૩ | ૬૨ | ૯૫ | ૫૯.૦ |
| એસ.એસ.સી. પી.ટી.સી. જુનિયર | ૩૦ | ૨૦ | ૫૦ | ૩૧.૧ |
| સ્નાતક બી.એ. | ૪ | ૨ | ૬ | ૩.૭ |
| બી.એડ. | ૪ | ૬ | ૧૦ | ૬.૨ |
| અનુસ્નાતક | - | - | - | - |
| કુલ | ૭૧ | ૯૦ | ૧૬૧ | ૧૦૦.૦૦ |



આમાંના અનુસૂચિત જાતિના શિક્ષકો કેટલા વર્ષથી નગર પંચાયતમાંની પ્રાથમિક શાળાઓમાં કામ કરે છે તે માટે નીચેનો કોઠો જુઓ.

કોઠો-૧૩

અનુસૂચિત જાતિના કર્મચારીઓનું નોકરીના વર્ષનું પ્રમાણ

| નોકરીનાં વર્ષ | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|
| એક વર્ષની અંદર | ૯ | ૫૨ | ૬૧ | ૫.૧ |
| એક વર્ષથી ૨ વર્ષ | ૧૦ | ૩૭ | ૪૭ | ૩.૯ |
| બે થી પાંચ વર્ષ | ૨૬ | ૧૦૧ | ૧૨૭ | ૧૦.૫ |
| પાંચથી દસ વર્ષ | ૬૬ | ૧૨૫ | ૧૯૧ | ૧૫.૯ |
| દસથી પંદર વર્ષ | ૧૨૫ | ૧૬૪ | ૨૮૯ | ૨૩.૯ |
| પંદર વર્ષથી ઉપર | ૨૫૬ | ૨૩૪ | ૪૯૦ | ૪૦.૭ |
| કુલ | ૪૯૨ | ૭૧૩ | ૧૨૦૫ | ૧૦૦.૦૦ |

આ ઉપરથી એમ તારવી શકાય કે ૧૨૦૫ શિક્ષકોમાંથી ૪૯૦ (૪૦.૭%) પંદર વર્ષ અથવા તેથી વધુ વર્ષ પહેલાથી કામ કરે છે. ૨૮૯ (૨૩.૯%) દસથી પંદર વર્ષથી, ૧૯૧ (૧૫.૯%) પાંચથી દસ વર્ષથી, ૧૨૭ (૧૦.૫%) બેથી પાંચ વર્ષથી, ૪૭ (૩.૯%) એકથી બે વર્ષથી અને ૬૧ (૫.૧%) એક વર્ષથી અંદરની નોકરીવાળા છે. એમાંથી એ પણ જોવાનું મળે છે કે નગરપાલિકાઓની પ્રાથમિક શાળાઓમાં અનુસૂચિત જાતિના શિક્ષકો પહેલાં જેટલા નોકરીમાં દાખલ થયા હતા તેમાં ધીરે ધીરે ઘટાડો થતો જાય છે. એમને બીજાં ક્ષેત્રોમાં નોકરીઓ ઉપલબ્ધ થતી ગઇ હશે.

ઉપર મુજબ અનુસૂચિત જનજાતિના શિક્ષકોની હકીકત નીચેના કોઠા પરથી સ્પષ્ટ થઇ જાય છે.

કોઠો-૧૪

અનુસૂચિત જનજાતિના શિક્ષકોનાં નોકરીનાં વર્ષ

| નોકરીનાં વર્ષ | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|
| એક વર્ષની અંદર | ૯ | ૫ | ૧૪ | ૮.૭ |
| એકથી બે વર્ષ | ૬ | ૧૦ | ૧૬ | ૯.૯ |
| બેથી પાંચ વર્ષ | ૨૦ | ૩૬ | ૫૬ | ૩૪.૮ |
| પાંચથી દસ વર્ષ | ૧૨ | ૨૩ | ૩૫ | ૨૧.૮ |
| દસથી પંદર વર્ષ | ૧૩ | ૨ | ૧૫ | ૯.૩ |
| પંદર વર્ષથી ઉપર | ૧૧ | ૧૪ | ૨૫ | ૧૫.૫ |
| કુલ | ૭૧ | ૯૦ | ૧૬૧ | ૧૦૦.૦૦ |

અહીં પણ ૧૬૧ શિક્ષકોમાંથી ૨૫ (૧૫.૫%) પંદર વર્ષથી ઉપરની નોકરીવાળા છે. ૧૫ (૯.૩%) દસથી પંદર વર્ષ, ૩૫ (૨૧.૮%) પાંચથી દસ વર્ષ, ૫૬ (૩૪.૮%) બેથી પાંચ વર્ષ અને ૧૬ (૯.૯%) એકથી બે વર્ષની નોકરીવાળા છે. ૧૪ (૮.૭%) શિક્ષકો એક વર્ષની અંદરની નોકરીવાળા છે. નગરપાલિકાઓની પ્રાથમિક શાળાઓમાં જેમ જેમ વર્ષ જતાં ગયાં તેમ તેમ એમની પણ ભરતી ઓછી થતી જાય છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ બંને સમૂહોમાં આ ઝોક દેખાઇ આવે છે. એનાં કારણો અવશ્ય જાણવા જેવાં લાગે છે.

# પ્રકરણ - ૩

## માધ્યમિક શાળાઓમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના શિક્ષકો અને બીજા

પ્રાથમિક શાળાઓમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના શિક્ષકોનું પ્રમાણ જોયા પછી માધ્યમિક શાળાઓમાં એનું તથા એ સમુદાયોના બીજા કાર્યકરોનું પ્રમાણ જોઇએ. આ સમસ્યાના અધ્યયન માટે અમે ગુજરાત રાજ્યના માત્ર આઠ જ આદિવાસી બહુજન જિલ્લાઓ લીધા હતા. એમાં પ્રત્યેકમાં કુલ વસ્તીમાં અનુસૂચિત જનજાતિની વસ્તી (૧૯૭૧ ની વસ્તી ગણતરી પ્રમાણે) ૧૫ ટકાથી વધુ હતી. નીચેના કોઠામાં એ સ્પષ્ટ થાય છે.

કોઠો-૧

| ક્રમ | જિલ્લો | કુલ વસ્તી | અનુસૂચિત જનજાતિની વસ્તી | અનુસૂચિત જનજાતિના કુલ વસ્તીમાં ટકા | અનુસૂચિત જાતિની વસ્તી | અનુસૂચિત જાતિના કુલ વસ્તીમાં ટકા |
|---|---|---|---|---|---|---|
| ૧. | ડાંગ | ૯૪૧૮૫ | ૮૮૦૨૮ | ૯૩.૪૬ | ૩૪૨ | ૦.૩૬ |
| ૨. | વલસાડ | ૧૪૨૮૭૪૨ | ૭૭૬૨૧૫ | ૫૪.૩૩ | ૪૨૯૫૩ | ૩.૦૧ |
| ૩. | સુરત | ૧૭૮૬૯૨૪ | ૮૨૭૬૮૨ | ૪૬.૩૨ | ૬૩૫૫૮ | ૩.૫૬ |
| ૪. | ભરૂચ | ૫૪૦૫૭૫ | ૪૮૬૯૦૧ | ૪૩.૮૮ | ૫૩૪૩૨ | ૪.૮૨ |
| ૫. | પંચમહાલ | ૧૮૪૮૮૦૪ | ૭૧૨૭૧૩ | ૩૮.૫૫ | ૬૮૦૨૨ | ૩.૬૮ |
| ૬. | વડોદરા | ૧૯૮૦૦૬૫ | ૪૭૩૧૧૭ | ૨૩.૮૯ | ૧૧૪૮૩૭ | ૫.૮૦ |
| ૭. | સાબરકાંઠા | ૧૧૮૭૬૩૭ | ૧૭૮૮૦૪ | ૧૫.૦૬ | ૧૦૨૧૫૮ | ૮.૬૦ |

ઉપરોક્ત જિલ્લાઓમાં માધ્યમિક શાળાઓની તપાસ કરવામાં આવી હતી. જે શાળાઓમાંથી અમારાં પ્રપત્રો બરાબર આવ્યાં હતાં તેનું વિવરણ નીચેના કોઠામાં આપ્યું છે. કુલ કર્મચારીઓમાં આચાર્ય, ઉપાચાર્ય, મદદનીશ શિક્ષકો, કારકુન, પટાવાળા, પાણીવાળા અને ચોકીદાર વગેરેનો સમાવેશ કરાયો છે.

કોઠો-૨

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | પ્રશ્નો મોકલનાર શાળાઓની સંખ્યા | કુલ કર્મચારી પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ડાંગ | ૧ | ૧ | ૧૬ | ૫ | ૨૧ |
| ૨. | વલસાડ | ૮ | ૧૧૪ | ૧૭૪૧ | ૩૯૦ | ૨૧૩૧ |
| ૩. | સુરત | ૧૩ | ૧૧૮ | ૧૬૫૪ | ૩૫૯ | ૨૦૧૩ |
| ૪. | ભરૂચ | ૧૧ | ૧૦૯ | ૧૩૨૬ | ૧૯૮ | ૧૫૨૪ |
| ૫. | પંચમહાલ | ૧૧ | ૧૨૧ | ૧૬૨૮ | ૧૩૩ | ૧૭૬૧ |
| ૬. | વડોદરા | ૧૩ | ૧૫૫ | ૨૦૮૧ | ૪૦૬ | ૨૪૮૭ |
| ૭. | સાબરકાંઠા | ૧૦ | ૧૫૦ | ૧૮૫૦ | ૧૦૫ | ૧૯૫૫ |
| કુલ | ૭ | ૬૭ | ૭૬૮ | ૧૦૨૯૬ | ૧૫૯૬ | ૧૧૮૯૨ |

ઉપરના કોઠામાં જિલ્લાવાર કુલ કર્મચારીઓની સંખ્યા બતાવી છે. હવે એમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કર્મચારીઓની સંખ્યા તથા ટકાવારી કોઠા નં. ૩ પ્રમાણે જોઇએ.



પટાવાળાઓમાં [illegible] વધુ છે. (લગભગ [illegible] અને [illegible]) જેવા ઉપરના હોદ્દાઓમાં ઝાઝા કર્મચારી નથી. ઉદા. એમનામાંથી આચાર્ય તો માત્ર ૦.૪૧ અને ૨.૯૦ ટકા છે.)

હવે આ બધા કર્મચારીઓને જિલ્લાવાર તપાસીએ. એને માટે આચાર્યથી શરૂ કરીએ. કુલ આચાર્યોમાં અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના આચાર્યોની સંખ્યા/ ટકાવારી નીચેના કોઠામાં દર્શાવવામાં આવી છે એમાંથી જણાઇ આવે છે કે ડાંગમાં એક પણ અનુસૂચિત જનજાતિના આચાર્ય નથી. વડોદરામાં ૧ (૦.૬૫%) ભરૂચમાં માત્ર ૨ (૧.૮૫%), વલસાડ અને સુરતમાં લગભગ ૧૧ ટકા જેટલા આચાર્યો અનુસૂચિત જનજાતિના છે. અનુસૂચિત જાતિના તો ડાંગ, વલસાડ, સુરત, ભરૂચ, વડોદરા અને સાબરકાંઠામાં એક પણ આચાર્ય નથી. માત્ર પંચમહાલમાં ૧ છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૬. વડોદરા | ૪૭ | - | - | - | - | - |
| ૭. સાબરકાંઠા | ૩૩ | ૩ | - | ૯.૦૯ | - | - |
| કુલ | ૨૦૨ | ૧૧ | - | ૫.૪૫ | - | - |

## કોઠો-૩

| ક્રમ | જિલ્લો | અનુસૂચિત જનજાતિના કુલ કર્મચારીઓ | | | કુલ કર્મચારીઓમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓના ટકા | | | અનુસૂચિત જાતિના કુલ કર્મચારીઓ | | | કુલ કર્મચારીઓમાં અનુસૂચિત જાતિના કર્મચારીઓના ટકા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૧. | ડાંગ | ૦૦૩ | ૦૦૨ | ૦૦૫ | ૧૮.૭૫ | ૪૦.૦૦ | ૨૩.૮૦ | ૦૦૦ | ૦૦૧ | ૦૦૧ | - | ૨૦.૦૦ | ૪.૭૬ |
| ૨. | વલસાડ | ૪૧૧ | ૩૬ | ૪૪૭ | ૨૩.૬૧ | ૯.૨૩ | ૨૦.૯૮ | ૧૭ | ૭ | ૨૪ | ૦.૯૮ | ૧.૭૯ | ૧.૧૩ |
| ૩. | સુરત | ૩૫૭ | ૪૪ | ૪૦૧ | ૨૧.૫૮ | ૧૨.૨૬ | ૧૯.૯૨ | ૪૦ | ૬ | ૪૬ | ૨.૪૨ | ૧.૬૭ | ૨.૨૯ |
| ૪. | ભરૂચ | ૧૧૮ | ૨૦ | ૧૩૮ | ૮.૯૦ | ૧૦.૧૦ | ૯.૦૬ | ૩૭ | ૫ | ૪૨ | ૨.૭૯ | ૨.૫૩ | ૨.૭૬ |
| ૫. | પંચમહાલ | ૧૪૭ | ૨ | ૧૪૯ | ૯.૦૧ | ૧.૫૨ | ૮.૪૫ | ૩૩ | ૮ | ૪૧ | ૨.૦૩ | ૬.૦૨ | ૨.૩૩ |
| ૬. | વડોદરા | ૧૧૧ | ૧૯ | ૧૩૦ | ૫.૩૩ | ૪.૬૮ | ૫.૨૩ | ૩૭ | ૪ | ૪૧ | ૧.૭૮ | ૦.૯૯ | ૧.૬૫ |
| ૭. | સાબરકાંઠા | ૧૦૩ | ૬ | ૧૦૯ | ૫.૫૭ | ૫.૭૧ | ૫.૫૮ | ૪૫ | ૧ | ૪૬ | ૨.૪૩ | ૦.૯૫ | ૨.૩૫ |
| | કુલ | ૧૨૫૦ | ૧૨૯ | ૧૩૭૯ | ૧૨.૧૪ | ૮.૦૮ | ૧૧.૬૦ | ૨૦૯ | ૩૨ | ૨૪૧ | ૨.૦૩ | ૨.૦૧ | ૨.૦૩ |

આમ આ સાત જિલ્લાઓની માધ્યમિક શાળાઓમાં અનુસૂચિત જાતિના ૨.૦૩% અને અનુસૂચિત જનજાતિના ૧૧.૬૦% કર્મચારીઓ છે. એમાંય સ્ત્રી કર્મચારીઓની સંખ્યા ઘણી ઓછી છે. (અનુસૂચિત જાતિ સ્ત્રી ૨.૦૧%, અનુસૂચિત જનજાતિ સ્ત્રી ૮.[illegible]%)

(અમે પ્રત્યેક જિલ્લાના તાલુકાવાર પણ આ પ્રમાણે જોયું હતું. જેમને વધુ ઊંડાણમાં જોવાનો રસ હોય તેઓ પરિશિષ્ટના કોઠા ૩ થી ૧૯ જુએ)

કોઠા ૩ માં જે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કુલ કર્મચારીઓની સંખ્યા આપવામાં આવી છે તેમાં અલગ અલગ હોદ્દાવાર વિભાગ પાડવામાં આવતાં નીચેના કોઠા ૪ માં બતાવ્યા પ્રમાણેનું ચિત્ર ઊભું થાય છે :

કોઠા - ૪

| હોદ્દો | અનુસૂચિત જાતિ સંખ્યા | ટકા | અનુસૂચિત જનજાતિ સંખ્યા | ટકા |
|---|---|---|---|---|
| આચાર્ય | ૧ | ૦.૪૧ | ૪૦ | ૨.૯૦ |
| ઉપાચાર્ય | - | - | ૧૧ | ૦.૮૦ |
| મદદનીશ શિક્ષકો | ૯૪ | ૩૯.૦૦ | ૪૪૦ | ૩૧.૯૧ |
| કારકૂન | ૧૯ | ૭.૮૯ | ૭૧ | ૫.૧૫ |
| પટાવાળા | ૯૩ | ૩૮.૯૦ | ૭૦૯ | ૫૧.૪૧ |
| પાણીવાળા | ૬ | ૨.૪૯ | ૪૧ | ૨.૯૭ |
| ચોકીદાર | ૨ | ૦.૮૨ | ૩૦ | ૨.૧૮ |
| અન્ય | ૨૬ | ૧૦.૭૯ | ૩૭ | ૨.૬૮ |
| કુલ | ૨૪૧ | ૧૦૦.૦૦ | ૧૩૭૯ | ૧૦૦.૦૦ |

આનો અર્થ એ થાય છે કે અનુસૂચિતજાતિ અને અનુસૂચિત જનજાતિના કર્મચારીઓમાં પટાવાળામાં જ વધુ છે. (લગભગ ૩૮.૬% અને ૫૧.૪૧%) અથી ઉપરના હોદ્દાઓમાં ઝાઝા કર્મચારી નથી. ઉદા. એમનામાંથી અચાર્ય તો માત્ર ૦.૪૧ અને ૨.૯૦ ટકા છે.)

હવે આ બધા કર્મચારીઓને જિલ્લવાર તપાસીએ. એને માટે આચાર્યથી શરૂ કરીએ. કુલ આચાર્યોમાં અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના આચાર્યોની સંખ્યા/ ટકાવારી નીચેના કોઠામાં દર્શાવવામાં આવી છે એમાંથી જણાઇ આવે છે કે ડાંગમાં એક પણ અનુસૂચિત જનજાતિના આચાર્ય નથી. વડોદરામાં ૧ (૦.૬૫%) ભરૂચમાં માત્ર ૨ (૧.૮૫%), વલસાડ અને સુરતમાં લગભગ ૧૧ ટકા જેટલા આચાર્યો અનુસૂચિત જનજાતિના છે. અનુસૂચિત જાતિના તો ડાંગ, વલસાડ, સુરત, ભરૂચ, વડોદરા અને સાબરકાંઠામાં એક પણ આચાર્ય નથી. માત્ર પંચમહાલમાં ૧ છે.

કોઠો-૫

| ક્રમ | જિલ્લો | કુલ આચાર્ય | અનુસૂચિત જનજાતિ આચાર્ય | અનુસૂચિત જાતિ આચાર્ય | અ.જ.જા. ટકા | અ. જાતિ ટકા |
|---|---|---|---|---|---|---|
| ૧. | ડાંગ | ૧ | - | - | - | - |
| ૨. | વલસાડ | ૧૦૬ | ૧૨ | - | ૧૧.૩૨ | - |
| ૩. | સુરત | ૧૧૭ | ૧૩ | - | ૧૧.૧૧ | - |
| ૪. | ભરૂચ | ૧૦૮ | ૨ | - | ૧.૮૫ | - |
| ૫. | પંચમહાલ | ૧૧૮ | ૫ | ૧ | ૪.૨૪ | ૦.૮૫ |
| ૬. | વડોદરા | ૧૫૪ | ૧ | - | ૦.૬૫ | - |
| ૭. | સાબરકાંઠા | ૧૪૫ | ૭ | - | ૪.૮૩ | - |
| | કુલ | ૭૪૯ | ૪૦ | ૧ | ૫.૩૪ | ૦.૧૩ |

આવી જ રીતે ઉપાચાર્યોમાં પણ સ્થિતિ નાજુક છે. કુલ ૭૦૨ ઉપાચાર્યોમાંથી માત્ર ૧૧ અનુસૂચિત જનજાતિના છે, જ્યારે અનુસૂચિત જાતિના તો એક પણ નથી. સુરત, સાબરકાંઠા અને વલસાડ જિલ્લામાં એમની સંખ્યા કંઇક ઠીક છે. નીચે આપેલો કોઠો ૬ આ વાતને વિસ્તારથી તથા સ્પષ્ટ રૂપે કહે છે.

કોઠો-૬

| ક્રમ | જિલ્લો | કુલ ઉપાચાર્ય | અનુસૂચિત જનજાતિ ઉપાચાર્ય | અનુસૂચિત જાતિ ઉપાચાર્ય | અનુસૂચિત જનજાતિ ટકા | અનુસૂચિત જાતિ ટકા |
|---|---|---|---|---|---|---|
| ૧. | ડાંગ | - | - | - | - | - |
| ૨. | વલસાડ | ૩૩ | ૨ | - | ૬.૦૬ | - |
| ૩. | સુરત | ૪૯ | ૬ | - | ૧૨.૨૪ | - |
| ૪. | ભરૂચ | ૧૬ | - | - | - | - |
| ૫. | પંચમહાલ | ૨૪ | - | - | - | - |
| ૬. | વડોદરા | ૪૭ | - | - | - | - |
| ૭. | સાબરકાંઠા | ૩૩ | ૩ | - | ૯.૦૯ | - |
| | કુલ | ૨૦૨ | ૧૧ | - | ૫.૪૫ | - |

મદદનીશ શિક્ષકોના સમૂહમાં કોઇપણ જિલ્લામાં અનુસૂચિત જાતિની સંખ્યા ૭ ટકાથી વધુ નથી. લગભગ બધે જ ૩ ટકાથી ઓછી છે. અનુસૂચિત જનજાતિના મદદનીશ શિક્ષકો ડાંગ સિવાય બધા જ જિલ્લાઓમાં ૧૦ ટકાથી ઓછા છે. વડોદરા, ભરૂચ, પંચમહાલ અને સાબરકાંઠા સમેત સંખ્યા ૫ ટકાથી સંખ્યા ઓછી છે. માત્ર સુરતમાં ૧૨.૩૯ ટકા છે. અને ડાંગમાં ૩૩.૩૩ ટકા છે. આ વિગતો માટે નીચેનો કોઠો જોવો ઠીક થશે.

કોઠો-૭

| ક્રમ જિલ્લો | કુલ મદદનીશ શિક્ષકો | અનુસૂચિત જનજાતિ મદદનીશ શિક્ષકો | અનુસૂચિત જાતિ મદદનીશ શિક્ષકો | અનુસૂચિત જનજાતિ ટકા | અનુસૂચિત જાતિ ટકા |
|---|---|---|---|---|---|
| ૧. ડાંગ | ૧૫ | ૫ | ૧ | ૩૩.૩૩ | ૬.૬૭ |
| ૨. વલસાડ | ૧૪૪૭ | ૧૩૯ | ૧૧ | ૯.૬૧ | ૦.૭૬ |
| ૩. સુરત | ૧૨૯૯ | ૧૬૧ | ૨૭ | ૧૨.૩૯ | ૨.૦૮ |
| ૪. ભરૂચ | ૯૭૩ | ૨૨ | ૭ | ૨.૨૬ | ૦.૭૨ |
| ૫. પંચમહાલ | ૧૧૧૮ | ૪૫ | ૧૪ | ૪.૦૩ | ૧.૨૫ |
| ૬. વડોદરા | ૧૬૩૪ | ૧૨ | ૧૨ | ૦.૭૩ | ૦.૭૩ |
| ૭. સાબરકાંઠા | ૧૨૪૭ | ૫૬ | ૨૨ | ૪.૪૯ | ૧.૭૬ |
| કુલ | ૭૭૩૩ | ૪૪૦ | ૯૪ | ૫.૬૯ | ૧.૨૨ |

ઉપર જણાવેલ જગ્યાઓ કરતાં કારકૂનની જગ્યાઓમાં અનુસૂચિત જનજાતિના સમૂહોની ટકાવારી કાંઇક ઠીક છે. જો કે Absolute terms માં એ ટકાવારી પણ દયનીય છે. કારકૂનોની જગ્યામાં અનુસૂચિત જાતિના કર્મચારીઓ લગભગ નહીંવત્ છે. આ બાબત કોઠા નં. ૮ માં જોઇ શકાશે.



કોઠો-૮

| ક્રમ જિલ્લો | કુલ કારકૂન | અનુસૂચિત જનજાતિ કારકૂન | અનુસૂચિત જાતિ કારકૂન | અનુસૂચિત જનજાતિ ટકા | અનુસૂચિત જાતિ ટકા |
|---|---|---|---|---|---|
| ૧. ડાંગ | - | - | - | - | - |
| ૨. વલસાડ | ૧૪૮ | ૨૪ | ૨ | ૧૬.૨૨ | ૧.૩૫ |
| ૩. સુરત | ૧૫૯ | ૨૨ | ૨ | ૧૩.૮૪ | ૧.૨૬ |
| ૪. ભરૂચ | ૧૨૧ | ૯ | ૬ | ૭.૪૪ | ૪.૯૬ |
| ૫. પંચમહાલ | ૧૩૫ | ૧૩ | ૨ | ૯.૬૩ | ૧.૪૮ |
| ૬. વડોદરા | ૧૮૭ | - | ૨ | - | ૧.૦૭ |
| ૭. સાબરકાંઠા | ૧૬૧ | ૩ | ૫ | ૧.૮૬ | ૩.૧૧ |
| કુલ | ૯૧૧ | ૭૧ | ૧૯ | ૭.૭૯ | ૨.૦૮ |

આગળ ઉપર કોઠા ૪ ની ચર્ચા કરતાં એક વાત ઉત્પન્ન થઇ હતી કે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ પટાવાળાઓમાં જ વધુ છે. એ વાત જિલ્લવાર જોવી પણ રૂચિકર છે. વલસાડમાં તો ૭૨ ટકા પટાવાળાઓ અનુસૂચિત જનજાતિના છે. સુરત માં લગભગ ૫૧ ટકા છે. માત્ર સાબરકાંઠામાં વાત વણસે છે (ત્યાં એઓ માત્ર ૧૧.૨૫ ટકા છે) અનુસૂચિત જાતિઓમાં તુલનાત્મક રૂપે પટાવાળાઓ ઠીક પ્રમાણમાં છે. પણ સમગ્ર રૂપે એમનું ચિત્ર સારું નથી. કોઇ પણ જિલ્લામાં એઓ ૧૦ ટકાથી વધુ પટાવાળાઓમાં નથી. આની બાબતો કોઠા નં. ૯ માંથી જાણી શકાશે.

કોઠો-૯

| ક્રમ જિલ્લો | કુલ પટાવાળા | અનુસૂચિત જનજાતિ પટાવાળા | અનુસૂચિત જાતિ પટાવાળા | અનુસૂચિત જનજાતિ ટકા | અનુસૂચિત જાતિ ટકા |
|---|---|---|---|---|---|
| ૧. ડાંગ | ૩ | - | - | - | - |
| ૨. વલસાડ | ૩૩૫ | ૨૪૧ | ૭ | ૭૧.૯૪ | ૨.૦૯ |
| ૩. સુરત | ૩૩૪ | ૧૭૨ | ૧૧ | ૫૧.૫૦ | ૩.૨૯ |
| ૪. ભરૂચ | ૨૬૪ | ૮૩ | ૨૫ | ૩૧.૪૪ | ૯.૪૭ |
| ૫. પંચમહાલ | ૩૦૮ | ૭૫ | ૧૬ | ૨૪.૩૫ | ૫.૧૯ |
| ૬. વડોદરા | ૩૯૨ | ૧૦૧ | ૧૮ | ૨૫.૭૭ | ૪.૫૯ |
| ૭. સાબરકાંઠા | ૩૨૯ | ૩૭ | ૧૬ | ૧૧.૨૫ | ૪.૮૬ |
| કુલ | ૧૯૬૫ | ૭૦૯ | ૯૩ | ૩૬.૦૮ | ૪.૭૩ |

પાણીવાળાઓમાં અનુસૂચિત જનજાતિ કંઈક ઠીક પ્રમાણમાં (૩૬.૨૮ ટકા)છે. પણ અનુસૂચિત જાતિ માત્ર ૫.૩ ટકા છે. વલસાડ, ભરૂચ, ડાંગ અને સાબરકાંઠામાં તો એક પણ અનુસૂચિત જાતિનો પાણીવાળો માધ્યમિક શાળામાં નથી. કોઠો ૧૦ જોવાથી આ બાબત સ્પષ્ટ થશે. એવી જ રીતે ચોકીદારોમાં પણ બંને સમૂહોમાં એની એ વાતનું પુનરાવર્તન થાય છે.

કોઠો-૧૦

| ક્રમ | જિલ્લો | કુલ પાણીવાળા | અનુસૂચિત જનજાતિ પાણીવાળા | અનુસૂચિત જાતિ પાણીવાળા | અનુસૂચિત જનજાતિ ટકા | અનુસૂચિત જાતિ ટકા |
|---|---|---|---|---|---|---|
| ૧. | ડાંગ | - | - | - | - | - |
| ૨. | વલસાડ | ૧૧ | ૪ | - | ૩૬.૩૬ | - |
| ૩. | સુરત | ૧૩ | ૭ | ૧ | ૫૩.૮૫ | ૭.૬૯ |
| ૪. | ભરૂચ | ૨૪ | ૧૬ | - | ૬૬.૬૭ | - |
| ૫. | પંચમહાલ | ૨૦ | ૩ | ૩ | ૧૫.૦૦ | ૧૫.૦૦ |
| ૬. | વડોદરા | ૩૧ | ૧૧ | ૨ | ૩૫.૪૮ | ૬.૪૫ |
| ૭ | સાબરકાંઠા | ૧૪ | - | - | - | - |
| | કુલ | ૧૧૩ | ૪૧ | ૬ | ૩૬.૨૮ | ૫.૩૧ |

બાકીની ૧૩૯ જગ્યાઓમાં જ ૨૫.૬૮ ટકા અનુસૂચિત જનજાતિ તથા ૨૦.૧ ટકા અનુસૂચિત જાતિના કર્મચારીઓ છે તેની જિલ્લાવાર જગ્યાઓ કોઠા ૧૧ માં દર્શાવી છે.



કોઠો-૧૧

| ક્રમ | જિલ્લો | કુલ અન્ય | અનુસૂચિત જનજાતિ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત જનજાતિ ટકા | અનુસૂચિત જાતિ ટકા |
|---|---|---|---|---|---|---|
| ૧. | ડાંગ | - | - | - | - | - |
| ૨. | વલસાડ | ૪૨ | ૧૭ | ૪ | ૪૦.૪૮ | ૯.૫૨ |
| ૩. | સુરત | ૨૮ | ૧૩ | ૪ | ૪૬.૪૩ | ૧૪.૨૯ |
| ૪. | ભરૂચ | ૮ | - | ૪ | - | ૫૦.૦૦ |
| ૫. | પંચમહાલ | ૧૮ | ૩ | ૪ | ૧૬.૬૭ | ૨૨.૨૨ |
| ૬. | વડોદરા | ૨૦ | ૨ | ૭ | ૧૦.૦૦ | ૩૫.૦૦ |
| ૭. | સાબરકાંઠા | ૧૩ | ૨ | ૩ | ૧૫.૩૮ | ૨૩.૦૮ |
| | કુલ | ૧૨૯ | ૩૭ | ૨૬ | ૨૮.૬૮ | ૨૦.૧૬ |

ડાંગ જિલ્લો

કોઠો-૧૨

| ક્રમ | તાલુકાનું નામ | તાલુકાની કુલ શાળાઓ | જવાબ આપેલ શાળાઓ | કુલ કર્મચારીઓ | અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ | કુલ કર્મચારીઓમાં અનુસૂચિત જનજાતિના ટકા | અનુસૂચિત જાતિના કર્મચારીઓ | કુલ કર્મચારીઓમાં અનુસૂચિત જાતિના કર્મચારીઓ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | આહવા | ૧ | ૧ | ૨૧ | ૫ | ૨૩.૮૧ | ૧ | ૪.૭૬ |
| | કુલ | ૧ | ૧ | ૨૧ | ૫ | ૨૩.૮૧ | ૧ | ૪.૭૬ |

વલસાડ જિલ્લો

કોઠો-૧૩

| ક્રમ | તાલુકાનું નામ | તાલુકાની કુલ શાળાઓ | જવાબ આપેલ શાળાઓ | કુલ કર્મચારીઓ | અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ | કુલ કર્મચારીઓમાં અનુસૂચિત જનજાતિના ટકા | અનુસૂચિત જાતિના કર્મચારીઓ | કુલ કર્મચારીઓમાં અનુસૂચિત જાતિના કર્મચારીના ટકા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વલસાડ | ૩૧ | ૨૬ | ૪૧૬ | ૯૨ | ૨૩.૦૮ | ૩ | ૦.૭૨ |
| ૨. | નવસારી | ૩૦ | ૨૭ | ૫૬૨ | ૧૦૦ | ૧૭.૭૯ | ૮ | ૧.૪૨ |
| ૩. | ગણદેવી | ૧૪ | ૧૨ | ૨૩૩ | ૨૭ | ૧૧.૫૯ | ૫ | ૨.૧૫ |
| ૪. | ઉમરગાંવ | ૧૦ | ૧૦ | ૧૩૯ | ૧૯ | ૧૩.૬૭ | ૧ | ૦.૭૨ |
| ૫. | બીલીમોરા | ૩ | ૩ | ૧૪૫ | ૧૫ | ૧૦.૩૪ | ૪ | ૦.૬૯ |
| ૬. | ચીખલી | ૧૯ | ૧૯ | ૩૧૧ | ૮૯ | ૨૮.૬૨ | ૪ | ૧.૨૯ |
| ૭. | પારડી | ૯ | ૬ | ૧૫૧ | ૨૭ | ૧૭.૮૮ | ૧ | ૦.૬૬ |
| ૮. | વાંસદા | ૫ | ૩ | ૭૦ | ૩૩ | ૪૭.૧૪ | - | - |
| ૯. | ધરમપુર | ૭ | ૭ | ૧૦૪ | ૪૫ | ૪૩.૨૭ | ૧ | ૦.૯૬ |
| | કુલ | ૧૨૮ | ૧૧૩ | ૨૧૩૧ | ૪૪૭ | ૨૦.૯૮ | ૨૭ | ૦.૦૫ |



સુરત જિલ્લો

કોઠો - ૧૪

| ક્રમ | તાલુકાનું નામ | તાલુકાની કુલ શાળાઓ | જવાબ આપેલ શાળાઓ | કુલ કર્મચારીઓ | અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ | કુલ કર્મચારીઓમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીના ટકા | અનુસૂચિત જાતિના કર્મચારીઓ | કુલ કર્મચારીઓમાં અનુસૂચિત જાતિના કર્મચારીઓના ટકા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઓલપાડ | ૧૪ | ૧૨ | ૧૬૧ | ૧૧ | ૬.૮૩ | ૭ | ૪.૩૫ |
| ૨. | કામરેજ | ૬ | ૬ | ૧૨૧ | ૧૬ | ૧૩.૨૨ | ૨ | ૧.૬૫ |
| ૩. | સુરતશહેર | ૩૨ | ૨૦ | ૫૬૫ | ૩૪ | ૬.૦૨ | ૧૪ | ૨.૪૮ |
| ૪. | ચોર્યાસી | ૨૦ | ૧૦ | ૨૦૯ | ૩૩ | ૧૫.૭૯ | ૫ | ૨.૩૯ |
| ૫. | માંડવી | ૧૦ | ૧૦ | ૧૦૮ | ૪૮ | ૪૪.૪૪ | - | - |
| ૬. | બારડોલી | ૧૩ | ૧૨ | ૨૨૮ | ૬૨ | ૨૭.૧૯ | ૮ | ૩.૫૧ |
| ૭. | માંગરોલ | ૭ | ૭ | ૧૧૭ | ૨૩ | ૧૯.૬૬ | ૨ | ૧.૭૧ |
| ૮. | પલસાણા | ૭ | ૭ | ૮૯ | ૧૬ | ૧૭.૯૮ | ૩ | ૩.૩૭ |
| ૯. | વાલોડ | ૧૦ | ૭ | ૧૪૩ | ૭૦ | ૪૦.૦૫ | ૨ | ૧.૪૦ |
| ૧૦. | મહુવા | ૭ | ૬ | ૮૦ | ૨૪ | ૩૦.૦૦ | ૧ | ૧.૧૨ |
| ૧૧. | વ્યારા | ૮ | ૬ | ૯૮ | ૩૮ | ૪૮.૯૫ | ૨ | ૧.૪૦ |
| ૧૨. | સોનગઢ | ૩ | ૩ | ૫૯ | ૧૮ | ૩૮.૭૮ | ૧ | ૧.૦૨ |
| ૧૩. | નિઝર | ૫ | ૪ | ૩૫ | ૮ | ૨૨.૮૬ | ૧ | ૨.૮૬ |
| ૧૪. | ઉચ્છલ | ૨ | - | - | - | - | - | - |
| | કુલ | ૧૪૪ | ૧૧૮ | ૨૦૧૩ | ૪૦૧ | ૧૯.૯૨ | ૪૬ | ૨.૨૯ |

ભરૂચ જિલ્લો

કોઠો-૧૫

| ક્રમ | તાલુકાનું નામ | તાલુકાની કુલ શાળાઓ | જવાબ આપેલ શાળાઓ | કુલ કર્મચારીઓ | અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ | કુલ કર્મચારીઓમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓના ટકા | અનુસૂચિત જાતિના કર્મચારીઓ | કુલ કર્મચારીઓમાં અનુસૂચિત જાતિના કર્મચારીઓના ટકા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ભરૂચ | ૩૮ | ૩૨ | ૪૪૩ | ૩૦ | ૬.૭૭ | ૧૪ | ૩.૧૬ |
| ૨. | અંકલેશ્વર | ૮ | ૮ | ૧૪૬ | ૧૩ | ૮.૯૦ | ૫ | ૩.૪૨ |
| ૩. | હાંસોટ | ૭ | ૭ | ૮૨ | ૯ | ૧૦.૯૮ | - | - |
| ૪. | વાગરા | ૬ | ૫ | ૫૩ | ૧ | ૧.૮૯ | - | - |
| ૫. | આમોદ | ૮ | ૮ | ૧૧૦ | ૧૦ | ૯.૦૯ | ૨ | ૨.૮૨ |
| ૬. | જંબુસર | ૧૮ | ૧૮ | ૨૩૦ | ૬ | ૨.૬૧ | ૮ | ૩.૪૮ |
| ૭. | ઝઘડિયા | ૯ | ૮ | ૧૧૪ | ૧૨ | ૧૦.૫૩ | ૩ | ૨.૬૩ |
| ૮. | વાલિયા | ૬ | ૫ | ૭૮ | ૧૨ | ૧૫.૩૮ | - | - |
| ૯. | નાંદોદ | ૧૮ | ૧૬ | ૨૩૪ | ૩૮ | ૧૬.૨૪ | ૧૦ | ૪.૨૭ |
| ૧૦. | ડેડિયાપાડા | ૧ | ૧ | ૧૮ | ૧ | ૫.૫૬ | ૧ | ૫.૫૬ |
| ૧૧. | સાગબારા | ૧ | ૧ | ૧૬ | ૬ | ૩૭.૫૦ | - | - |
| | કુલ | ૧૨૦ | ૧૦૯ | ૧૫૨૪ | ૧૩૮ | ૯.૦૬ | ૪૩ | ૨.૮૨ |



પંચમહાલ જિલ્લો

કોઠો-૧૬

| ક્રમ | તાલુકાનું નામ | તાલુકાની કુલ શાળાઓ | જવાબ આપેલ શાળાઓ | કુલ કર્મચારીઓ | અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ | કુલ કર્મચારીઓમાં અનુસૂચિત જનજાતિના ટકા | અનુસૂચિત જાતિના કર્મચારીઓ | કુલ કર્મચારીઓમાં અનુસૂચિત જાતિના ટકા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ગોધરા | ૨૫ | ૨૫ | ૩૫૬ | ૫ | ૧.૪૦ | ૧૪ | ૩.૯૩ |
| ૨. | કાલોલ | ૧૩ | ૯ | ૧૯૧ | ૩ | ૧.૫૭ | ૩ | ૧.૫૭ |
| ૩. | દાહોદ | ૧૬ | ૧૫ | ૩૦૩ | ૫૧ | ૧૬.૯૩ | ૧૬ | ૫.૨૮ |
| ૪. | હાલોલ | ૭ | ૭ | ૧૦૨ | ૪ | ૩.૮૮ | ૨ | ૧.૯૪ |
| ૫. | લુણાવાડા | ૩૧ | ૨૩ | ૨૫૬ | ૧૦ | ૩.૯૧ | ૨ | ૦.૭૮ |
| ૬. | સંતરામપુર | ૧૭ | ૧૫ | ૧૮૦ | ૨૮ | ૧૫.૫૬ | - | - |
| ૭. | લીમખેડા | ૩ | ૩ | ૩૫ | ૨ | ૫.૭૧ | ૧ | ૨.૮૬ |
| ૮. | જાંબુઘોડા | ૧ | ૧ | ૧૦ | - | - | - | - |
| ૯. | દેવગઢબારિયા | ૯ | ૮ | ૧૨૬ | ૬ | ૪.૭૬ | ૨ | ૧.૪ |
| ૧૦. | ઝાલોદ | ૧૦ | ૯ | ૧૩૩ | ૩૮ | ૨૮.૫૭ | - | - |
| ૧૧. | શહેરા | ૬ | ૬ | ૬૯ | ૨ | ૨.૯૦ | ૧ | ૧.૪૫ |
| | કુલ | ૧૩૮ | ૧૨૧ | ૧૭૬૧ | ૧૪૯ | ૮.૪૬ | ૪૧ | ૨.૩૩ |

વડોદરા જિલ્લો

કોઠો-૧૭

| ક્રમ | તાલુકાનું નામ | તાલુકાની કુલ શાળાઓ | જવાબ આપેલ શાળાઓ | કુલ કર્મચારીઓ | અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ | કુલ કર્મચારીઓમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓના ટકા | અનુસૂચિત જાતિના કર્મચારીઓ | કુલ કર્મચારીઓમાં અનુસૂચિત જાતિના કર્મચારીઓના ટકા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વડોદરા | ૮૬ | ૫૧ | ૧૦૪૧ | ૯ | ૦.૮૬ | ૨૫ | ૨.૪૦ |
| ૨. | પાવી જેતપુર | ૬ | ૬ | ૬૪ | ૮ | ૧૨.૫૦ | ૧ | ૧.૫૬ |
| ૩. | વાઘોડિયા | ૮ | ૬ | ૭૧ | ૬ | ૮.૪૫ | - | - |
| ૪. | પાદરા | ૨૨ | ૨૧ | ૩૦૬ | ૫ | ૧.૬૩ | ૨ | ૦.૬૫ |
| ૫. | કરજણ | ૧૨ | ૯ | ૧૧૩ | ૧૩ | ૧૧.૫૦ | ૩ | ૨.૬૫ |
| ૬. | સાવલી | ૧૭ | ૧૫ | ૧૮૭ | ૪ | ૨.૧૪ | ૧ | ૦.૫૩ |
| ૭. | નસવાડી | ૪ | ૩ | ૩૫ | ૭ | ૨૦.૦ | ૧ | ૨.૮૬ |
| ૮. | શિનોર | ૮ | ૬ | ૮૧ | ૬ | ૭.૪૧ | ૨ | ૨.૪૭ |
| ૯. | ડભોઇ | ૧૯ | ૧૭ | ૨૬૧ | ૩૦ | ૧૧.૪૯ | ૨ | ૦.૭૭ |
| ૧૦. | સંખેડા | ૧૪ | ૧૨ | ૧૯૫ | ૨૧ | ૧૦.૭૭ | ૨ | ૧.૦૩ |
| ૧૧. | તિલકવાડા | ૩ | ૩ | ૩૫ | ૪ | ૧૧.૪૩ | ૧ | ૨.૮૬ |
| ૧૨. | છોટાઉદેપુર | ૬ | ૬ | ૯૮ | ૧૭ | ૧૭.૩૫ | ૧ | ૧.૦૨ |
| | કુલ | ૨૦૫ | ૧૫૫ | ૨૪૮૭ | ૧૩૦ | ૫.૨૩ | ૪૧ | ૧.૬૫ |



સાબરકાંઠા જિલ્લો

કોઠો- ૧૮

| ક્રમ | તાલુકાનું નામ | તાલુકાની કુલ શાળાઓ | જવાબ આપેલ શાળાઓ | કુલ કર્મચારીઓ | અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ | કુલ કર્મચારીઓમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓના ટકા | અનુસૂચિત જાતિના કર્મચારીઓ | કુલ કર્મચારીઓમાં અનુસૂચિત જાતિના કર્મચારીઓના ટકા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | હિંમતનગર | ૩૦ | ૨૪ | ૩૧૬ | ૭ | ૨.૨૨ | ૫ | ૧.૫૮ |
| ૨. | ઇડર | ૩૪ | ૩૦ | ૩૬૬ | ૧૧ | ૩.૦૧ | ૬ | ૧.૬૪ |
| ૩. | પ્રાંતિજ | ૩૩ | ૨૩ | ૨૬૯ | ૩ | ૧.૧૨ | ૩ | ૧.૧૨ |
| ૪. | મોડાસા | ૨૩ | ૨૧ | ૩૧૭ | ૫ | ૧.૫૮ | ૧૬ | ૫.૦૫ |
| ૫. | બાયડ | ૧૭ | ૧૫ | ૨૧૮ | - | - | ૪ | ૧.૮૩ |
| ૬. | ભીલોડા | ૧૫ | ૧૧ | ૪૭ | ૩૫ | ૨૩.૮૧ | ૭ | ૪.૭૬ |
| ૭. | ખેડબ્રહ્મા | ૮ | ૫ | ૫૯ | ૪ | ૬.૭૮ | ૧ | ૧.૬૯ |
| ૮. | મેઘરજ | ૮ | ૮ | ૮૭ | ૧૦ | ૧૧.૪૯ | ૧ | ૧.૧૫ |
| ૯. | વિજયનગર | ૭ | ૭ | ૯૫ | ૩૩ | ૩૪.૭૪ | ૩ | ૩.૧૬ |
| ૧૦. | માલપુર | ૬ | ૬ | ૮૧ | ૧ | ૧.૨૩ | - | - |
| | કુલ | ૧૮૧ | ૧૫૦ | ૧૯૫૫ | ૧૦૯ | ૫.૫૮ | ૪૬ | ૨.૩૫ |

## પ્રકરણ - ૪

### અધ્યાપન મંદિરોમાં કેટલા આદિવાસી / હરિજન કર્મચારીઓ છે ?

પ્રાથમિક શિક્ષક બનવા માટેની જરૂરિયાતરૂપ તાલીમ આપતાં સમગ્ર ગુજરાત રાજ્યનાં કુલ ૬૭ અધ્યાપન મંદિરો આવેલાં છે. તેમાંનાં ૨૪ (૩૫.૮%) સરકારી અધ્યાપનમંદિરો છે. જ્યારે ૪૩ (૬૪.૨%) બિનસરકારી. બિનસરકારી અધ્યાપન મંદિરો સામાન્ય રીતે જુદી જુદી સ્વૈચ્છિક સેવા સંસ્થાઓ યા શૈક્ષણિક સંસ્થાઓ ચલાવે છે. આ અધ્યાપન મંદિરોમાંથી ૩૬ (૫૩.૭%) પુરુષ અધ્યાપન મંદિરો છે, જ્યારે ૩૧ (૪૬.૩%) સ્ત્રી અધ્યાપન મંદિરો છે.

અધ્યાપનમંદિરોની સ્થાપના વર્ષવાર વિગતે જોઇએ તો સર્વપ્રથમ ઇ.સ.૧૮૫૭મા પ્રેમચંદ રાયચંદ ટ્રેઇનિંગ કોલેજની સ્થાપના અમદાવાદમાં થયેલી. ૧૮૫૭ થી ૧૯૦૦ના ગાળામાં ૪ (૫.૯%) અધ્યાપનમંદિરો, ૧૯૦૧ થી ૧૯૨૦ના ગાળામાં ૩(૪.૫%), ૧૯૨૧ થી ૧૯૪૬ના ગાળામાં ૪ (૩%) ૧૯૪૭ થી ૧૯૬૦ના ગાળામાં ૩૩ (૪૯.૩%), ૧૯૬૧ થી ૧૯૭૦ના ગાળામાં ૧૧ (૧૬.૫%) અને ૧૯૭૧ થી ૧૯૭૫ના ગાળામાં ૪ (૫.૯%) અધ્યાપનમંદિરો સ્થપાયેલાં. ૧૦ (૫.૯%) અધ્યાપનમંદિરોએ પોતાનું સ્થાપના વર્ષ દર્શાવ્યું નથી.

કોઠા નં.૧ પરથી આપણે જોઇ શકીએ છીએ કે વધુમાં વધુ અધ્યાપનમંદિરો અમદાવાદ અને ખેડા જિલ્લામાં છે. ડાંગ જિલ્લામાં એક પણ અધ્યાપનમંદિર નથી. બહોળી આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લાઓમાં લગભગ ૧/૩ ભાગનાં અધ્યાપનમંદિરો આવેલાં છે.

ગુજરાતમાં જિલ્લાવાર અધ્યાપનમંદિરોની વહેંચણીનો ખ્યાલ કોઠા નં.૧ પરથી આવશે.



### કોઠો-૧

### ગુજરાતમાં જિલ્લાવાર પ્રાથમિક શિક્ષક અધ્યાપનમંદિરો

| ક્રમ | જિલ્લો | અધ્યાપનમંદિર સંખ્યા | કુલ સંખ્યામાં પ્રમાણ |
|---|---|---|---|
| ૧. | બનાસકાંઠા | ૩ | ૪.૫ |
| ૨. | સાબરકાંઠા | ૪ | ૫.૯ |
| ૩. | પંચમહાલ | ૪ | ૫.૯ |
| ૪. | વડોદરા | ૪ | ૫.૯ |
| ૫. | ભરૂચ | ૩ | ૪.૫ |
| ૬. | સુરત | ૪ | ૫.૯ |
| ૭. | વલસાડ | ૩ | ૪.૫ |
| ૮. | ડાંગ | - | - |
| ૯. | અમદાવાદ | ૭ | ૧૦.૫ |
| ૧૦. | ગાંધીનગર | ૨ | ૩.૦ |
| ૧૧. | ખેડા | ૭ | ૧૦.૫ |
| ૧૨. | મહેસાણા | ૩ | ૪.૫ |
| ૧૩. | અમરેલી | ૨ | ૩.૦ |
| ૧૪. | કચ્છ | ૨ | ૩.૦ |
| ૧૫. | રાજકોટ | ૩ | ૪.૫ |
| ૧૬. | જૂનાગઢ | ૪ | ૫.૯ |
| ૧૭. | ભાવનગર | ૫ | ૭.૬ |
| ૧૮. | જામનગર | ૩ | ૪.૫ |
| ૧૯. | સુરેન્દ્રનગર | ૪ | ૫.૯ |
| | કુલ | ૬૭ | ૧૦૦.૦૦ |

ગુજરાતમાં આ ૬૭ અધ્યાપનમંદિરો ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં છે, જિલ્લાવાર અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ નીચે પ્રમાણે છે.

કોઠો-૨

| કર્મચારીઓ | સંખ્યા | | કુલ સંખ્યા |
|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | |
| કુલ કર્મચારીઓ | ૯૩૭ | ૨૯૬ | ૧૨૩૩ |
| અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ | ૫૫ | ૧૦ | ૬૫ |
| કુલ કર્મચારીઓમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનું પ્રમાણ | ૫.૯ | ૩.૪ | ૫.૩ |

ગુજરાતમાં કુલ ૬૭ અધ્યાપનમંદિરો છે જેમાં કુલ કર્મચારીઓની સંખ્યા ૧૨૩૩ છે. જેમાંથી માત્ર ૫.૩ ટકા અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ આ તપાસ દરમ્યાન કામ કરે છે. તેમાંય કુલ પુરુષ કર્મચારીઓમાં, ૫.૯ ટકા અનુસૂચિત જનજાતિના પુરુષ કર્મચારીઓ છે, અને કુલ સ્ત્રી કર્મચારીઓમાં માત્ર ૩.૪ ટકા સ્ત્રી કર્મચારીઓ છે.

કોઠા નં.૩ માં બતાવ્યા પ્રમાણે જિલ્લાવાર અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનું કેટલું પ્રમાણ છે તે સ્પષ્ટ થાય છે. ૧૮ જિલ્લાઓમાંથી ૭ જિલ્લાઓના અધ્યાપનમંદિરોમાં એકપણ અનુસૂચિત જનજાતિના કર્મચારી નથી. એટલે કે ગુજરાતના ૬૭ અધ્યાપનમંદિરોમાંથી ૨૫ અધ્યાપનમંદિરોમાં એક પણ અનુસૂચિત જનજાતિનો કર્મચારી નથી. આમ ૩૭ ટકા અધ્યાપનમંદિરો અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ સિવાયનાં છે. વળી ૬ ટકા કરતાં ઓછાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓવાળા ૭ જિલ્લાઓમાં ૨૮ અધ્યાપનમંદિરો છે. જ્યારે માત્ર એક જિલ્લામાં લગભગ ૩૨ ટકા અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ હતા. બાકીના એક જિલ્લામાં ૨૦ ટકા અને બે જિલ્લામાં ૧૫ ટકા કરતાં ઓછા અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ છે.



કોઠો-૩

જિલ્લાવાર અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનું પ્રમાણ

| ક્રમ | જિલ્લો | અધ્યાપન મંદિરોની સંખ્યા | કુલ કર્મચારીઓ | | અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ | | કુલ કર્મચારીઓમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| | | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | |
| ૧. | અમદાવાદ | ૭ | ૧૦૨ | ૪૩ | ૦૨ | ૦૧ | ૨.૧ |
| ૨. | ગાંધીનગર | ૨ | ૨૯ | ૧૨ | - | ૧ | ૨.૪ |
| ૩. | બનાસકાંઠા | ૩ | ૪૫ | ૬ | ૦૩ | - | ૫.૯ |
| ૪. | વડોદરા | ૪ | ૮૩ | ૩૭ | ૦૬ | ૦૧ | ૫.૮ |
| ૫. | ભરૂચ | ૩ | ૩૬ | ૨૧ | ૦૫ | ૦૨ | ૧૨.૩ |
| ૬. | ખેડા | ૭ | ૧૦૦ | ૨૪ | - | - | - |
| ૭. | મહેસાણા | ૩ | ૩૮ | ૧૯ | ૦૧ | - | ૧.૭ |
| ૮. | સાબરકાંઠા | ૪ | ૫૬ | ૮ | ૦૨ | - | ૩.૧ |
| ૯. | પંચમહાલ | ૪ | ૬૧ | ૧૪ | ૧૦ | - | ૧૩.૩ |
| ૧૦. | સુરત | ૪ | ૫૨ | ૧૭ | ૧૯ | ૦૩ | ૩૧.૯ |
| ૧૧. | વલસાડ | ૩ | ૨૬ | ૧૪ | ૦૬ | ૦૨ | ૨૦.૦ |
| ૧૨. | અમરેલી | ૨ | ૩૨ | ૪ | - | - | - |
| ૧૩. | કચ્છ | ૨ | ૨૯ | ૧૩ | - | - | - |
| ૧૪. | રાજકોટ | ૩ | ૩૨ | ૧૭ | - | - | - |
| ૧૫. | જૂનાગઢ | ૪ | ૫૪ | ૧૬ | - | - | - |
| ૧૬. | ભાવનગર | ૫ | ૬૭ | ૧૪ | ૦૧ | - | ૧.૨ |
| ૧૭. | જામનગર | ૩ | ૫૦ | ૧૪ | - | - | - |
| ૧૮. | સુરેન્દ્રનગર | ૪ | ૪૫ | ૮ | - | - | - |
| | કુલ | ૬૭ | ૯૩૭ | ૨૯૬ | ૫૫ | ૧૦ | |

આ ૧૮ જિલ્લાઓમાંથી માત્ર ૬ જિલ્લાઓમાં જ અનુસૂચિત જનજાતિની સ્ત્રી કર્મચારીઓ છે. તે પણ માત્ર ૧૦ જેટલી જ. છે.

આ કર્મચારીઓને બે વિભાગમાં જોવાથી વધુ સ્પષ્ટ થાય છે. એક શૈક્ષણિક અને બીજો બિન શૈક્ષણિક કે જેથી કયા વિભાગમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનું પ્રમાણ વધુ છે.

કોઠો-૪

શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનું પ્રમાણ

| | શૈક્ષણિક કર્મચારીઓનું પ્રમાણ | | | બિન શૈક્ષણિક કર્મચારીઓનું પ્રમાણ | | |
|---|---|---|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| કુલ કર્મચારીઓ | ૫૪૬ | ૨૪૦ | ૭૮૬ | ૩૯૧ | ૫૬ | ૪૪૭ |
| અનુસૂચિત જનજાતિના કર્મચારીઓની સંખ્યા | ૨૧ | ૮ | ૨૯ | ૩૪ | ૨ | ૩૬ |
| કુલ કર્મચારીઓમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓની ટકાવારી | ૩.૮ | ૩.૩ | ૩.૯ | ૮.૭ | ૩.૬ | ૮.૧ |

શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓમાં, બિન શૈક્ષણિક કર્મચારીઓનું પ્રમાણ વધુ છે. કુલ અનુસૂચિત જનજાતિના કર્મચારીઓમાં ૪૪.૬% શૈક્ષણિકમાં અને ૫૫.૪ ટકા બિન શૈક્ષણિકમાં છે. કુલ કર્મચારીઓમાં તો અનુસૂચિત જનજાતિના શૈક્ષણિક કર્મચારીઓનું પ્રમાણ માત્ર ૩.૯ ટકાનું છે. જ્યારે બિન શૈક્ષણિકમાં કુલ અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનું ૮.૧ ટકાનું પ્રમાણ છે. આમ શૈક્ષણિક કર્મચારીઓ કરતાં બિન શૈક્ષણિક બમણા છે.

અનુસૂચિત જનજાતિના કર્મચારીઓની સંખ્યા જોતાં તેમનું પ્રતિનિધિત્વ શૈક્ષણિકમાં ઓછું છે. આ કર્મચારીઓને ગુજરાતમાં સરકારી- બિન સરકારી અધ્યાપનમંદિરોમાં તેમનું પ્રતિનિધિત્વ જોવાથી વધુ સ્પષ્ટ થશે કે કયા પ્રકારના અધ્યાપન મંદિરોમાં તેમને કેવું અને કયા વિભાગમાં પ્રતિનિધિત્વ મળે છે.



કોઠો-૫

સરકારી- બિન સરકારી અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનું પ્રમાણ

| અધ્યાપનમંદિરોનો પ્રકાર | કુલ અધ્યાપનમંદિરો | કુલ કર્મચારીઓની સંખ્યા | અનુસૂચિત જનજાતિના કર્મચારીઓની સંખ્યા |
|---|---|---|---|
| સરકારી અધ્યાપન મંદિરો | ૨૪ (૩૫.૮%) | ૫૩૦ (૪૩.૦%) | ૧૮ (૨૭.૭%) |
| બિન સરકારી અધ્યાપન મંદિરો | ૪૩ (૬૪.૨%) | ૭૦૩ (૫૭.૦%) | ૪૭ (૭૨.૩%) |
| કુલ | ૬૭ | ૧૨૩૩ | ૬૫ |

અધ્યાપનમંદિરોમાં સરકારી કરતાં બિન સરકારી અધ્યાપનમંદિરોનું પ્રમાણ વધુ છે. આ અધ્યાપનમંદિરોમાં કુલ અનુસૂચિત જનજાતિના કર્મચારીઓમાં સરકારી અધ્યાપનમંદિરોમાં ૨૭.૭% છે અને બિન સરકારીમાં ૭૨.૩% નું પ્રમાણ છે. પણ આ કર્મચારીઓમાં સરકારી અધ્યાપનમંદિરોના કુલ કર્મચારીઓમાં અનુસૂચિત જનજાતિના કમાત્ર ૩.૪% જ છે. એટલે કે ટકાવારીમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનું પ્રમાણ નહિવત્ છે. જ્યારે બિન સરકારી અધ્યાપનમંદિરોના કુલ કર્મચારી- ઓમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ ૬.૭% છે. એટલે કે સરકારી અધ્યાપનમંદિરોમાં વધુ પ્રમાણ હોવું જોઈએ. તેની જગ્યાએ તેમાં જ અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનું પ્રમાણ ઓછું જોવા મળ્યું છે.

આ અધ્યાપનમંદિરોમાં પણ જે કર્મચારીઓ છે તેમાં પણ બિન શૈક્ષણિકમાં પ્રમાણ વધુ છે. આ બાબતને વધુ સ્પષ્ટ કરવા દરજ્જાવાર જોવી જોઈએ જેનાથી ખબર પડશે કે કેવા પ્રકારની નોકરીઓમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓને સ્થાન મળ્યું છે.

કોઠા નં. ૬ માં દરજ્જાવાર કર્મચારીઓની સંખ્યા જોતાં પ્રથમ નજરે જ અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનું પ્રમાણ વધુ કયાં છે તે સ્પષ્ટ થાય છે. ખાસ કરીને શૈક્ષણિકમાં પણ આચાર્યના દરજ્જામાં માત્ર એક જ પુરુષ અનુસૂચિત જનજાતિમાંથી છે. (૬૭ આચાર્યોમાંથી, જે લગભગ

૬.૫ ટકા છે) આ પ્રમાણ બતાવે છે કે અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનું ઉપરના દરજ્જામાં ઓછું પ્રમાણ છે. અધ્યાપકોમાં પણ અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનું પ્રમાણ નહિવત્ ગણી શકાય તેવું છે. કારણ કે નિયત સમયના અધ્યાપકોમાં માત્ર ૧.૫ ટકા જ છે. જ્યારે પૂરા સમયના અધ્યાપકોમાં ૪.૫ ટકા છે. આ પ્રમાણ પણ સૂચક છે. કે આ જ જાતિનું પ્રમાણ ઉપરના હોદ્દાવાળા દરજ્જામાં બહુ જ ઓછું છે. નિયત સમય અને પૂરા સમયના બધા જ અધ્યાપકોમાં અનુસૂચિત જનજાતિના અધ્યાપકોનું પ્રમાણ ૩.૮ ટકાનું જોવા મળ્યું છે. જ્યારે મોટે ભાગે તો પટાવાળાઓમાં જ અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનું વધુ પ્રમાણ છે. જ્યારે પાણીવાળાઓ ૨૫ ટકા અનુસૂચિત જનજાતિના છે. અને ચોકીદારમાં ૯.૪ ટકાનું પ્રમાણ છે. એટલે કે ખાસ કરીને નીચેના દરજ્જાવાળી નોકરીઓમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનું પ્રમાણ વધુ જોવા મળે છે. જ્યારે ઉપરના દરજ્જામાં ખૂબ ઓછું છે. માત્ર અનુસૂચિત જનજાતિની ૧૦ સ્ત્રી કર્મચારીઓ જ અધ્યાપનમંદિરોમાં છે. તેમાંથી ૮ સ્ત્રીઓ શૈક્ષણિક વિભાગમાં અને ૨ સ્ત્રીઓ બિન શૈક્ષણિક વિભાગમાં છે. કુલ સ્ત્રી કર્મચારીઓમાં અનુસૂચિત જનજાતિની સ્ત્રી કર્મચારીઓનું પ્રમાણ માત્ર ૩.૪ ટકાનું છે. આ ઉપરાંત કુલ સ્ત્રી શૈક્ષણિક કર્મચારીઓમાં ૩.૩ ટકાનું છે. જે કુલ બિન શૈક્ષણિક કર્મચારીઓ છે તેમાં અનુસૂચિત જનજાતિની બિન શૈક્ષણિક કર્મચારીઓનું પ્રમાણ ૩.૬ ટકાનું છે. એટલે કે કુલ સ્ત્રી કર્મચારીઓમાં પણ બિન શૈક્ષણિક સ્ત્રીઓનું પ્રમાણ વધુ છે. આમ અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનું દરજ્જાવાર પ્રમાણ વર્ગીકરણ કોઠા-૬ માં આપવામાં આવ્યું છે.



અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનું દરજ્જા પ્રમાણે વર્ગીકરણ

કોઠો-૬

| | આચાર્ય | | અધ્યાપકો | | | | કારકૂન | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | પૂરા સમયના | | નિયત સમયના | | | |
| | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| કુલ કર્મચારીઓ | ૪૦ | ૨૭ | ૩૯૮ | ૧૮૫ | ૧૦૮ | ૨૮ | ૮૬ | ૧૨ |
| અનુસૂચિત જનજાતિના કર્મચારીઓની સંખ્યા | ૬ | - | ૧૯ | ૭ | ૧ | ૧ | ૩ | - |
| ટકા X | ૧.૫ | | ૪.૫ | | ૧.૫ | | ૩.૧ | |

| | પટાવાળા | | પાણીવાળા | | ઝાડુવાળા | | ચોકીદાર | | અન્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | |
| | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ |
| કુલ કર્મચારી | ૧૯૯ | ૧૭ | ૪ | ૨૬ | ૨૬ | ૧૬ | ૩૨ | - | ૪૪ | ૫ | ૧૨૩૩ |
| અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ | ૨૭ | ૧ | ૧ | ૧ | - | - | ૩ | - | - | - | ૬૫ |
| ટકા X | ૧૨.૯ | | ૨૫.૦ | | - | | ૯.૪ | | - | | |

X ટકાવારી દરજ્જાવાર કાઢેલી છે.

કોઠો-૭

અનુસૂચિત જનજાતિની સ્ત્રી કર્મચારીઓનું પ્રમાણ

| | કુલ કર્મચારીઓ | અનુસૂચિત જનજાતિની સ્ત્રી કર્મચારીઓ | અનુસૂચિત જનજાતિ સિવાયની સ્ત્રી કર્મચારીઓ |
|---|---|---|---|
| શૈક્ષણિક | ૨૪૦ | ૮ | ૨૩૨ |
| | (૧૦૦.૦૦) | (૩.૩) | (૯૬.૭) |
| બિનશૈક્ષણિક | ૫૬ | ૨ | ૫૪ |
| | (૧૦૦.૦૦) | (૩.૬) | (૯૬.૪) |
| કુલ | ૨૯૬ | ૧૦ | ૨૮૬ |
| | (૧૦૦.૦૦) | (૩.૪) | (૯૬.૬) |

ગુજરાતમાં ૬૭ અધ્યપનમંદિરો છે. આ અધ્યાપનમંદિરો વિષે આગળ જેમ સરકારી, બિન સરકારી અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓની વિગતે ચર્ચા કરી તેમાં ઘણી બધી બાબતો સ્પષ્ટ થાય છે. તેવી રીતે આ અધ્યપનમંદિરોમાં અનુસૂચિત જનજાતિના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ ધરાવનાર કેટલાં અધ્યાપનમંદિરો છે અને કયા કયા જિલ્લાઓમાં છે તે સ્પષ્ટ થશે.

કોઠા નં.૮ માં જોતાં આખું ચિત્ર ઉપસ્થિત થાય છે કે અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનું સ્થાન કેટલા જિલ્લાઓમાં છે. કુલ ૬૭ અધ્યાપનમંદિરો ધરાવતા ૧૮ જિલ્લાઓમાંથી ૭ જિલ્લાઓ એવા છે કે આમાંથી એક પણ જિલ્લાના અધ્યાપન મંદિરમાં શૈક્ષણિક કે બિન શૈક્ષણિક કર્મચારી અનુસૂચિત જનજાતિનો નથી. આવા સાત જિલ્લાઓમાં ૨૫ અધ્યાપનમંદિરો છે. જયારે શૈક્ષણિક કર્મચારીઓ બિલકુલ ન હોય તેવા ૧૮ માંથી ૯ જિલ્લાઓ છે. જેમાં ૪૯ એટલે કે ૭૩.૧ ટકા અધ્યાપનમંદિરોમાં એક પણ અનુસૂચિત જનજાતિનો કર્મચારી નથી. જયારે ૧૮ માંથી ૧૦ જિલ્લાનાં ૫૦ અધ્યામન મંદિરોમાં એક પણ બિન શૈક્ષણિક કર્મચારી નથી. એટલે કે કુલ અધ્યાપનમંદિરોમાં ૭૪.૬ ટકા અધ્યાપનમંદિરો અનુસૂચિત જનજાતિના બિન શૈક્ષણિક કર્મચારી વિનાનાં છે. જે જિલ્લાઓ અનુસૂચિત જનજાતિના કર્મચારી ધરાવે છે તેમાં પણ માત્ર સુરત જિલ્લા સિવાય કોઇ જિલ્લામાં બધા અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ નથી. જયાર મોટા ભાગના જિલ્લાઓમાં ૫૦ ટકા કરતાં વધુ અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જનજાતિના કર્મચારી નથી. આરીતે જોતાં કેટલીક બાબતો સ્પષ્ટ થાય છે કે દરેક અધ્યાપનમંદિરોમાં



અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ હોવા જોઇએ તેના બદલે મોટી સંખ્યામાંના અધ્યાપનમંદિરો અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ સિવાયનાં છે. મોટાભાગના જિલ્લાઓમાં વસ્તીના પ્રમાણમાં અનુસૂચિત જનજાતિનું પ્રતિનિધિત્વ દેખાતું નથી.

અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ સિવાયનાં (શૈક્ષણિક- બિન શૈક્ષણિક) અધ્યાપનમંદિરો

કોઠો-૮

| ક્રમ | જિલ્લો | અધ્યાપન મંદિરોની કુલ સંખ્યા | છે | અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ ન હોય તેવાં અધ્યાપનમંદિરોની સંખ્યા શૈક્ષણિક | ટકા | છે | બિન શૈક્ષણિક | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૭ | ૧ | ૬ | ૮૫.૭ | ૧ | ૬ | ૮૫.૭ |
| ૨. | ગાંધીનગર | ૨ | ૧ | ૧ | ૫૦.૦ | - | ૨ | ૧૦૦.૦૦ |
| ૩. | બનાસકાંઠા | ૩ | ૨ | ૧ | ૩૩.૩ | - | ૩ | ૧૦૦.૦૦ |
| ૪. | વડોદરા | ૪ | ૨ | ૨ | ૫૦.૦ | ૩ | ૧ | ૨૫.૦ |
| ૫. | ભરૂચ | ૩ | ૧ | ૨ | ૬૬.૬ | ૩ | - | - |
| ૬. | ખેડા | ૭ | - | ૭ | ૧૦૦.૦૦ | - | ૭ | ૧૦૦.૦૦ |
| ૭. | મહેસાણા | ૩ | ૧ | ૨ | ૬૬.૬ | - | ૩ | ૧૦૦.૦૦ |
| ૮. | પંચમહાલ | ૪ | ૩ | ૧ | ૨૫.૦ | ૨ | ૨ | ૫૦.૦૦ |
| ૯. | સાબરકાંઠા | ૪ | - | ૪ | ૧૦૦.૦૦ | ૧ | ૩ | ૭૫.૦૦ |
| ૧૦. | સુરત | ૪ | ૪ | - | - | ૪ | - | - |
| ૧૧. | વલસાડ | ૩ | ૩ | - | - | ૨ | ૧ | ૩૩.૩૩ |
| ૧૨. | અમરેલી | ૨ | - | ૨ | ૧૦૦.૦૦ | - | ૨ | ૧૦૦.૦૦ |
| ૧૩. | કચ્છ | ૨ | - | ૨ | ૧૦૦.૦૦ | - | ૨ | ૧૦૦.૦૦ |
| ૧૪. | રાજકોટ | ૩ | - | ૩ | ૧૦૦.૦૦ | - | ૩ | ૧૦૦.૦૦ |
| ૧૫. | જૂનાગઢ | ૪ | - | ૪ | ૧૦૦.૦૦ | - | ૪ | ૧૦૦.૦૦ |
| ૧૬. | ભાવનગર | ૫ | - | ૫ | ૧૦૦.૦૦ | ૧ | ૪ | ૮૦.૦૦ |
| ૧૭. | જામનગર | ૩ | - | ૩ | ૧૦૦.૦૦ | - | ૩ | ૧૦૦.૦૦ |
| ૧૮. | સુરેન્દ્રનગર | ૪ | - | ૪ | ૧૦૦.૦૦ | - | ૪ | ૧૦૦.૦૦ |
| | કુલ | ૬૭ | ૧૮ | ૪૯ | ૬૧.૨ | ૧૭ | ૫૦ | ૭૪.૬ |

જે અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ છે તે કેટલા વર્ષથી આ અધ્યાપનમંદિરોમાં છે તે કોઠા નં.૯ પરથી સ્પષ્ટ થાય છે.

કોઠો-૯

અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓની નોકરીનો સમય

| | ૧ વર્ષની અંદર | ૧થી ૨ વર્ષ | ૨થી ૫ વર્ષ | ૫થી ૧૦ વર્ષ | ૧૦ થી ૧૫ વર્ષ | ૧૫ વર્ષથી ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| પુરુષ | ૮ | ૧૧ | ૧૬ | ૧૦ | ૫ | ૫ | ૫૫ |
| સ્ત્રી | ૧ | ૩ | ૪ | ૧ | ૧ | - | ૧૦ |
| કુલ | ૯ | ૧૪ | ૨૦ | ૧૧ | ૬ | ૫ | ૬૫ |

ઉપરના કોઠામાં બતાવ્યા મુજબ અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનું પ્રમાણ ૫ વર્ષથી ઓછી મુદતમાં જોડાયેલા કર્મચારીઓનું પ્રમાણ વધુ છે. જેની સંખ્યા ૪૩ જેટલી થાય છે. એટલે કે કુલ અનુસૂચિત જનજાતિના કર્મચારીઓમાં ૬૬ ટકા કર્મચારીઓ પાંચ વર્ષથી ઓછી મુદતના છે. જ્યારે છેલ્લા દસ વર્ષમાં જોડાયેલા હોય એવા કર્મચારીઓની ટકાવારી ૮૪ ટકાની છે. એટલે કે અનુસૂચિત જનજાતિના કર્મચારીઓની ૧૦ વર્ષથી જ સંખ્યા થઇ છે. તેમાંય સ્ત્રીઓનું પ્રમાણ છેલ્લા પાંચ વર્ષમાં જ વધુ છે. એટલે કે ૫ વર્ષની નોકરીવાળી સ્ત્રીઓ ૮૦ ટકા જેટલી છે. જ્યારે ૧૫ વર્ષ પહેલાં એક પણ સ્ત્રી કર્મચારીની સંખ્યા નહોતી.

કોઠો- ૧૦

કાયમી અને હંગામી જગ્યા પરના અનુસૂચિત જનજાતિના કર્મચારીઓની સંખ્યા

| કાયમી | | હંગામી | | કુલ |
|---|---|---|---|---|
| પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | |
| ૪૦ | ૬ | ૧૫ | ૪ | ૬૫ |



અનુસૂચિત જનજાતિના એ કર્મચારીઓમાં હંગામી જગ્યા પરના લગભગ ૩૦ ટકા કર્મચારીઓ છે.

અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓમાં શૈક્ષણિક દરજ્જો જોતાં કેટલીક વધુ સ્પષ્ટતા થાય છે.

કોઠો-૧૧

અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનો શૈક્ષણિક દરજ્જો

| | પ્રાથમિક શાળાંત પી.ટી.સી. | એસ.એસ.સી. પી.ટી.સી. | સ્નાતક | બી.એડ. | અનુસ્નાતક | જવાબ નથી | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| પુરુષ | ૧૮ | ૭ | - | ૧૯ | ૧ | ૧૦ | ૫૫ |
| સ્ત્રી | - | - | - | ૮ | - | ૨ | ૧૦ |
| કુલ | ૧૮ | ૭ | - | ૨૭ | ૧ | ૧૨ | ૬૫ |

શૈક્ષણિક દરજ્જો જોતાં સ્પષ્ટ થાય છે કે અધ્યાપનમંદિરોમાં કામ કરતા અનુસૂચિત જનજાતિના કર્મચારીઓમાં સ્નાતક ઉપરની ડિગ્રી ધરાવતા કર્મચારીઓ ૪૪.૪ ટકા છે. જે પ્રથમ નજરે જ ધ્યાન ખેંચે છે. પ્રાથમિક શાળાંત અને એસ.એસ.સી. સાથે પી.ટી.સી. કરેલ કર્મચારીઓનું પ્રમાણ ૩૮.૫ ટકાનું છે. ૧૨ કર્મચારીઓએ પોતાનો શૈક્ષણિક દરજ્જો દર્શાવેલ નથી. અને તેમાંયે ૮૦ ટકા બહેનો બી.એ., બી.એડ.ની ઉપાધિ ધારણ કરેલી છે. આ રીતે જોતાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ શિક્ષણનું પણ ઉચ્ચ એવું પ્રમાણ ધરાવે છે.

અનુસૂચિત જનજાતિના કર્મચારીઓને જાતિવાર જોવાથી કઇ કઇ જાતિઓ વિશેષ પ્રમાણમાં પ્રતિનિધિત્વ ધરાવે છે તેમજ કઇ જાતિઓનું પ્રતિનિધિત્વ બિલકુલ નથી તેનો ખ્યાલ આવે. ગુજરાતમાં અનુસૂચિત જનજાતિઓની કુલ ૨૮ જાતિઓ છે. આમાં જાતિવાર પ્રમાણ કેટલું છે તે કોઠા નં.૧૨ પરથી જા શકાશે.

કોઠા નં.૧૨ માં જોવાથી જણાઇ આવશે કે અનુસૂચિત જનજાતિઓની ૨૮ જાતિઓમાંથી માત્ર આઠ જાતિઓનું જ પ્રતિનિધિત્વ અધ્યાપનમંદિરોમાંના કર્મચારીઓમાં છે. એમાં પણ વધુ સંખ્યા ચૌધરી જાતિની છે. બીજા નંબરે ધોડિયા જાતિ આવે છે. આ ઉપરાંત ભીલ, વસાવા, અને ગરાસિયાઓની સંખ્યા પણ કુલ અનુસૂચિત જનજાતિના કર્મચારીઓમાં છે. જો ગરાસિયા અને વસાવાને ભીલમાં ગણીએ તો વધુમાં વધુ સંખ્યા ભીલ જાતિની થાય છે. આ ઉપરાંત હળપતિની સંખ્યા પણ ૪ ની છે. આ જાતિઓમાં પણ સ્ત્રીઓ કર્મચારીઓ હોય એવી માત્ર ત્રણ જ જાતિઓ છે. કુલ કર્મચારીઓની

જાતિ બતાવવામાં આવી નથી. તેથી તેઓનો સમાવેશ ખરેખર આદિવાસીઓમાં થાય છે કે કેમ તે શંકાસ્પદ હોવાથી જો તેમને આ ગણતરીમાંથી બાકાત કરીએ તો આદિવાસી કર્મચારીઓનું પ્રમાણ હજી પણ ઘટે. આ ઉપરથી એમ લાગે છે કે નોકરીઓમાં પણ વધુ પ્રતિનિધિત્વ ધરાવતી જાતિઓ જે આગળ પડતી છે તેમનું જ પ્રમાણ વધુ છે.

કોઠા-૧૨

જાતિવાર અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ

| ધોડિયા | | | ચૌધરી | | | ગરાસિયા | | | ભીલ | | | હળપતિ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૮ | ૪ | ૧૨ | ૧૧ | ૩ | ૧૪ | ૩ | - | ૩ | ૯ | - | ૯ | ૪ | - |

| રાઠવા | | | વસાવા | | | નાયક | | | જાતિ બતાવી ન હોય તેવી સંખ્યા | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ |
| ૪ | - | ૪ | ૫ | ૨ | ૭ | ૨ | - | ૨ | ૯ | ૧ | ૧૦ | ૬૫ |

સમગ્ર રીતે જોતાં આ જનજાતિનું કેવું, કેટલું તેમજ કેવા પ્રકારના દરજ્જાઓમાં પ્રતિનિધિત્વ છે તે ચિત્ર ઉપરના કોઠાથી સંપૂર્ણ સ્પષ્ટ થાય છે.

અનુસૂચિત જાતિના કર્મચારીઓનું સ્થાન :

ગુજરાતમાં કુલ ૬૭ અધ્યાપનમંદિરો છે. ડાંગ જિલ્લા સિવાયના દરેક જિલ્લાઓ અધ્યાપનમંદિરો ધરાવે છે. આ અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જાતિના કર્મચારીઓની સંખ્યા નીચે પ્રમાણે જોવા મળી હતી.

કોઠો -૧૩

અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જાતિના કર્મચારીઓની સંખ્યા

| કર્મચારીઓ | સંખ્યા પુરુષ | સ્ત્રી | કુલ સંખ્યા |
|---|---|---|---|
| કુલ કર્મચારીઓ | ૯૩૭ | ૨૯૬ | ૧૨૩૩ |
| અનુસૂચિત જાતિના કર્મચારીઓ | ૧૨૪ | ૨૮ | ૧૫૨ |
| અનુસૂચિત જાતિના કર્મચારીઓની કુલ કર્મચારીઓમાં ટકાવારી | ૧૩.૪ | ૯.૫ | ૧૨.૩ |

ગુજરાતનાં ૬૭ અધ્યાપનમંદિરોમાં ૧૨૩૩ કર્મચારીઓ છે. જેમાં માત્ર ૧૫૨ (૧૨.૩ ટકા) અનુસૂચિત જાતિના કર્મચારીઓ છે. તેમાંય સ્ત્રીઓની સંખ્યા ઘણી ઓછી છે. કુલ સ્ત્રી કર્મચારીઓ ૨૯૬ છે. તેમાંથી અનુસૂચિત જાતિની સ્ત્રી કર્મચારીઓ ૯.૫ ટકા છે. જયારે આ કર્મચારીઓની સંખ્યા જિલ્લાવાર નીચે પ્રમાણે હતી.



જિલ્લાવાર અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જાતિના કર્મચારીઓનું પ્રમાણ

| ક્રમ | જિલ્લાઓ | અધ્યાપન મંદિરોની સંખ્યા | કુલ કર્મચારીઓ પુરુષ | સ્ત્રી | અનુસૂચિત જાતિના પુરુષ | સ્ત્રી | કુલ કર્મચારીઓમાં અનુસૂચિત જાતિના કર્મચારીઓની ટકાવારી જિલ્લાવાર |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૭ | ૧૦૨ | ૪૩ | ૨૧ | ૮ | ૨૦.૦ |
| ૨. | ગાંધીનગર | ૨ | ૨૯ | ૧૨ | ૨ | ૧ | ૭.૩ |
| ૩. | બનાસકાંઠા | ૩ | ૪૫ | ૬ | ૭ | ૧ | ૧૫.૬ |
| ૪. | વડોદરા | ૪ | ૮૩ | ૩૭ | ૧૨ | ૪ | ૧૩.૩ |
| ૫. | ભરૂચ | ૩ | ૩૬ | ૨૧ | ૪ | ૨ | ૧૦.૫ |
| ૬. | ખેડા | ૭ | ૧૦૦ | ૨૪ | ૧૨ | ૧ | ૧૦.૫ |
| ૭. | મહેસાણા | ૩ | ૩૮ | ૧૯ | ૪ | ૩ | ૧૨.૩ |
| ૮. | પંચમહાલ | ૪ | ૬૧ | ૧૪ | ૪ | ૧ | ૬.૭ |
| ૯. | સાબરકાંઠા | ૪ | ૫૬ | ૮ | ૧૪ | ૨ | ૨૫.૦ |
| ૧૦. | સુરત | ૪ | ૫૨ | ૧૭ | ૯ | - | ૧૩.૦ |
| ૧૧. | વલસાડ | ૩ | ૨૬ | ૧૪ | - | - | - |
| ૧૨. | અમરેલી | ૨ | ૩૨ | ૪ | ૨ | - | ૫.૫ |
| ૧૩. | કચ્છ | ૨ | ૨૯ | ૧૩ | ૨ | ૨ | ૯.૫ |
| ૧૪. | રાજકોટ | ૩ | ૩૨ | ૧૭ | ૬ | ૧ | ૧૪.૩ |
| ૧૫. | જૂનાગઢ | ૪ | ૫૪ | ૧૧ | ૪ | ૨ | ૯.૨ |
| ૧૬. | ભાવનગર | ૫ | ૬૭ | ૧૪ | ૬ | - | ૭.૪ |
| ૧૭. | જામનગર | ૩ | ૫૦ | ૧૪ | ૬ | - | ૯.૪ |
| ૧૮. | સુરેન્દ્રનગર | ૪ | ૪૫ | ૮ | ૯ | - | ૧૬.૯ |
| | કુલ | ૬૭ | ૯૩૭ | ૨૯૬ | ૧૨૪ | ૨૮ | ૧૨.૩ |

ગુજરાતમાં જિલ્લવાર અધ્યાપનમંદિરોની ટકાવારી જોતાં કહી શકાય કે માત્ર એક જિલ્લાના અધ્યાપનમંદિરો સિવાય ૧૮ માંથી ૧૭ જિલ્લાના અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જાતિની સંખ્યા છે. અને ટકાવારી પ્રમાણ પણ અનુસૂચિત જન.તિના કર્મચારીઓ કરતાં વધુ છે. છતાં પ્રમાણ સંપૂર્ણપણ દરેક અધ્યાપનમંદિરમાં જળવાયું નથી. છ જિલ્લા એવા છે કે જેમાં એક પણ અનુસૂચિત જાતિની સ્ત્રી કર્મચારીન નથી. માત્ર પુરુષ અનુસૂચિત જાતિના કર્મચારીઓ જ છે. અનુસૂચિત જાતિઓમાં શિક્ષણનું પ્રમાણ ગુજરાત રાજ્યમાં ૨૭.૭૪ ટકાનું હોવા છતાં તેમનું પ્રમાણ અધ્યાપનમંદિરોમાં કેટલું છે તે ઉપરના કોઠા નં.૧૪ માંથી જાણી શકાય છે. આ જ પ્રમાણ દેખાય છે તેમાં શૈક્ષણિક કર્મચારીઓ અને બિન શૈક્ષણિક કર્મચારીઓનું પ્રમાણ જોવાથી વધુ સ્પષ્ટ થશે કે અનુસૂચિત જાતિના કર્મચારીઓનું સ્થાન કયા પ્રકારની નોકરીઓમાં વધુ છે.

કોઠો-૧૫

શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓમાં અનુસૂચિત જાતિના કર્મચારીઓનું પ્રમાણ

| | શૈક્ષણિક કર્મચારીઓ | | | બિન શૈક્ષણિક કર્મચારીઓ | | |
|---|---|---|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| કુલ કર્મચારીઓની સંખ્યા | ૫૪૬ | ૨૪૦ | ૭૮૬ | ૩૯૧ | ૫૬ | ૪૪૭ |
| અનુસૂચિત જાતિના કર્મચારીઓની સંખ્યા | ૩૧ | ૭ | ૩૮ | ૯૩ | ૨૧ | ૧૧૪ |
| કુલ કર્મચારીઓમાં અનુસૂચિત જાતિના કર્મચારીઓની ટકાવારી | ૫.૭ | ૨.૯ | ૪.૮ | ૨૩.૮ | ૩૭.૫ | ૨૫.૫ |

જિલ્લાવાર જોતાં અનુસૂચિત જાતિના કર્મચારીઓની સંખ્યા પ્રથમ નજરે જ દેખાય છે, તે સંખ્યાને શૈક્ષણિક- બિન શૈક્ષણિકના વર્ગમાં જોવાથી સ્પષ્ટ ખ્યાલ આવે છે. કુલ જે કર્મચારીઓ છે તેમાંથી અનુસૂચિત જાતિના કર્મચારીઓ ૨૫ ટકા જ શૈક્ષણિક અને ૭૫ ટકા કર્મચારીઓ બિન શૈક્ષણિકમાં છે. આમાં પણ કુલ શૈક્ષણિક કર્મચારીઓમાં અનુસૂચિત જાતિના શૈક્ષણિક કર્મચારીઓ ૪.૮ ટકા અને તેમાંય કુલ પુરુષ શૈક્ષણિક કર્મચારીઓમાં અનુસૂચિત જાતિના શૈક્ષણિક કર્મચારીઓ માત્ર ૫.૭ ટકા અને કુલ સ્ત્રી શૈક્ષણિક કર્મચારીઓમાં અનુસૂચિત જાતિની સ્ત્રી શૈક્ષણિક કર્મચારીઓ તો માત્ર ૨.૯ ટકા જ છે. આમ તેમની મોટી સંખ્યા તો બિન શૈક્ષણિકમાં છે. કુલ બિન શૈક્ષણિક કર્મચારીઓમાં ૨૫.૫ ટકા અનુસૂચિત



સ્ત્રી બિન

જાતિઓના કર્મચારીઓ છે. અને પુરુષ બિન શૈક્ષણિક કર્મચારીઓમાં ૨૩.૮ ટકા અને શૈક્ષણિક કર્મચારીઓમાં વધુમાં વધુ સંખ્યા અનુસૂચિત જાતિની સ્ત્રી કર્મચારીઓની છે. જે ૩૭.૫ ટકાની છે. આ રીતે જોઇએ તો અનુસૂચિત જાતિના કર્મચારીઓનું પ્રમાણ બિન શૈક્ષણિક કર્મચારીઓમાં જ વધારે છે. જ્યારે અનુસૂચિત જાતિના કર્મચારીઓને વધુ વિગતે સ્પષ્ટ કરવા સરકારી અને બિન સરકારી અધ્યાપનમંદિરોવાર જોવાથી વધુ સ્પષ્ટ થશે કે સરકારી અધ્યાપનમંદિરો અને બિન સરકારી અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જાતિના કર્મચારીઓની શૈક્ષણિક અને બિન શૈક્ષણિક ક્ષેત્રે શું પરિસ્થિતિ છે તેનો સાચો ખ્યાલ આવશે.

કોઠો-૧૬

સરકારી બિન સરકારી અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જાતિના કર્મચારીઓનું પ્રમાણ

| અધ્યાપનમંદિરો | કુલ અધ્યાપન મંદિરો | કુલ કર્મચારીઓ | અનુસૂચિત જાતિના કર્મચારીઓ | કુલ કર્મચારીઓમાં ટકા |
|---|---|---|---|---|
| સરકારી અધ્યાપન મંદિરો | ૨૪ | ૫૩૦ | ૧૦૨ | ૧૯.૨ |
| બિન સરકારી અધ્યાપન મંદિરો | ૪૩ | ૭૦૩ | ૫૦ | ૭.૧ |
| કુલ | ૬૭ | ૧૨૩૩ | ૧૫૨ | ૧૨.૩ |

સરકારી અધ્યાપનમંદિરો ૨૪ છે જ્યારે બિન સરકારી ૪૩ છે. એટલે કે બિન સરકારીની સંખ્યા વધારે છે. તેમાં સરકારી અધ્યાપનમંદિરોમાં ૫૩૦ કર્મચારીઓ છે. તેમાંથી ૧૯.૨ ટકા અનુસૂચિત જાતિના કર્મચારીઓ છે. અને બિન સરકારી અધ્યાપનમંદિરોમાં ૭૦૩ કુલ કર્મચારીઓ છે. તેમાંથી અનુસૂચિત જાતિના કર્મચારીઓ માત્ર ૭.૧ ટકા જ છે. આ આંકડા જોતાં સ્પષ્ટ થાય છે કે બિન સરકારી અધ્યાપનમંદિરોમાં કેટલું ઓછું પ્રમાણ અનુસૂચિત જાતિના કર્મચારીઓનુ છે. કુલ અનુસૂચિત જાતિના કર્મચારીઓમાં ૬૭.૧ ટકા કર્મચારીઓ સરકારીમાં અને માત્ર ૩૨.૯ ટકા કર્મચારીઓ જ બિન સરકારીમાં છે. આ અધ્યાપનમંદિરોમાં પણ જે કંઇ પ્રમાણ છે તેમાં બિન શૈક્ષણિક કર્મચારીઓમાં જ વધુ છે. આ કર્મચારીઓને દરજ્જાવાર જોવાથી વધુ ખ્યાલ આવશે કે કયા પ્રકારની નોકરીઓમાં અનુસૂચિત જાતિના કર્મચારીઓ વધુ છે.

કોઠો-૧૭

અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જાતિના કર્મચારીઓનું દરજ્જાવાર વર્ગીકરણ

| | આચાર્ય | | અધ્યાપકો | | | | કારકૂન | | પટાવાળા | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પૂરા સમયના | | નિયત સમયના | | | | | |
| | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| કુલ કર્મચારીની સંખ્યા | ૪૦ | ૨૭ | ૩૯૮ | ૧૮૫ | ૧૦૮ | ૨૮ | ૮૬ | ૧૨ | ૧૯૯ | ૧૭ |
| અનુસૂચિત જાતિના કર્મચારીઓની સંખ્યા | ૨ | - | ૨૪ | ૬ | ૫ | ૧ | ૮ | ૧ | ૫૦ | ૩ |
| ટકાવારી, દરજ્જાવાર | ૨.૯. | | ૫.૧ | | ૪.૪ | | ૯.૨ | | ૨૪.૫ | |

| | પાણીવાળા | | ઝાડુવાળા | | ચોકીદાર | | અન્ય | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| - | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| કુલ કર્મચારીની સંખ્યા | ૪ | ૬ | ૨૬ | ૧૬ | ૩૨ | - | ૪૪ | ૫ | ૯૩૭ | ૨૯૬ |
| અનુસૂચિત જાતિના કર્મચારીઓની સંખ્યા | ૧ | ૧ | ૨૫ | ૧૫ | ૫ | - | ૪ | ૧ | ૧૨૪ | ૨૮ |
| ટકાવારી, દરજ્જાવાર | ૨૦.૦ | | ૯૫.૨ | | ૧૫.૬ | | ૧૦.૨ | | ૧૨.૩ | |



અનુસૂચિત જાતિના કર્મચારીઓનું જે પ્રમાણ છે તે દરજ્જાના ક્રમમાં જોતાં લાગે છે કે તેમનું સ્થાન કયા પ્રકારની નોકરીઓમાં છે. ખાસ કરીને બિન શૈક્ષણિકમાં અનુસૂચિત જાતિની સંખ્યા વધુ છે. આ બિન શૈક્ષણિકમાં પણ કારકૂન કક્ષાની નોકરીઓમાં પ્રમાણ માત્ર ૯ ટકા છે, જ્યારે પટાવાળા અને પાણીવાળાઓમાં અનુક્રમે પચ્ચીસ અને વીસ ટકાનું પ્રમાણ ધરાવે છે. આ ઉપરાંત અનુસૂચિત જાતિના કર્મચારીઓનું પ્રમાણ જે ઝાડુવાળા છે તેમાં ૯૫ ટકા ઝાડુવાળા અનુસૂચિત જાતિના છે. એટલે કે અનુસૂચિત જાતિના કર્મચારીઓમાં ઝાડુવાળા તરીકેનું સ્થાન વધુમાં વધુ છે. કારણ કે આ દરજ્જાને સામાજિક રીતે નીચલી કક્ષાનો ધંધો ગણવામાં આવે છે. આમાં ઉપરની જ્ઞાતિવાળા આ નોકરી સ્વીકારવા તૈયાર થતા નથી. જેને કારણે ઝાડુવાળામાં લગભગ અનુસૂચિત જાતિના જ છે. એટલે કે નીચા સામાજિક દરજ્જાવાળી નોકરીઓમાં અનુસૂચિત જાતિના કર્મચારીઓનું પ્રમાણ વધારે છે. જ્યારે શૈક્ષણિકમાં તેમનું પ્રમાણ બહુ જ ઓછું છે. ૬૭ આચાર્યોમાં માત્ર બે અનુસૂચિત જાતિના આચાર્યો છે. અધ્યાપકોમાં પણ તેમનું પ્રમાણ ખૂબ જ અલ્પ સંખ્યામાં છે.

અનુસૂચિત જાતિના કર્મચારીઓમાં સ્ત્રી કર્મચારીઓનું શું સ્થાન છે તે કોઠા ૧૮ પરથી સ્પષ્ટ થાય છે.

કોઠો-૧૮

અનુસૂચિત જાતિની સ્ત્રી કર્મચારીઓનું પ્રમાણ

| | કુલ સ્ત્રી કર્મચારીઓ | અનુસૂચિત જાતિની સ્ત્રી કર્મચારીઓ | ટકા |
|---|---|---|---|
| શૈક્ષણિક | ૨૪૦ | ૭ | ૨.૯ |
| બિન શૈક્ષણિક | ૫૬ | ૨૧ | ૩૭.૫ |
| કુલ | ૨૯૬ | ૨૮ | ૯.૫ |

અનુસૂચિત જાતિની સ્ત્રી કર્મચારીઓમાં કુલ સ્ત્રી કર્મચારીઓમાં માત્ર ૯.૫ ટકાનું પ્રમાણ છે. અને શૈક્ષણિક કર્મચારીઓમાં માત્ર ૨.૯ ટકાનું પ્રમાણ છે. જ્યારે બિન શૈક્ષણિકમાં ૩૭.૫ ટકાનું પ્રમાણ છે. બિન શૈક્ષણિકમાં પણ તેમનું પ્રમાણ વધુમાં વધુ ઝાડુવાળા તરીકેમાં છે. અનુસૂચિત જાતિની સ્ત્રી કર્મચારીઓ બિન શૈક્ષણિકમાં ૨૧ની સંખ્યા છે. તેમાંથી ૧૫ ઝાડુવાળા દરજ્જાના છે. આ આંકડા બતાવે છે કે અનુસૂચિત જાતિની સ્ત્રીઓનું પ્રમાણ નીચી કક્ષાની નોકરીઓમાં અધ્યાપનમંદિરોમાં જણાય છે.

અનુસૂચિત જાતિના કર્મચારીઓના પ્રમાણ અંગે જેમ આગળ સરકારી- બિન સરકારી અધ્યાપનમંદિરો -માં તેમના પ્રમાણ વિષેની ચર્ચા કરી તેમાંથી ઘણી બાબતો સ્પષ્ટ થાય છે. તે રીતે અનુસૂચિત જાતિના કર્મચારીઓની બિલકુલ સંખ્યા ન હોય તેવાં દરેક જિલ્લામાં કેટલાં અધ્યાનમંદિરો છે તે કોઠા ૧૯ માં જોવાથી સ્પષ્ટ ખ્યાલ આવશે.

કોઠો-૧૯

| ક્રમ | જિલ્લો | અધ્યાપન મંદિરોની સંખ્યા | અનુસૂચિત જાતિના શૈક્ષણિક કર્મચારી- ન હોય તેવાં અધ્યાપનમંદિરો | ટકા | અનુસૂચિત જાતિના બિન શૈક્ષણિક કર્મચારીઓન ન હોય તેવાં અધ્યાપનમંદિરો | ટકા |
|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૩ | ૩ | ૪૨.૮ | ૨ | ૨૮.૫ |
| ૨. | ગાંધીનગર | ૨ | ૧ | ૫૦.૦ | ૧ | ૫૦.૦ |
| ૩. | બનાસકાંઠા | ૩ | ૧ | ૩૩.૩ | – | – |
| ૪. | વડોદરા | ૪ | ૨ | ૫૦.૦ | – | -- |
| ૫. | ભરૂચ | ૩ | ૧ | ૩૩.૩ | ૧ | ૩૩.૩ |
| ૬. | ખેડા | ૭ | ૬ | ૮૫.૭ | ૨ | ૨૮.૫ |
| ૭. | મહેસાણા | ૩ | ૨ | ૬૬.૬ | ૨ | ૬૬.૬ |
| ૮. | પંચમહાલ | ૪ | ૨ | ૫૦.૦ | ૨ | ૫૦.૦ |
| ૯. | સાબરકાંઠા | ૪ | – | – | – | – |
| ૧૦. | સુરત | ૪ | ૨ | ૫૦.૦ | ૧ | ૨૫.૦ |
| ૧૧. | વલસાડ | ૩ | ૩ | ૧૦૦.૦ | ૩ | ૧૦૦.૦ |
| ૧૨. | અમરેલી | ૨ | ૨ | ૧૦૦.૦ | | |
| ૧૩. | કચ્છ | ૨ | ૧ | ૫૦.૦ | ૧ | ૫૦.૦ |
| ૧૪. | રાજકોટ | ૩ | ૧ | ૩૩.૩ | ૧ | ૩૩.૩ |
| ૧૫. | જૂનાગઢ | ૪ | ૪ | ૧૦૦.૦ | ૧ | ૨૫.૦ |
| ૧૬. | ભાવનગર | ૫ | ૪ | ૮૦.૦ | ૨ | ૪૦.૦ |
| ૧૭. | જામનગર | ૩ | ૩ | ૧૦૦.૦ | – | – |
| ૧૮. | સુરેન્દ્રનગર | ૪ | ૩ | ૭૫.૦ | – | – |
| કુલ | | ૬૭ | ૪૧ | ૬૧.૨ | ૧૯ | ૨૮.૩ |



ગુજરાતનાં ૬૭ અધ્યાપનમંદિરોમાંથી ૪૧ અધ્યાપનમંદિરો એવાં છે કે જેમાં એક પણ અનુસૂચિત જાતિનો કર્મચારી શૈક્ષણિક ક્ષેત્રમાં નથી. આ આંકડાઓ પરથી પ્રતિતિ થાય છે કે ૬૧ ટકા અધ્યાપન-મંદિરોનો શૈક્ષણિક કર્મચારીઓમાં અનુસૂચિત જાતિના કર્મચારીઓનું બિલકુલ સ્થાન નથી. આમાં પણ ૧૯ જિલ્લાઓમાંથી ચાર જિલ્લાઓ એવા છે કે જેમાં ૧૦૦ ટકા અનુસૂચિત જાતિના શૈક્ષણિક કર્મચારીઓ સિવાયનાં અધ્યાપનમંદિરો છે. જ્યારે ૯ જિલ્લા ૫૦ ટકા અને ૫૦ ટકાથી ઉપરના અનુસૂચિત જાતિના શૈક્ષણિક કર્મચારીઓ ન હોય તેવાં છે. આ ટકાવારી જોતાં આઝાદીનાં આટલાં વર્ષો પછી અનુસૂચિત જાતિઓને ક્યાં, કેવા અને કેટલી નોકરી મળે છે તે સ્પષ્ટ થાય છે. જ્યારે બિન શૈક્ષણિકમાં પણ ૬૭ માંથી માત્ર ૧૯ અધ્યાપન મંદિરો એવાં છે કે જેમાં બિન શૈક્ષણિક કર્મચારીઓ એક પણ નથી. એક જિલ્લામાં ૧૦૦ ટકા બિન શૈક્ષણિક અનુસૂચિત જાતિના કર્મચારીઓ નથી. જ્યારે ૪ જિલ્લાઓમાં ૫૦ ટકા ઉપરાંતના અધ્યાપનમંદિરો અનુસૂચિત જાતિના કર્મચારીઓ નથી.

સરકારી નીતિ અનુસાર દરેક અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જાતિના કર્મચારીઓ હોવા જોઈએ તેના બદલે કોઠામાં જણાવેલ આંકડાઓ જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે અનુસૂચિત જાતિના કર્મચારીઓનું શું સ્થાન છે. તેમાંય ગુજરાતના બધા જિલ્લાઓમાં વધતા ઓછા પ્રમાણમાં અનુસૂચિત જાતિની વસ્તી હોવા છતાં દરેક અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જાતિઓને સ્થાન મળી શક્યું નથી. શૈક્ષણિકમાં તો નહીં પણ બિન શૈક્ષણિકમાં પણ બધાં અધ્યાપનમંદિરોમાં સ્થાન મળી શક્યું નથી.

અનુસૂચિત જાતિના કર્મચારીઓને ટકાવારી પ્રમાણે દરેક જિલ્લામાં જોતાં કોઠા ૨૦ માંથી જે ટકાવારીના આંકડા આપ્યા છે તેમાંથી સ્પષ્ટ દેખાય છે કે ગુજરાતના દરેક જિલ્લાના અધ્યાપન-મંદિરોમાંથી ૧૪ અધ્યાપનમંદિરોમાં તો એક પણ અનુસૂચિત જાતિનો કર્મચારી નથી. જ્યારે ૨૭ અધ્યાપનમંદિરો કે જેમાં ૧૦ ટકા જેટલી અનુસૂચિત જાતિના કર્મચારીઓની સંખ્યા છે. જ્યારે ૪૦ ટકા ઉપરના કર્મચારીઓનું પ્રમાણ ધરાવતાં એક પણ અધ્યાપનમંદિર નથી. આ ટકાવારીનું ધોરણ જોતાં સ્પષ્ટ થાય છે કે અનુસૂચિત જાતિની અનામત બેઠકોનું પ્રમાણ પણ જળવાતું નથી.

## જિલ્લાવાર અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જાતિના કર્મચારીઓનું પ્રમાણ (ટકાવારી પ્રમાણ)

કોઠો-૨૦

| ક્રમ | જિલ્લો | ૦ ટકા | ૧-૪ ટકા | ૫-૭ ટકા | ૮-૧૦ ટકા | ૧૧-૧૫ ટકા | ૧૬-૨૦ ટકા | ૨૧-૨૫ ટકા | ૨૬-૩૦ ટકા | ૩૧-૪૦ ટકા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | - | - | ૩ | ૧ | - | - | ૧ | - | ૨ | ૭ |
| ૨. | ગાંધીનગર | ૧ | - | - | - | - | ૧ | - | - | - | ૨ |
| ૩. | બનાસકાંઠા | - | - | ૧ | - | - | ૧ | ૧ | - | - | ૩ |
| ૪. | વડોદરા | - | - | - | ૨ | ૧ | - | ૧ | - | - | ૪ |
| ૫. | ભરૂચ | ૧ | - | ૧ | - | - | - | ૧ | - | - | ૩ |
| ૬. | ખેડા | ૧ | - | ૨ | ૨ | - | ૨ | - | - | - | ૭ |
| ૭. | મહેસાણા | ૨ | - | - | - | - | - | - | ૧ | - | ૩ |
| ૮. | પંચમહાલ | ૨ | - | - | - | ૨ | - | - | - | - | ૪ |
| ૯. | સાબરકાંઠા | - | - | ૧ | - | - | ૧ | - | ૧ | ૧ | ૪ |
| ૧૦. | સુરત | ૧ | - | ૧ | - | ૧ | - | ૧ | - | - | ૪ |
| ૧૧. | વલસાડ | ૩ | - | - | - | - | - | - | - | - | ૩ |
| ૧૨. | અમરેલી | - | ૧ | ૧ | - | - | - | - | - | - | ૨ |
| ૧૩. | કચ્છ | - | - | ૧ | - | - | ૧ | - | - | - | ૨ |
| ૧૪. | રાજકોટ | - | - | ૧ | - | ૧ | - | - | ૧ | - | ૩ |
| ૧૫. | જૂનાગઢ | ૧ | - | ૧ | ૧ | - | ૧ | - | - | - | ૪ |
| ૧૬. | ભાવનગર | ૨ | - | - | ૧ | ૧ | ૧ | - | - | - | ૫ |
| ૧૭. | જામનગર | - | - | - | ૩ | - | - | - | - | - | ૩ |
| ૧૮. | સુરેન્દ્રનગર | - | - | ૧ | ૨ | - | - | - | - | ૧ | ૪ |
| | કુલ | ૧૪ | ૧ | ૧૪ | ૧૨ | ૬ | ૮ | ૫ | ૩ | ૪ | ૬૭ |



## વર્ષવાર અનુસૂચિત જાતિના કર્મચારીઓનો અધ્યાપનમંદિરોમાં નોકરીનો સમય

કોઠો-૨૧

| | એક વર્ષની અંદર | ૧થી ૨ વર્ષ | ૨થી ૫ વર્ષ | ૫થી ૧૦ વર્ષ | ૧૦ થી ૧૫ વર્ષ | ૧૫ વર્ષથી ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| પુરુષ | ૭ | ૧૮ | ૨૯ | ૨૩ | ૧૪ | ૩૩ | ૧૨૪ |
| સ્ત્રી | ૨ | ૮ | ૧૨ | ૧ | ૧ | ૪ | ૨૮ |
| કુલ | ૯ | ૨૬ | ૪૧ | ૨૪ | ૧૫ | ૩૭ | ૧૫૨ |

અનુસૂચિત જાતિના કર્મચારીઓનું પ્રમાણ છેલ્લા પાંચ વર્ષમાં જ વધુ છે. એટલે કે જેમની નોકરી પાંચ વર્ષ સુધીની થઇ હોય તેવા કર્મચારીઓ ૧૫૨માંથી ૭૬ છે. આમ પાંચ વર્ષની નોકરી થઇ હોય તેવા કર્મચારીઓ ૫૦ ટકા છે. આ કર્મચારીઓમાં કાયમી, હંગામી કર્મચારીઓની સંખ્યા કોઠા ૨૨ માં બતાવ્યા પ્રમાણે હતી.

કોઠો-૨૨

કાયમી અને હંગામી જગ્યા પરના અનુસૂચિત જાતિના કર્મચારીઓની સંખ્યા

| કાયમી | | હંગામી | | કુલ | |
|---|---|---|---|---|---|
| પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૮૪ | ૧૫ | ૪૦ | ૧૩ | ૧૨૪ | ૨૮ |

કુલ કર્મચારીઓમાં ૩૪.૮ ટકા કર્મચારીઓ હંગામી ધોરણે કામ કરે છે. જ્યારે કુલ અનુસૂચિત જાતિની સ્ત્રી કર્મચારીઓમાં ૪૬.૫ ટકા સ્ત્રી કર્મચારીઓ હંગામી છે. એટલે કે કુલ ૨૮ અનુસૂચિત જાતિની સ્ત્રી કર્મચારીઓમાં ૧૩ સ્ત્રીઓ હંગામી ધોરણે કામ કરે છે.

અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જાતિના કર્મચારીઓનો શૈક્ષણિક દરજ્જો જોતાં કેટલીક વધુ સ્પષ્ટતા થાય છે.

અનુસૂચિત જાતિના કર્મચારીઓનો શૈક્ષણિક દરજ્જો

કોઠો-૨૩

| | પી.ટી.સી. પ્રા.શાળાંત પરીક્ષા પાસ | એસ.એસ.સી. પી.ટી.સી. | સ્નાતક | બી.એડ. | અનુસ્નાતક | શૈક્ષણિક લાયકાત સિવાયના | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| પુરુષ | ૩૫ | ૨૩ | ૪ | ૧૯ | - | ૪૩ | ૧૨૪ |
| સ્ત્રી | ૧ | ૫ | ૧ | ૨ | ૧ | ૧૮ | ૨૮ |
| કુલ | ૩૬ | ૨૮ | ૫ | ૨૧ | ૧ | ૬૧ | ૧૫૨ |

અનુસૂચિત જાતિના કર્મચારીઓમાં ૬૧ કર્મચારીઓએ પોતાની શૈક્ષણિક લાયકાત બતાવી નથી. સ્નાતક અને તે ઉપરની ડિગ્રી ધરાવનાર ૨૭ જણા છે. જ્યારે એસ.એસ.સી., પી.ટી.સી. લાયકાત ધરાવનાર ૨૮ જણા છે. અને પ્રાથમિક શાળાંત, પી.ટી.સી. સાથે ૩૬ જણા છે. આ રીતે શૈક્ષણિક લાયકાત હોવા છતાં તેમનું સ્થાન મોટે ભાગે બિન શૈક્ષણિક કર્મચારીઓમાં જ વધુ દેખાય છે.

અનુસૂચિત જાતિના કર્મચારીઓને એમના જૂથવાર જોવાથી કઇ પેટા જ્ઞાતિ વધારે સ્થાન ધરાવે છે તેનો ખ્યાલ આવશે.

કોઠો-૨૪

જ્ઞાતિવાર અનુસૂચિત જાતિના કર્મચારીઓ

| | જાતિ દર્શાવેલ નથી | વણકર | રોહિત | ભંગી | માહયાવંશી | તુરી | હરિજન તરીકે -ના જૂથમાં મકવાણા,શ્રીમાળી, વાઘેલા,પરમાર, ચૌહાણ,સોલંકી વ. | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| પુરુષ | ૧૦ | ૩૧ | | ૩૧ | ૩ | ૨ | ૪૬ | ૧૨૪ |
| સ્ત્રી | ૭ | ૪ | - | - | - | ૧ | ૧૬ | ૨૮ |
| કુલ | ૧૭ | ૩૫ | ૧ | ૩૧ | ૩ | ૩ | ૬૨ | ૧૫૨ |



ઉપરના જ્ઞાતિવાર અનુસૂચિત જાતિના જૂથોમાં હરિજન તરીકે જેઓ છે તેઓની સંખ્યા વધુ છે. આ ઉપરાંત વણકરોની સંખ્યા પણ કુલ અનુસૂચિત જાતિના કર્મચારીઓમાં વધારે છે. તે ઉપરાંત ભંગીની સંખ્યા ૩૧ ની છે. આ રીતે જુદી જુદી જ્ઞાતિ અનુસૂચિત જાતિમાં છે. તેમાં પણ વધારે જ્ઞાતિઓનું પ્રતિનિધિત્વ નથી. અમુક વર્ગોને જ પ્રતિનિધિત્વ મળી શક્યું છે.

સમગ્ર રીતે જોતાં કહી શકાય કે અનુસૂચિત જાતિના કર્મચારીઓનું જે સ્થાન છે તે બધા જ અધ્યાપનમંદિરોમાં નથી. તેમજ તેમની ટકાવારી જળવાઇ નથી. આઝાદીનાં આટલાં વર્ષો પછી પણ હજી અનુસૂચિત જાતિનું સ્થાન નીચી કક્ષાની નોકરીઓમાં જ વધુ પડતું છે. તેઓમાં દિન-પ્રતિદિન શિક્ષણ વધતું રહ્યું છે અને શૈક્ષણિક લાયકાતો હોવા છતાં તેઓ બિન-શૈક્ષણિક અને તેમાં ય હલકા પ્રકારની નોકરીઓમાં વધુ સ્થાન ધરાવે છે.

...

## પ્રકરણ-૫

## કોલેજોમાં પ્રમાણ

કોઠા ૧ પરથી જણાય છે કે કુલ ૩૧૧ કોલેજોમાંથી ૧૬ સૂચિપત્રોને અને ૨૯૪ કોલેજોના (૯૪.૫૩%) પ્રત્યુત્તર મળ્યા છે. આ પ્રત્યુત્તરદાતા કોલેજોમાંથી ૧૫૮ કોલેજો (૫૩.૭૪%) એવી છે કે જેમાં કુલ કર્મચારી સંખ્યા તેમજ પછાતવર્ગના આદિવાસી અને હરિજન કર્મચારીઓની સંખ્યા આપી છે. જ્યારે ૬૬ (૨૨.૪૫%) કોલેજો એવી છે કે જેમાં કુલ કર્મચારી સંખ્યા આપી છે અને પછાતવર્ગના કર્મચારીઓ નથી એમ દર્શાવ્યું છે. એટલે કે લગભગ ૨૨૪ (૭૬.૧૯%) કોલેજો એવી છે કે જેમાં લગભગ પછાતવર્ગના પ્રમાણની દ્રષ્ટિએ જરૂરી ગણાય એવી પૂરતી વિગતો મળી છે. ૪૯ (૧૬.૬૭%) કોલેજો એવી છે કે જેમાં કુલ સંખ્યા દર્શાવી નથી. પણ સાવ પછાતવર્ગના કોઇ કર્મચારી નથી એમ દર્શાવ્યુ છે. એનો અર્થ એ થયો કે તેમાં પછાતવર્ગના કર્મચારીઓનું પ્રમાણ ૦ % જેટલું છે. ૨૧ કોલેજો (૭.૧૪%) એવી છે કે જેમાં કુલ કર્મચારીઓની સંખ્યા આપી નથી પણ પછાતવર્ગના કર્મચારીઓની સંખ્યા આપી છે. ચોકકસ પ્રમાણની દ્રષ્ટિએ આ કોલેજોની વિગતો ઉપયોગી નથી તેથી તેને બાકાત રાખવી પડી છે. હા જો કે એટલું જરૂર કહી શકાય કે આ કોલેજોમાં પછાત વર્ગના કર્મચારીઓનું પ્રમાણ ૦% નથી પણ કેટલું છે તે અન્ય સંબંધિત આંકડાઓની પ્રાપ્યતાના અભાવે કહી શકાય તેમ નથી. મતલબ કે તે પ્રમાણ અનિશ્ચિત છે. એટલે આપણા પછાતવર્ગના પ્રમાણના વિશ્લેષણની દ્રષ્ટિએ સરવાળે ઉપયોગી ગણી શકાય એવી કોલેજ સંખ્યા ૨૭૩ની રહે છે. જે કુલ ઉત્તરદાતા કોલેજ સંખ્યાના ૯૨.૮૬% અને તપાસ હેઠળની કોલેજ સંખ્યાના ૮૭.૭૮% છે.

વિદ્યાશાખાવાર તપાસ હેઠળની કુલ કોલેજ સંખ્યા અને ઉત્તરદાતા કોલેજ સંખ્યા જોઇએ તો વાણિજ્ય, કાનૂન, વિજ્ઞાન, આયુર્વેદિક, એલોપથી, તબીબી, વાણિજ્ય અને કાનૂન, વિજ્ઞાન અને કાનૂન, સંગીત, પોલીટેકનીક, ગ્રંથાલય, સમાજકાર્ય અને ગૃહવિજ્ઞાન અને ભાષા સાહિત્ય ભવનમાં પૂરેપૂરી કોલેજોએ પ્રત્યુત્તર પાઠવ્યા હતા. તેમાંથી પૂરેપૂરી સંખ્યાનો વિશ્લેષણમાં ઉપયોગ થયો હોય તેવી વિદ્યાશાખાઓ કાનૂન, વાણિજ્ય અને કાનૂન, વિજ્ઞાન અને કાનૂન, વિનયન અને કાનૂન,

વિનયન અને શિક્ષણ, .. .. સંગીત, પોલીટેકનીક, ગ્રંથાલય અને સમાજકાર્ય છે. જેમાં ૭૫ % થી ઉપર પ્રત્યુત્તરદાતા કોલેજો હોય તેવી વિદ્યાશાખાઓમાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય, શિક્ષણ, ઇજનેરી સંશોધન, વિનયન અને વિજ્ઞાન આવે છે. આ સર્વ કોલેજોમાંથી વિદ્યાશાખાવાર પૂરેપૂરી પ્રત્યુત્તરદાતા કોલેજોની વિગતોનો આ પ્રમાણના વિશ્લેષણમાં ઉપયોગ થયો હોય તેવી વિદ્યાશાખાઓમાં ઇજનેરી વિદ્યાશાખાવાળી કોલેજો અને સંશોધન સંસ્થાઓનો સમાવેશ થાય



છે. બાકીનામાંથી કેટલીક કોલેજોએ મોકલેલી વિગતો અધૂરી હોવાથી, તેનો વિશ્લેષણમાં ઉપયોગ થઇ શકયો નથી. ૬૫% ઉપરાંત પ્રત્યુત્તરદાતાઓ ધરાવનારમાં અન્ય કોલેજો અને લગભગ ૫૦% પ્રત્યુત્તરદાતાઓ ધરાવનારમાં ખેતીવાડી કોલેજનો સમાવેશ થાય છે. આમાંથી કોઇ પણ પ્રકારની પ્રત્યુત્તરદાતા કોલેજોના પૂરી સંખ્યાના પ્રત્યુત્તરોની પૂરતી વિગતો ના અભાવે વિશ્લેષણમાં ઉપયોગ થઇ શકયો નથી. જો કે એકંદર ૫% થી નીચે તો કોઇ પણ

પ્રકારના પ્રત્યુત્તરદાતા ન હોવાથી, અને નોંધપાત્ર પ્રમાણ તો ૭૫% થી ઉપર પ્રત્યુત્તરદાતાઓનું હોવાથી, ૧૬ જેટલા સૂચિપત્રોના અંતે કેન્દ્ર નોંધપાત્ર પ્રમાણમાં પ્રત્યુત્તરો મેળવવામાં સફળ થયું છે. એટલું તો જરૂર કહી શકાય.

વિદ્યાશાખાવાર વિવિધ કોલેજોનાં આદિવાસી કર્મચારીઓનું પ્રમાણ દર્શાવતા કોઠા ૨ પરથી જણાય છે કે સઘન તપાસ હેઠળની ૨૭૩ કોલેજોમાંથી ૨૨૭ (૮૩.૧૫%) કોલેજોમાં કોઇ આદિવાસી કર્મચારી નહોતો. જે કોલેજોમાં આદિવાસી કર્મચારીઓ કામ કરતા હતા તેમાં ૧૨ કોલેજોમાં ૨.૫% ટકાથી નીચેનું, ૬ કોલેજોમાં ૨.૫% થી માંડીને ૫% સુધીનું, ૬ કોલેજોમાં ૫ થી ૭.૫% નું, ૭ કોલેજોમાં ૭.૫ થી ૧૦% અને ૪ કોલેજોમાં ૧૦ થી ૧૫% વચ્ચેનું પ્રમાણ હતું. કુલ વસ્તીમાં આદિવાસી વસ્તીના પ્રમાણ કરતાં આદિવાસી કર્મચારીઓનું વિશેષ પ્રમાણ હોય એવી કોલેજોની સંખ્યા ૧૦ ની હતી. તેમાં ૧૬ થી ૨૦ ટકા વચ્ચેના પ્રમાણવાળી ૭, ૨૦ થી ૨૫ ટકા વચ્ચેના પ્રમાણવાળી ૧, અને ૨૫ થી ૩૦ ટકા વચ્ચેના પ્રમાણવાળી ૨ કોલેજો હતી.

જો વિદ્યાશાખાવાર જોઇએ તો આદિવાસી કર્મચારીઓ ન ધરાવનાર કોલેજોમાં લગભગ બધી જ વિદ્યાશાખાઓનો સમાવેશ થાય છે. જે તે વિદ્યાશાખાની એક પણ કોલેજમાં આદિવાસી કર્મચારી ન હોય તેવી વિદ્યાશાખાઓમાં કાનૂન, ખેતીવાડી, વાણિજ્ય અને કાનૂન, વિજ્ઞાન અને કાનૂન, વિનયન અને શિક્ષણ, વિનયન અને કાનૂન, પોલીટેકનીક, ગ્રંથાલયશાસ્ત્ર, સમાજકાર્ય, ગૃહ વિજ્ઞાનની કોલેજો તેમજ સંશોધન સંસ્થાઓનો સમાવેશ થાય છે. વિનયન, વિજ્ઞાન, વિનયન અને વાણિજ્ય તથા આયુર્વેદની નવેક કોલેજોને બાદ કરતાં બાકીની સર્વ કોલેજોમાં કુલ વસ્તીના પ્રમાણમાં આદિવાસી વસ્તીના પ્રમાણ કરતાં આદિવાસી કર્મચારીઓનું પ્રમાણ ઓછું હતું. નિર્ધારિત ટકાવારી કરતાં તો ઓછું તો હતું જ. આદિવાસી કર્મચારીઓ ધરાવનાર કુલ કોલેજોમાંથી, અર્ધ ઉપરાંતની કોલેજોમાં આ પ્રમાણ કુલ વસ્તીમાં આદિવાસી વસ્તીના પ્રમાણ કરતાં અર્ધાથી પણ ઓછું એટલે કે સાડાસાત ટકાથી પણ ઓછું હતું.

અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિના કર્મચારીઓનું પ્રમાણ કોઠા ૩ માં દર્શાવવામાં આવ્યું છે. સઘન તપાસ હેઠળની કુલ કોલેજોમાંથી ૧૧૭ (૪૨.૮૬%) કોલેજોમાં અનુસૂચિત જનજાતિ-અનુસૂચિત જાતિ નો એક પણ કર્મચારી નહોતો. બાકીની કોલેજોમાંથી, ૧૯ કોલેજોમાં ૨.૫% થી નીચે, ૪૬ કોલેજોમાં ૨.૫% થી ૫% વચ્ચે, ૪૦ કોલેજોમાં ૫ થી ૧૦ ટકા વચ્ચે, ૧૩ કોલેજોમાં ૧૦ થી સાડાબાર ટકા વચ્ચે, ૧૭ કોલેજોમાં ૧૨.૫ ટકાથી ૧૫ ટકા વચ્ચે, ૧૨ કોલેજોમાં ૧૫ થી ૨૦ ટકા વચ્ચે અને ૬ કોલેજોમાં ૨૦ થી ૨૫ ટકાની વચ્ચેની સંખ્યા હતી. કુલ વસ્તીમાં વસ્તીના પ્રમાણ કરતાં વિશેષ પ્રમાણમાં પછાતવર્ગના કર્મચારીઓનું પ્રમાણ હોય એવી સંખ્યા લગભગ 13% કોલેજોની હતી. આ કોલેજોમાં વિનયન, વાણિજય, વિજ્ઞાન, કાનૂન, આયુર્વેદિક, તબીબી તથા વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખાઓની કોલેજોનો સમાવેશ થતો હતો. વિનયન અને વાણિજયની ૨, કાનૂનની ૨, આયુર્વેદની ૧ અને ૧ ઇજનેરી કોલેજમાં, કુલ વસ્તીમાં અનુસૂચિત જનજાતિ-અનુસૂચિત જાતિની કુલ વસ્તીના પ્રમાણ જેટલું પ્રમાણ પછાતવર્ગના કર્મચારીઓનું હતું. બાકીની સઘળી કોલેજોમાં પછાતવર્ગના કર્મચારીઓનું પ્રમાણ ઓછું હતું.

વિદ્યાશાખાવાર હરિજન કર્મચારીઓનું પ્રમાણ કોઠા નં. ૨.૧ માં દર્શાવવામાં આવ્યું છે. તેના પરથી જણાય છે કે તપાસ હેઠળની ૨૭૩ કોલેજોમાંથી ૧૨૧ (૪૪.૩૨%) કોલેજોમાં એક પણ હરિજન કર્મચારી કામ કરતો નહોતો. ૩૩ કોલેજોમાં ૦ થી ૨.૫%, ૫૪ કોલેજોમાં ૨.૫થી ૫%, સુધીનું, ૨૩ કોલેજોમાં ૫થી ૭.૫%નું, ૯ કોલેજોમાં ૭.૫%થી ૧૦%, ૮ કોલેજોમાં ૧૦ થી ૧૨.૫%, ૨ કોલેજોમાં ૧૨.૫થી ૧૫%, ૧૦ કોલેજોમાં ૧૫ થી ૨૦%, ૪ કોલેજોમાં ૨૦ થી ૨૫%, અને ૯ કોલેજોમાં ૩૦% થી ઉપર હરિજન કર્મચારીઓ કામ કરતા હતા. કુલ વસ્તીમાં હરિજન વસ્તીના પ્રમાણ કરતાં વધુ કર્મચારીઓ હોય એવી કોલેજોની સંખ્યા ૪૨ જેટલી હતી. જયારે મોટા ભાગની ૧૧૦ જેટલી કોલેજોમાં હરિજન કર્મચારીઓનું પ્રમાણ રાજયમાંની તેમની કુલ વસ્તી કરતાં ઓછું હતું.

જે તે વિદ્યાશાખાની એક પણ કોલેજમાં કોઇ પણ હરિજન કર્મચારી ન હોય તેવી કોઇ વિદ્યાશાખા નહોતી. ગુજરાત રાજયની કુલ વસ્તીમાં હરિજન વસ્તીના પ્રમાણ કરતાં વિશેષ કર્મચારીઓ હોય તેવી ૪૨ કોલેજો ધરાવનાર વિદ્યાશાખાઓમાં વિનયન, વિજ્ઞાન, વિજ્ઞાન અને વાણિજય, શિક્ષણ, આયુર્વેદ, તબીબી, ઇજનેરી, વાણિજય અને કાનૂન, પોલીટકનીક, સમાજકાર્ય, વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખાઓ ધરાવનાર કોલેજોનો સમાવેશ થાય છે. જયારે આ સિવાયની બાકીની વિદ્યાશાખાઓની લગભગ બધી જ કોલેજોમાં કુલ વસ્તીમાં હરિજન વસ્તીના પ્રમાણ કરતાં હરિજન કર્મચારીઓનું પ્રમાણ ઓછું હતું.



કોઠો-૧

વિદ્યાશાખાવાર વિગતો પ્રમાણે વર્ગીકૃત કોલેજો

| ક્રમ વિદ્યાશાખા | કોલેજ સંખ્યા | ઉત્તરદાતા સંખ્યા | જયાં પૂરતી વિગતો આપી છે તેવી કોલેજ સંખ્યા | જયાં કુલ સંખ્યા આપી હોય અને પછાત વર્ગના કર્મચારીઓ નથી તેવી કોલેજ સંખ્યા | જયાં કુલ સંખ્યા દર્શાવી નથી અને પછાત વર્ગના કોઇ કર્મચારી નથી તેમ દર્શાવ્યું છે તેવી કોલેજો | જયાં કુલ સંખ્યા નથી માત્ર પછાત વર્ગના કર્મચારી છે તેવી કોલેજ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧. આર્ટસ | ૪૦ | ૩૮ | ૧૯ | ૯ | ૭ | ૩ |
| ૨. કોમર્સ | ૩૭ | ૩૭ | ૧૪ | ૧૪ | ૮ | ૧ |
| ૩. સાયંસ | ૩૧ | ૨૮ | ૧૭ | ૫ | ૪ | ૨ |
| ૪. આર્ટસ એન્ડ કોમર્સ | ૬૨ | ૫૮ | ૩૭ | ૧૦ | ૭ | ૪ |
| ૫. લૉ | ૨૩ | ૨૩ | ૧ | ૧૩ | ૯ | - |
| ૬. બી.એડ. | ૩૦ | ૨૯ | ૧૪ | ૧૦ | ૪ | ૧ |
| ૭. આયુર્વેદ | ૧૨ | ૧૨ | ૧૧ | - | - | ૧ |
| ૮. મેડિકલ | ૮ | ૮ | ૭ | - | - | ૧ |
| ૯. એગ્રીકલ્ચર | ૪ | ૨ | ૧ | - | - | ૧ |
| ૧૦. કોમર્સ એન્ડ લૉ | ૫ | ૫ | ૨ | ૧ | ૨ | - |
| ૧૧. સાયંસ એન્ડ લૉ | ૧ | ૧ | ૧ | - | - | - |
| ૧૨. આર્ટસ એન્ડ એજયુ. | ૧ | ૧ | - | ૧ | - | - |
| ૧૩. એન્જીનરીંગ | ૫ | ૪ | ૪ | - | - | - |
| ૧૪. રીસર્ચ | ૬ | ૫ | ૧ | - | ૪ | - |
| ૧૫. ભાષાસાહિત્ય | ૧ | ૧ | - | - | - | ૧ |
| ૧૬. મ્યુઝીક | ૨ | ૨ | ૧ | ૧ | - | - |
| ૧૭. પોલીટકનીક | ૫ | ૫ | ૪ | - | ૧ | - |
| ૧૮. લાયબ્રેરી | ૧ | ૧ | ૧ | - | - | - |
| ૧૯. સોશ્યલવર્ક | ૩ | ૩ | ૩ | - | - | - |
| ૨૦. આર્ટસ એન્ડ સાયંસ | ૨૫ | ૨૪ | ૧૭ | ૨ | ૧ | ૪ |
| ૨૧. હોમસાયંસ | ૨ | ૨ | ૧ | - | - | ૧ |
| ૨૨. અન્ય | ૬ | ૪ | ૧ | - | ૨ | ૧ |
| કુલ | ૩૧૦ | ૨૯૩ | ૧૫૭ | ૬૬ | ૪૯ | ૨૧ |

વિધાશાખાવાર આદિવાસી કર્મચારીઓનું પ્રમાણ કોઠો-૨

| વિધાશાખા | ૦ | ૦થી ૧ | ૧થી ૨.૫ | ૨.૫ ૫.૦ | ૫.૦ ૭.૦ | ૭.૫ ૧૦.૦ | ૧૦.૦ ૧૨.૫ | ૧૨.૫ ૧૫.૦ | ૧૫.૦ ૨૦.૦ | ૨૦.૦ ૨૫.૦ | ૨૫.૦ ૩૦.૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આર્ટસ | ૨૯ | - | ૨ | ૧ | ૧ | ૧ | - | - | ૧ | - | - | ૩૫ |
| કોમર્સ | ૩૨ | - | ૧ | - | ૧ | - | - | - | - | - | ૧ | ૩૫ |
| સાયંસ | ૧૮ | - | ૩ | - | - | ૨ | - | - | ૨ | ૧ | - | ૨૬ |
| આર્ટસ અને કોમર્સ | ૪૪ | - | - | ૫ | ૧ | - | - | ૧ | ૩ | - | - | ૫૪ |
| લૉ | ૨૩ | - | - | - | - | - | - | - | - | - | - | ૨૩ |
| બી.એડ. | ૨૬ | - | - | - | ૧ | - | ૧ | - | - | - | - | ૨૮ |
| આયુર્વેદ | ૧૧ | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧૨ |
| મેડિકલ | ૪ | ૧ | ૨ | - | - | - | - | - | - | - | - | ૭ |
| એગ્રીકલ્ચર | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| કોમર્સ એન્ડ લૉ | ૫ | - | - | - | - | - | - | - | - | - | - | ૫ |
| સાયંસ એન્ડ લૉ | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| આર્ટસ એન્ડ એજ્યુ. | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| આર્ટસ એન્ડ લૉ | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| એન્જીનરીંગ | ૨ | - | ૧ | - | - | ૧ | - | - | - | - | - | ૪ |
| રીસર્ચ | ૫ | - | - | - | - | - | - | - | - | - | - | ૫ |
| ભાષાસાહિત્ય | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| મ્યુઝીક | ૧ | - | - | ૧ | - | - | - | - | - | - | - | ૨ |
| પોલીટેકનીક | ૫ | - | - | - | - | - | - | - | - | - | - | ૫ |
| લાયબ્રેરી | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| સોશ્યોલવર્ક | ૩ | - | - | - | - | - | - | - | - | - | - | ૩ |
| આર્ટસ એન્ડ સાયંસ | ૧૧ | - | ૨ | - | ૧ | ૩ | ૧ | ૧ | ૧ | - | - | ૨૦ |
| હોમસાયંસ | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| અન્ય | ૨ | - | - | - | ૧ | - | - | - | - | - | - | ૩ |
| કુલ | ૨૨૭ | ૧ | ૧૧ | ૭ | ૬ | ૭ | ૨ | ૨ | ૭ | ૧ | ૨ | ૨૭૩ |



કોઠો-૨.૧

વિધાશાખાવાર હરિજન કર્મચારીઓનું પ્રમાણ

| વિધાશાખા | ૦ | ૦થી ૧.૦ | ૧થી ૨.૫ | ૨.૫ ૫.૦ | ૫.૦ ૭.૫ | ૭.૫ ૧૦.૦ | ૧૦.૦ ૧૨.૫ | ૧૨.૫ ૧૫.૦ | ૧૫.૦ ૨૦.૦ | ૨૦.૦ ૨૫.૦ | ૩૦.૦ ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આર્ટસ | ૧૮ | - | ૩ | ૮ | ૧ | ૧ | ૨ | - | ૨ | - | - | ૩૫ |
| કોમર્સ | ૨૨ | - | ૩ | ૭ | ૪ | - | - | - | - | - | - | ૩૬ |
| સાયંસ | ૯ | ૧ | ૫ | ૮ | ૨ | - | - | - | - | ૧ | - | ૨૬ |
| આર્ટસ એન્ડ કોમર્સ | ૧૯ | - | ૧૧ | ૧૪ | ૫ | - | ૨ | - | ૧ | ૧ | ૧ | ૫૪ |
| લૉ | ૨૨ | - | - | - | ૧ | - | - | - | - | - | - | ૨૩ |
| બી.એડ. | ૧૪ | - | - | ૫ | ૫ | ૧ | - | ૧ | ૧ | - | ૧ | ૨૮ |
| આયુર્વેદ | ૧ | - | - | ૧ | ૧ | ૨ | ૧ | - | ૪ | ૧ | ૧ | ૧૨ |
| મેડિકલ | - | - | ૧ | - | - | ૧ | - | - | - | ૧ | ૪ | ૭ |
| એગ્રીકલ્ચર | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | ૧ |
| કોમર્સ એન્ડ લૉ | ૩ | - | - | ૨ | - | - | - | - | - | - | - | ૫ |
| આર્ટસ એન્ડ એજ્યુ. | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| આર્ટસ એન્ડ લૉ | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | ૧ |
| એન્જીનરીંગ | - | - | - | ૨ | - | - | ૧ | - | ૧ | - | - | ૪ |
| રીસર્ચ | ૪ | - | - | - | - | - | ૧ | - | - | - | - | ૫ |
| ભાષાસાહિત્ય | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| મ્યુઝીક | ૧ | - | - | ૧ | - | - | - | - | - | - | - | ૨ |
| સાયંસ એન્ડ લૉ | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | ૧ |
| પોલીટેકનીક | ૧ | - | ૧ | ૧ | ૧ | - | - | ૧ | - | - | - | ૫ |
| લાયબ્રેરી | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | ૧ |
| સોશ્યલવર્ક | - | - | - | ૧ | - | ૧ | - | - | ૧ | - | - | ૩ |
| આર્ટસ એન્ડ સાયંસ | ૪ | - | ૭ | ૩ | ૧ | ૧ | ૧ | - | - | - | ૨ | ૧૯ |
| હોમસાયંસ | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | ૧ |
| અન્ય | ૨ | - | - | - | ૧ | - | - | - | - | - | - | ૩ |
| કુલ | ૧૨૧ | ૧ | ૩૨ | ૫૪ | ૨૩ | ૯ | ૮ | ૨ | ૧૦ | ૪ | ૯ | ૨૭૩ |

કોઠો-૩

પછાતવર્ગના કર્મચારીઓનું પ્રમાણ (ટકામાં)

| વિદ્યાશાખા | ૦ | ૧થી ૨.૫ | ૨.૫ ૫.૦ | ૫.૦ ૭.૫ | ૭.૫ ૧૦.૦ | ૧૦.૦ ૧૨.૫ | ૧૨.૫ ૧૫.૦ | ૧૫.૦ ૨૦.૦ | ૨૦.૦ ૨૫.૦ | ૨૫.૦ ૩૦.૦ | ૩૦થી ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આર્ટ્સ | ૧૬ | ૩ | ૭ | ૨ | ૨ | ૨ | ૧ | ૧ | - | - | ૧ | ૩૫ |
| કોમર્સ | ૨૩ | ૨ | ૬ | ૪ | - | ૧ | - | - | - | ૧ | - | ૩૭ |
| સાયન્સ | ૧૦ | ૨ | ૬ | ૩ | - | ૨ | - | ૧ | ૨ | - | - | ૨૬ |
| આર્ટ્સ એન્ડ કોમર્સ | ૧૭ | ૬ | ૧૩ | ૬ | ૨ | ૨ | - | ૪ | ૨ | - | ૧ | ૫૩ |
| લૉ | ૨૨ | - | - | ૧ | - | - | - | - | - | - | - | ૨૩ |
| બી.એડ. | ૧૪ | - | ૪ | ૪ | ૧ | - | ૩ | ૧ | - | - | ૧ | ૨૮ |
| આયુર્વેદ | ૧ | - | ૧ | ૧ | ૨ | ૧ | - | ૩ | ૧ | - | ૨ | ૧૨ |
| મેડિકલ | - | ૧ | - | - | ૧ | - | - | - | - | ૧ | ૪ | ૭ |
| એગ્રીકલ્ચર | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | ૧ |
| કોમર્સ એન્ડ લૉ | ૩ | - | ૨ | - | - | - | - | - | - | - | - | ૫ |
| સાયન્સ એન્ડ લૉ | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | ૧ |
| આર્ટ્સ એન્ડ એજ્યુ. | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| આર્ટ્સ એન્ડ લૉ | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | ૧ |
| એન્જીનરીંગ | - | - | ૧ | ૧ | - | ૧ | - | - | ૧ | - | - | ૪ |
| રીસર્ચ | ૪ | - | - | - | - | ૧ | - | - | - | - | - | ૫ |
| ભાષાસાહિત્ય | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| મ્યુઝીક | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | ૧ |
| પોલીટેકનીક | ૧ | ૧ | ૧ | ૧ | - | - | ૧ | - | - | - | - | ૫ |
| લાયબ્રેરી | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | ૧ |
| સોશ્યલવર્ક | - | - | ૧ | - | ૧ | - | - | ૧ | - | - | - | ૩ |
| આર્ટ્સ એન્ડ સાયન્સ | ૩ | ૩ | ૩ | ૧ | ૨ | ૩ | ૨ | ૧ | - | - | ૨ | ૨૦ |
| હોમસાયન્સ | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| અન્ય | ૨ | - | - | ૧ | - | - | - | - | - | - | - | ૩ |
| કુલ | ૧૧૭ | ૧૯ | ૪૫ | ૨૭ | ૧૩ | ૧૩ | ૭ | ૧૨ | ૬ | ૨ | ૧૧ | ૨૭૩ |

## પ્રકરણ-૬

### ગુજરાતની તાલુકા પંચાયતોમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનું પ્રમાણ

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સમૂહના પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષકોનું અલગ અલગ સંસ્થાઓમાં પ્રમાણ જોયા પછી આ સમૂહના કર્મચારીઓનું તાલુકા પંચાયતોમાં કેટલું પ્રમાણ છે એ જોઈએ. આને માટે ગુજરાતના ૧૯ જિલ્લાઓ (અ) અનુસૂચિત જનજાતિ બહુલ ૮ જિલ્લાઓ (ડાંગ, પંચમહાલ, વડોદરા, ભરૂચ, સુરત, વલસાડ, સાબરકાંઠા અને બનાસકાંઠા) (બ) સૌરાષ્ટ્ર અને કચ્છના સાત જિલ્લાઓ (અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર, ભાવનગર, જામનગર, કચ્છ અને જૂનાગઢ) તથા (ક) ગુજરાતના બાકીના ચાર જિલ્લાઓ (અમદાવાદ, ખેડા, મહેસાણા અને ગાંધીનગર) એમ ત્રણ ભાગ પાડીએ.

આ જિલ્લાઓમાંથી જેમણે જવાબ આપ્યા હોય તથા ન આપ્યા હોય તેવા તાલુકાઓની સંખ્યા નીચેના ત્રણ કોઠાઓમાં બતાવી છે. (અ)ના કુલ ૭૭ તાલુકાઓમાંથી ૫૪ તાલુકાઓમાંથી જવાબ આવ્યા છે, જ્યારે (બ)ના ૮૧માંથી ૫૯ના તથા (ક)ના ૨૯માંથી ૧૮ના જવાબો આવ્યા છે. નીચે જેટલી ચર્ચા કરવામાં આવશે તેમાં આ સીમાને ધ્યાનમાં રાખવી પડશે. બધા જ તાલુકાના જવાબ નથી. એટલે પૂર્ણ ગુજરાતની આ અવસ્થાનું ચિત્ર અનુગામી ચર્ચામાંથી જ દોરાય તે ખરું. છતાં ય આ વિષયનો થોડો ઘણો ખ્યાલ તો એમાંથી આવશે જ.

કોઠો-૧ અ

અનુસૂચિત વિસ્તારો ધરાવતા તાલુકા

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | બધી જ માહિતી આપી હોય તેવા તાલુકાની સંખ્યા | જવાબ ન આપ્યા હોય તેવા તાલુકાની સંખ્યા | કુલ સંખ્યા ન આપી હોય પણ માત્ર એસ.સી. એસ.ટી. આપી હોય તેવા તાલુકાની સંખ્યા | કુલ સંખ્યા આપી હોય પણ પછાતવર્ગના કર્મચારી ન હોય તેવા તાલુકાની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧. | ડાંગ | ૧ | ૧ | - | - | - |
| ૨. | પંચમહાલ | ૧૧ | ૬ | ૫ | - | - |
| ૩. | વડોદરા | ૧૨ | ૬ | ૫ | ૧ | - |
| ૪. | ભરૂચ | ૧૧ | ૭ | ૪ | - | - |
| ૫. | સુરત | ૧૩ | ૭ | ૫ | ૧ | - |
| ૬. | વલસાડ | ૮ | ૭ | ૧ | - | - |
| ૭. | સાબરકાંઠા | ૧૦ | ૧૦ | - | - | - |
| ૮. | બનાસકાંઠા | ૧૧ | ૧૦ | ૧ | - | - |
| | કુલ | ૭૭ | ૫૪ | ૨૧ | ૨ | - |

## કોઠો-૧ બ

સૌરાષ્ટ્ર કચ્છના જિલ્લાઓ

| ક્રમ | જિલ્લો | કુલ તાલુકા સંખ્યા | બધી જ માહિતી આપી હોય તેવા તાલુકાઓની સંખ્યા | જવાબ ન આપ્યા હોય તેવા તાલુકાઓની સંખ્યા | કુલ સંખ્યા ન આપી હોય પણ માત્ર એસ. સી. એસ. ટી. આપી હોય તેવા તાલુકાઓની સંખ્યા | કુલ સંખ્યા આપી હોય પણ પછાત વર્ગના કર્મચારી ન હોય તેવા તાલુકાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૯. | અમરેલી | ૧૦ | ૮ | ૨ | – | – |
| ૧૦. | રાજકોટ | ૧૩ | ૯ | ૧ | ૨ | ૧ |
| ૧૧. | સુરેન્દ્રનગર | ૧૦ | ૯ | ૧ | – | – |
| ૧૨. | ભાવનગર | ૧૨ | ૧૧ | ૧ | – | – |
| ૧૩. | જામનગર | ૧૦ | ૬ | ૩ | – | ૧ |
| ૧૪. | કચ્છ | ૧૧ | ૮ | ૩ | – | – |
| ૧૫. | જૂનાગઢ | ૧૫ | ૮ | ૪ | ૨ | ૧ |
| | કુલ | ૮૧ | ૫૯ | ૧૫ | ૪ | ૩ |

## કોઠો-૧ ક

ગુજરાતના બાકીના જિલ્લા

| ક્રમ | જિલ્લો | કુલ તાલુકા સંખ્યા | બધી જ માહિતી આપી હોય તેવા તાલુકાઓની સંખ્યા | જવાબ ન આપ્યા હોય તેવા તાલુકાઓની સંખ્યા | કુલ સંખ્યા ન આપી હોય પણ માત્ર એસ. સી. એસ. ટી. આપી હોય તેવા તાલુકાઓની સંખ્યા | કુલ સંખ્યા આપી હોય પણ પછાત વર્ગના કર્મચારી ન હોય તેવા તાલુકાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧૬. | અમદાવાદ | ૭ | ૬ | ૧ | – | – |
| ૧૭. | ખેડા | ૧૦ | ૬ | ૪ | – | – |
| ૧૮. | મહેસાણા | ૧૧ | ૬ | ૫ | – | – |
| ૧૯. | ગાંધીનગર | ૧ | – | ૧ | – | – |
| | કુલ | ૨૯ | ૧૮ | ૧૧ | – | – |

આ જિલ્લાઓના આ બધા તાલુકામાં કર્મચારીની વર્ગવાર સંખ્યા જોઇ લઇએ. એમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનું પ્રમાણ જોવું સરળ થઇ પડશે. એ સંખ્યા વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ પ્રમાણે નીચેના ત્રણ કોઠાઓમાં આપી છે. કોઠાઓ સ્પષ્ટ હોઇ એના પર ચર્ચા આવશ્યક નથી.

વર્ગવાર કુલ કર્મચારીઓ

કોઠો-૨.૧

| ક્રમ | જિલ્લો | વર્ગ-૧ | | | વર્ગ-૨ | | | વર્ગ-૩ | | | વર્ગ-૪ | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૧. | ડાંગ | ૧ | - | ૧ | - | - | - | ૪૦ | ૯ | ૪૯ | ૭ | - | ૭ | ૪૮ | ૯ | ૫૭ |
| ૨. | પંચમહાલ | ૨ | - | ૨ | ૧૫ | - | ૧૫ | ૪૪૧ | ૬૭ | ૫૦૮ | ૧૧૯ | ૩૧ | ૧૫૦ | ૫૭૭ | ૯૮ | ૬૭૫ |
| ૩. | વડોદરા | ૧ | - | ૧ | ૧૧ | ૧ | ૧૨ | ૪૪૭ | ૪૭ | ૪૯૪ | ૧૦૪ | ૧૪ | ૧૧૮ | ૫૬૩ | ૬૨ | ૬૨૫ |
| ૪. | ભરૂચ | ૧ | - | ૧ | ૧૨ | - | ૧૨ | ૪૮૬ | ૪૬ | ૫૩૨ | ૯૮ | ૧૩ | ૧૧૧ | ૫૯૭ | ૫૯ | ૬૫૬ |
| ૫. | સુરત | - | ૨ | ૨ | ૫ | ૩ | ૮ | ૬૧૪ | ૫૮ | ૬૭૨ | ૧૦૨ | ૬ | ૧૦૮ | ૭૨૧ | ૬૯ | ૭૯૦ |
| ૬. | વલસાડ | ૧ | - | ૧ | ૨ | - | ૨ | ૫૭૭ | ૨૮ | ૬૦૫ | ૯૫ | ૨ | ૯૭ | ૬૭૫ | ૩૦ | ૭૦૫ |
| ૭. | સાબરકાંઠા | ૧ | - | ૧ | ૭ | - | ૭ | ૫૯૦ | ૧૧ | ૬૦૧ | ૧૨૩ | ૨ | ૧૨૫ | ૭૨૧ | ૧૩ | ૭૩૪ |
| ૮. | બનાસકાંઠા | ૧ | - | ૧ | ૧૫ | - | ૧૫ | ૭૯૦ | ૨૫ | ૮૧૫ | ૧૪૬ | ૧૦ | ૧૫૬ | ૯૫૨ | ૩૫ | ૯૮૭ |
| | કુલ | ૮ | ૨ | ૧૦ | ૬૭ | ૪ | ૭૧ | ૩૯૮૫ | ૨૯૧ | ૪૨૭૬ | ૭૯૪ | ૭૮ | ૮૭૨ | ૪૮૫૪ | ૩૭૫ | ૫૨૨૯ |

કોઠો-૨.૨

| ક્રમ | જિલ્લો | વર્ગ-૧ | | | વર્ગ-૨ | | | વર્ગ-૩ | | | વર્ગ-૪ | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૧. | અમરેલી | ૧ | - | ૧ | ૬ | - | ૬ | ૪૬૪ | ૧૧ | ૪૭૫ | ૯૧ | ૫ | ૯૬ | ૫૬૨ | ૧૬ | ૫૭૮ |
| ૨. | રાજકોટ | - | - | - | ૧૨ | - | ૧૨ | ૭૩૦ | ૭ | ૭૩૭ | ૧૩૪ | ૧૧ | ૧૪૫ | ૮૭૬ | ૧૮ | ૮૯૪ |
| ૩. | સુરેન્દ્રનગર | - | - | - | ૭ | - | ૭ | ૭૨૧ | ૯ | ૭૩૦ | ૧૨૭ | ૩૦ | ૧૫૭ | ૮૫૫ | ૩૯ | ૮૯૪ |
| ૪. | ભાવનગર | - | - | - | ૯ | - | ૯ | ૬૦૨ | ૧૨ | ૬૧૪ | ૧૧૨ | ૭ | ૧૧૯ | ૭૨૩ | ૧૯ | ૭૪૨ |
| ૫. | જામનગર | - | - | - | ૮ | - | ૮ | ૪૪૧ | ૧૬ | ૪૫૭ | ૮૦ | ૧૬ | ૯૬ | ૫૨૯ | ૩૨ | ૫૬૧ |
| ૬. | કચ્છ | - | - | - | ૧૦ | - | ૧૦ | ૪૦૨ | ૧૮ | ૪૨૦ | ૫૬ | ૩ | ૫૯ | ૪૬૮ | ૨૧ | ૪૮૯ |
| ૭. | જૂનાગઢ | - | - | - | ૧૮ | ૧ | ૧૯ | ૫૫૭ | ૫૦ | ૬૦૭ | ૧૦૯ | ૧૯ | ૧૨૮ | ૬૮૪ | ૭૦ | ૭૫૪ |
| | કુલ | ૧ | - | ૧ | ૭૦ | ૧ | ૭૧ | ૩૯૧૭ | ૧૨૩ | ૪૦૪૦ | ૭૦૯ | ૯૧ | ૮૦૦ | ૪૬૯૭ | ૨૧૫ | ૪૯૧૨ |

## કોઠો-૨.૩

| ક્રમ | જિલ્લો | વર્ગ-૧ | | | વર્ગ-૨ | | | વર્ગ-૩ | | | વર્ગ-૪ | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૧. | અમદાવાદ | - | - | - | ૭ | - | ૭ | ૭૬૯ | ૧૬ | ૭૮૫ | ૬૭ | ૨ | ૬૯ | ૮૪૩ | ૧૮ | ૮૬૧ |
| ૨. | ખેડા | - | - | - | ૫ | - | ૫ | ૬૦૬ | ૭ | ૬૧૩ | ૩૮ | ૩ | ૪૧ | ૬૪૯ | ૧૦ | ૬૫૯ |
| ૩. | મહેસાણા | - | - | - | ૧૪ | - | ૧૪ | ૬૭૮ | ૪૪ | ૭૨૨ | ૧૦૦ | ૧૫ | ૧૧૫ | ૭૯૨ | ૫૯ | ૮૫૧ |
| ૪. | ગાંધીનગર | આ જિલ્લાની માહિતી આવી નથી. | | | | | | | | | | | | | | | |
| | કુલ | - | - | - | ૨૬ | - | ૨૬ | ૨૦૫૩ | ૬૭ | ૨૧૨૦ | ૨૦૫ | ૨૦ | ૨૨૫ | ૨૨૮૪ | ૮૭ | ૨૩૭૧ |

કોઠો-૩.૧

વર્ગવાર અનુસુચિત જનજાતિના કર્મચારીઓ

| ક્રમ જિલ્લો વર્ગ | વર્ગ-૨ | | | વર્ગ-૩ | | | વર્ગ-૪ | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૧. ડાંગ | - | - | - | ૧૯ | ૩ | ૨૨ | ૬ | - | ૬ | ૨૫ | ૩ | ૨૮ |
| ૨. પંચમહાલ | - | - | - | ૨૫ | ૮ | ૩૩ | ૧૩ | - | ૧૩ | ૩૮ | ૮ | ૪૬ |
| ૩. વડોદરા | - | - | - | ૪૧ | ૮ | ૪૯ | ૫૩ | ૮ | ૬૧ | ૯૪ | ૧૬ | ૧૧૦ |
| ૪. ભરૂચ | ૩ | - | ૩ | ૬૯ | ૧૪ | ૮૩ | ૪૯ | ૯ | ૫૮ | ૧૨૧ | ૨૩ | ૧૪૪ |
| ૫. સુરત | ૨ | - | ૨ | ૧૦૨ | ૨૮ | ૧૩૦ | ૪૭ | ૪ | ૫૧ | ૧૫૧ | ૩૨ | ૧૮૩ |
| ૬. વલસાડ | - | - | - | ૧૧૫ | ૨ | ૧૧૭ | ૫૬ | ૨ | ૫૮ | ૧૭૧ | ૪ | ૧૭૫ |
| ૭. સાબરકાંઠા | - | - | - | ૨૩ | - | ૨૩ | ૨૧ | - | ૨૧ | ૪૪ | - | ૪૪ |
| ૮. બનાસકાંઠા | - | - | - | ૬ | ૨ | ૮ | ૩ | ૧ | ૪ | ૯ | ૩ | ૧૨ |
| ૯. અમરેલી | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૧૦. રાજકોટ | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૧૧. સુરેન્દ્રનગર | - | - | - | ૧ | ૧ | ૨ | - | - | - | ૧ | ૧ | ૨ |
| ૧૨. ભાવનગર | - | - | - | ૧ | - | ૧ | ૧ | - | ૧ | ૨ | - | ૨ |
| ૧૩. જામનગર | - | - | - | ૧ | - | ૧ | - | - | - | ૧ | - | ૧ |
| ૧૪. કચ્છ | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૧૫. જૂનાગઢ | - | - | - | ૧ | - | ૧ | - | - | - | ૧ | - | ૧ |
| ૧૬. અમદાવાદ | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૧૭. ખેડા | - | - | - | ૨ | - | ૨ | ૧ | - | ૧ | ૩ | - | ૩ |
| ૧૮. મહેસાણા | ૧ | - | ૧ | - | - | - | - | - | - | ૧ | - | ૧ |
| ૧૯. ગાંધીનગર | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| કુલ | ૬ | - | ૬ | ૪૦૬ | ૬૬ | ૪૭૨ | ૨૫૦ | ૨૪ | ૨૭૪ | ૬૬૨ | ૯૦ | ૭૫૨ |

તાલુકા પંચાયતોમાં જે સંખ્યા પાછળના ત્રણ કોઠાઓ (૨.૧, ૨.૨ અને ૨.૩)માં બતાવવામાં આવી છે તેમાંથી અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનું પ્રમાણ જોવું અહીં યથાસ્થાને જ છે. આને માટે કોઠો ૩.૧ જોવો જોઇએ. એમાંથી એમ જાણ થાય છે કે ગુજરાતની તાલુકા પંચાયતોમાં વર્ગ-૧ નો અનુસૂચિત જનજાતિનો એક પણ કર્મચારી નથી. વર્ગ-૨ ના ૬ જ કર્મચારીઓ છે, વર્ગ-૩ના ૪૭૨ અને વર્ગ-૪ના ૨૭૪ કર્મચારીઓ છે.

(એમની જ તે વર્ગની કુલ સંખ્યામાં)

તાલુકા પંચાયતના અનુસૂચિત જનજાતિના કર્મચારીઓની/ ટકાવારી જિલ્લાવાર નીચેના કોઠાઓમાં બતાવવામાં આવી છે.

કોઠો-૪.૧

વર્ગ-૧

| જિલ્લો | ટકા |
|---|---|
| બધા | ૦ |

કોઠો-૪.૨

વર્ગ-૨

| ક્રમ | જિલ્લો | ટકા |
|---|---|---|
| ૧. | ભરૂચ | ૨૫.૦ |
| ૨. | સુરત | ૨૫.૦ |
| ૩. | મહેસાણા | ૭.૧૪ |

કોઠો-૪.૩

વર્ગ-૩

| ક્રમ | જિલ્લો | ટકા |
|---|---|---|
| ૧. | ડાંગ | ૪૪.૯ |
| ૨. | પંચમહાલ | ૬.૫ |
| ૩. | વડોદરા | ૯.૯ |
| ૪. | ભરૂચ | ૧૫.૬ |
| ૫. | સુરત | ૧૯.૪ |
| ૬. | વલસાડ | ૧૯.૩ |
| ૭. | સાબરકાંઠા | ૩.૮ |
| ૮. | બનાસકાંઠા | ૦.૯ |
| ૯. | સુરેન્દ્રનગર | ૦.૨૭ |
| ૧૦. | ભાવનગર | ૦.૧૬ |
| ૧૧. | જામનગર | ૦.૨૨ |
| ૧૨. | જૂનાગઢ | ૦.૧૬ |
| ૧૩. | ખેડા | ૯.૩૩ |

કોઠો-૪.૪

| ક્રમ | જિલ્લો | ટકા |
|---|---|---|
| ૧. | ડાંગ | ૮૫.૭ |
| ૨. | પંચમહાલ | ૮.૭ |
| ૩. | વડોદરા | ૫૧.૭ |
| ૪. | ભરૂચ | ૫૨.૩ |
| ૫. | સુરત | ૪૭.૨ |
| ૬. | વલસાડ | ૫૯.૮ |
| ૭. | સાબરકાંઠા | ૧૬.૮ |
| ૮. | બનાસકાંઠા | ૨.૫ |
| ૯. | ભાવનગર | ૦.૮૪ |
| ૧૦. | ખેડા | ૨.૪૪ |



તેવી જ રીતે અનુસૂચિત જાતિઓના કર્મચારીઓની સંખ્યા કોઠા (૫)માંથી જણાઈ આવશે. અહીં પણ વર્ગ-૧ માં એક પણ કર્મચારી એમનો નથી. વર્ગ-૨ માં માત્ર ૫ જ છે. વર્ગ-૩ માં ૭૦૦ અને વર્ગ-૪ માં ૩૮૨ છે. આની ટકાવારી( એમની જ કુલ સંખ્યામાં) આ પ્રમાણે થાય.

કોઠો-૫

| વર્ગ | ટકા |
|---|---|
| વર્ગ-૧ | ૦ |
| વર્ગ-૨ | ૦.૪૬ |
| વર્ગ-૩ | ૬૪.૪૦ |
| વર્ગ-૪ | ૩૫.૧૪ |

અનુસૂચિત જાતિના કર્મચારીઓ (વર્ગવાર) કોઠો-૫

| ક્રમ | જિલ્લો | વર્ગ-૨ | | | વર્ગ-૩ | | | વર્ગ-૪ | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૧. | ડાંગ | - | - | - | ૧ | - | ૧ | - | - | - | ૧ | - | ૧ |
| ૨. | પંચમહાલ | - | - | - | ૨૫ | ૪ | ૨૯ | ૫૦ | ૨૫ | ૭૫ | ૭૫ | ૨૯ | ૧૦૪ |
| ૩. | વડોદરા | ૨ | - | ૨ | ૫૩ | ૫ | ૫૮ | ૨૪ | ૫ | ૨૯ | ૭૯ | ૧૦ | ૮૯ |
| ૪. | ભરૂચ | - | - | - | ૪૩ | ૨ | ૪૫ | ૧૭ | ૫ | ૨૨ | ૬૦ | ૭ | ૬૭ |
| ૫. | સુરત | - | - | - | ૫૩ | ૯ | ૬૨ | ૨૧ | ૧ | ૨૨ | ૭૪ | ૧૦ | ૮૪ |
| ૬. | વલસાડ | - | - | - | ૧૪ | - | ૧૪ | ૩ | - | ૩ | ૧૭ | - | ૧૭ |
| ૭. | સાબરકાંઠા | ૧ | - | ૧ | ૬ | - | ૬૧ | ૨૭ | - | ૨૭ | ૮૯ | - | ૮૯ |
| ૮. | બનાસકાંઠા | ૨ | - | ૨ | ૪૬ | ૩ | ૪૯ | ૩૦ | ૬ | ૩૬ | ૭૮ | ૯ | ૮૭ |
| ૯. | અમરેલી | - | - | - | ૧૭ | ૧ | ૧૮ | ૧૧ | - | ૧૧ | ૨૮ | ૧ | ૨૯ |
| ૧૦. | રાજકોટ | - | - | - | ૩૨ | - | ૩૨ | ૧૦ | ૧ | ૧૧ | ૪૨ | ૧ | ૪૩ |
| ૧૧. | સુરેન્દ્રનગર | - | - | - | ૩૭ | - | ૩૭ | ૨૨ | ૧ | ૨૩ | ૫૯ | ૧ | ૬૦ |
| ૧૨. | ભાવનગર | - | - | - | ૩૮ | - | ૩૮ | ૧૨ | - | ૧૨ | ૫૦ | - | ૫૦ |
| ૧૩. | જામનગર | - | - | - | ૧૮ | - | ૧૮ | ૧૩ | ૧ | ૧૪ | ૩૧ | ૧ | ૩૨ |
| ૧૪. | કચ્છ | - | - | - | ૨૯ | - | ૨૯ | ૧૫ | ૧ | ૧૬ | ૪૪ | ૧ | ૪૫ |
| ૧૫. | જૂનાગઢ | - | - | - | ૧૯ | ૧ | ૨૦ | ૧૬ | ૩ | ૧૯ | ૩૫ | ૪ | ૩૯ |
| ૧૬. | અમદાવાદ | - | - | - | ૫૯ | ૧ | ૬૦ | ૧૭ | ૧ | ૧૮ | ૭૬ | ૨ | ૭૮ |
| ૧૭. | ખેડા | - | - | - | ૪૨ | ૧ | ૪૩ | ૨૦ | ૨ | ૨૨ | ૬૨ | ૩ | ૬૫ |
| ૧૮. | મહેસાણા | - | - | - | ૭૭ | ૯ | ૮૬ | ૧૫ | ૭ | ૨૨ | ૯૨ | ૧૬ | ૧૦૮ |
| ૧૯. | ગાંધીનગર | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| | કુલ | ૫ | - | ૫ | ૬૬૪ | ૩૬ | ૭૦૦ | ૩૨૩ | ૫૯ | ૩૮૨ | ૯૯૨ | ૯૫ | ૧૦૮૭ |



તાલુકા પંચાયતોના અનુસૂચિત જાતિના કર્મચારીઓની ટકાવારી નીચેના કોઠાઓ(૬.૧, ૬.૨, ૬.૩ અને ૬.૪)માં બતાવવામાં આવી છે.

કોઠો-૬.૧

વર્ગ-૧

| જિલ્લો | ટકા |
|---|---|
| બધા | ૦ |

કોઠો-૬.૨

વર્ગ-૨

| ક્રમ | જિલ્લો | ટકા |
|---|---|---|
| ૧. | વડોદરા | ૧૬.૪૭ |
| ૨. | સાબરકાંઠા | ૧૪.૨૯ |
| ૩. | બનાસકાંઠા | ૧૩.૩૩ |

કોઠો-૬.૩

વર્ગ-૩

| ક્રમ | જિલ્લો | ટકા |
|---|---|---|
| ૧. | ડાંગ | ૨.૦૪ |
| ૨. | પંચમહાલ | ૫.૭૧ |
| ૩. | વડોદરા | ૧૧.૭૪ |
| ૪. | ભરૂચ | ૮.૪૬ |
| ૫. | સુરત | ૯.૨૩ |
| ૬. | વલસાડ | ૨.૩૧ |
| ૭. | સાબરકાંઠા | ૧૦.૧૫ |
| ૮. | બનાસકાંઠા | ૬.૦૧ |
| ૯. | અમરેલી | ૩.૭૯ |
| ૧૦. | રાજકોટ | ૪.૩૪ |
| ૧૧. | સુરેન્દ્રનગર | ૫.૦૭ |
| ૧૨. | ભાવનગર | ૬.૧૯ |
| ૧૩. | જામનગર | ૩.૯૪ |
| ૧૪. | કચ્છ | ૬.૯૦ |
| ૧૫. | જૂનાગઢ | ૩.૨૯ |
| ૧૬. | અમદાવાદ | ૭.૬૪ |
| ૧૭. | ખેડા | ૭.૦૧ |
| ૧૮. | મહેસાણા | ૧૧.૯૧ |

અનુસૂચિત જાતિના કર્મચારીઓ (વર્ગવાર)

કોઠો-૫

| ક્રમ | જિલ્લો | વર્ગ-૨ | | | વર્ગ-૩ | | | વર્ગ-૪ | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૧. | ડાંગ | - | - | - | ૧ | - | ૧ | - | - | - | ૧ | - | ૧ |
| ૨. | પંચમહાલ | - | - | - | ૨૫ | ૪ | ૨૯ | ૫૦ | ૨૫ | ૭૫ | ૭૫ | ૨૯ | ૧૦૪ |
| ૩. | વડોદરા | ૨ | - | ૨ | ૫૩ | ૫ | ૫૮ | ૨૪ | ૫ | ૨૯ | ૭૯ | ૧૦ | ૮૯ |
| ૪. | ભરૂચ | - | - | - | ૪૩ | ૨ | ૪૫ | ૧૭ | ૫ | ૨૨ | ૬૦ | ૭ | ૬૭ |
| ૫. | સુરત | - | - | - | ૫૩ | ૯ | ૬૨ | ૨૧ | ૧ | ૨૨ | ૭૪ | ૧૦ | ૮૪ |
| ૬. | વલસાડ | - | - | - | ૧૪ | - | ૧૪ | ૩ | - | ૩ | ૧૭ | - | ૧૭ |
| ૭. | સાબરકાંઠા | ૧ | - | ૧ | ૬ | - | ૬૧ | ૨૭ | - | ૨૭ | ૮૯ | - | ૮૯ |
| ૮. | બનાસકાંઠા | ૨ | - | ૨ | ૪૬ | ૩ | ૪૯ | ૩૦ | ૬ | ૩૬ | ૭૮ | ૯ | ૮૭ |
| ૯. | અમરેલી | - | - | - | ૧૭ | ૧ | ૧૮ | ૧૧ | - | ૧૧ | ૨૮ | ૧ | ૨૯ |
| ૧૦. | રાજકોટ | - | - | - | ૩૨ | - | ૩૨ | ૧૦ | ૧ | ૧૧ | ૪૨ | ૧ | ૪૩ |
| ૧૧. | સુરેન્દ્રનગર | - | - | - | ૩૭ | - | ૩૭ | ૨૨ | ૧ | ૨૩ | ૫૯ | ૧ | ૬૦ |
| ૧૨. | ભાવનગર | - | - | - | ૩૮ | - | ૩૮ | ૧૨ | - | ૧૨ | ૫૦ | - | ૫૦ |
| ૧૩. | જામનગર | - | - | - | ૧૮ | - | ૧૮ | ૧૩ | ૧ | ૧૪ | ૩૧ | ૧ | ૩૨ |
| ૧૪. | કચ્છ | - | - | - | ૨૯ | - | ૨૯ | ૧૫ | ૧ | ૧૬ | ૪૪ | ૧ | ૪૫ |
| ૧૫. | જૂનાગઢ | - | - | - | ૧૯ | ૧ | ૨૦ | ૧૬ | ૩ | ૧૯ | ૩૫ | ૪ | ૩૯ |
| ૧૬. | અમદાવાદ | - | - | - | ૫૯ | ૧ | ૬૦ | ૧૭ | ૧ | ૧૮ | ૭૬ | ૨ | ૭૮ |
| ૧૭. | ખેડા | - | - | - | ૪૨ | ૧ | ૪૩ | ૨૦ | ૨ | ૨૨ | ૬૨ | ૩ | ૬૫ |
| ૧૮. | મહેસાણા | - | - | - | ૭૭ | ૯ | ૮૬ | ૧૫ | ૭ | ૨૨ | ૯૨ | ૧૬ | ૧૦૮ |
| ૧૯. | ગાંધીનગર | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| | કુલ | ૫ | - | ૫ | ૬૬૪ | ૩૬ | ૭૦૦ | ૩૨૩ | ૫૯ | ૩૮૨ | ૯૯૨ | ૯૫ | ૧૦૮૭ |



તાલુકા પંચાયતોના અનુસૂચિત જાતિના કર્મચારીઓની ટકાવારી નીચેના કોઠાઓ(૬.૧, ૬.૨, ૬.૩ અને ૬.૪)માં બતાવવામાં આવી છે.

કોઠો-૬.૧

વર્ગ-૧

| જિલ્લો | ટકા |
|---|---|
| બધા | ૦ |

કોઠો-૬.૨

વર્ગ-૨

| ક્રમ | જિલ્લો | ટકા |
|---|---|---|
| ૧. | વડોદરા | ૧૬.૪૭ |
| ૨. | સાબરકાંઠા | ૧૪.૨૯ |
| ૩. | બનાસકાંઠા | ૧૩.૩૩ |

કોઠો-૬.૩

વર્ગ-૩

| ક્રમ | જિલ્લો | ટકા |
|---|---|---|
| ૧. | ડાંગ | ૨.૦૪ |
| ૨. | પંચમહાલ | ૫.૭૧ |
| ૩. | વડોદરા | ૧૧.૭૪ |
| ૪. | ભરૂચ | ૮.૪૬ |
| ૫. | સુરત | ૯.૨૩ |
| ૬. | વલસાડ | ૨.૩૧ |
| ૭. | સાબરકાંઠા | ૧૦.૧૫ |
| ૮. | બનાસકાંઠા | ૬.૦૧ |
| ૯. | અમરેલી | ૩.૭૯ |
| ૧૦. | રાજકોટ | ૪.૩૪ |
| ૧૧. | સુરેન્દ્રનગર | ૫.૦૭ |
| ૧૨. | ભાવનગર | ૬.૧૯ |
| ૧૩. | જામનગર | ૩.૯૪ |
| ૧૪. | કચ્છ | ૬.૯૦ |
| ૧૫. | જૂનાગઢ | ૩.૨૯ |
| ૧૬. | અમદાવાદ | ૭.૬૪ |
| ૧૭. | ખેડા | ૭.૦૧ |
| ૧૮. | મહેસાણા | ૧૧.૯૧ |

કોઠા-૬.૪

વર્ગ-૪

| ક્રમ | જિલ્લો | ટકા | ક્રમ | જિલ્લો | ટકા |
|---|---|---|---|---|---|
| ૧. | પંચમહાલ | ૫૦.૦૦ | ૧૦. | સુરેન્દ્રનગર | ૧૪.૬૫ |
| ૨. | વડોદરા | ૨૪.૫૮ | ૧૧. | ભાવનગર | ૧૦.૦૮ |
| ૩. | ભરૂચ | ૧૯.૮૨ | ૧૨. | જામનગર | ૧૪.૫૮ |
| ૪. | સુરત | ૨૦.૩૮ | ૧૩. | કચ્છ | ૨૭.૧૨ |
| ૫. | વલસાડ | ૩.૦૯ | ૧૪. | જૂનાગઢ | ૧૪.૮૪ |
| ૬. | સાબરકાંઠા | ૨૧.૬૦ | ૧૫. | અમદાવાદ | ૨૬.૦૯ |
| ૭. | બનાસકાંઠા | ૨૩.૦૮ | ૧૬. | ખેડા | ૨૬.૮૩ |
| ૮. | અમરેલી | ૧૧.૪૬ | ૧૭. | મહેસાણા | ૧૯.૧૩ |
| ૯. | રાજકોટ | ૭.૫૯ | | | |

જાતિવાર અનુસૂચિત જનજાતિના તાલુકા પંચાયતમાંના કુલ કર્મચારીઓ નીચેના કોઠા પ્રમાણે દર્શાવી શકાય. આમાં જિલ્લાઓની અવગણના કરી છે કારણ કે તે પ્રમાણે કરવાથી કોઇ સમાજશાસ્ત્રીય કે પ્રશાસકીય અર્થ સરતો નથી.

કોઠા-૭

| જાતિ | કર્મચારી સંખ્યા | ટકા | જાતિ | કર્મચારી સંખ્યા | ટકા |
|---|---|---|---|---|---|
| ધોડિયા | ૧૪૨ | ૧૮.૯ | પટેલિયા | ૬ | ૦.૮ |
| વસાવા | ૯૮ | ૧૩.૦ | ગરાસિયા | ૧ | ૦.૧ |
| ભીલ | ૮૧ | ૧૦.૮ | કુનબી | ૧ | ૦.૧ |
| ચૌધરી | ૫૪ | ૭.૨ | કાથોડી | ૧ | ૦.૧ |
| રાઠવા | ૩૬ | ૪.૮ | આદિવાસીઓ પરંતુ જાતિ જણાવેલ નથી | ૨૬૭ | ૩૫.૫ |
| કોકણા | ૨૬ | ૩.૫ | કુલ | ૭૫૨ | ૧૦૦.૦૦ |
| ગામીત | ૧૫ | ૨.૦ | | | |
| તડવી | ૧૦ | ૧.૩ | | | |
| નાયકા | ૮ | ૧.૧ | | | |
| દુબળા | ૬ | ૦.૮ | | | |



ઉપર મુજબ જ અનુસૂચિત જાતિના તાલુકા પંચાયતના કુલ કર્મચારીઓ નીચેના કોઠામાં દર્શાવેલ છે.

કોઠા-૮

| જાતિ | કર્મચારી સંખ્યા | ટકા |
|---|---|---|
| માયાવંશી | ૩ | ૦.૩ |
| વણકર | ૧૨૧ | ૧૧.૧ |
| હરિજન | ૫૦૬ | ૪૬.૫ |
| ચમાર | ૨૯ | ૨.૭ |
| ભંગી | ૫૩ | ૪.૯ |
| ડંઠારિયા | ૩ | ૦.૩ |
| રાઠોડ | ૧૩ | ૧.૨ |
| સોલંકી | ૪૧ | ૩.૮ |
| જાદવ | ૮ | ૦.૭ |
| પરમાર | ૧૨૦ | ૧૧.૦ |
| ચાવડા સાધુ | ૧૨ | ૧.૧ |
| મકવાણા | ૩૮ | ૩.૫ |
| વાઘેલા | ૧૫ | ૧.૪ |
| જાતિ જણાવેલ નથી | ૧૨૫ | ૧૧.૫ |
| કુલ | ૧૦૮૭ | ૧૦૦.૦૦ |

આ બધા કર્મચારીઓમાંથી કેટલા અનુસૂચિત જનજાતિના કાયમી અને કેટલા હંગામી છે તે નીચેના કોઠામાં જણાઇ આવશે.

કોઠો-૯

આદિવાસી કર્મચારીઓ

| જિલ્લો | કાયમી | હંગામી | વિગતો જણાવેલ નથી |
|---|---|---|---|
| ડાંગ | - | ૫ | ૨૩ |
| પંચમહાલ | ૩ | ૪૧ | ૨ |
| વડોદરા | ૧૬ | ૭૩ | ૨૧ |
| ભરૂચ | ૩૪ | ૧૧૦ | - |
| સુરત | ૨૫ | ૫૪ | ૧૦૪ |
| વલસાડ | ૧૦ | ૧૬૫ | - |
| સાબરકાંઠા | ૮ | ૩૬ | - |
| બનાસકાંઠા | - | ૧૨ | - |
| સુરેન્દ્રનગર | - | ૨ | - |
| ભાવનગર | ૨ | - | - |
| જામનગર | - | ૧ | - |
| જૂનાગઢ | - | ૧ | - |
| ખેડા | - | ૩ | ૧ |
| મહેસાણા | - | - | - |
| કુલ | ૯૮ | ૫૦૩ | ૧૫૧ |



તે જ પ્રમાણ અનુસૂચિત જાતિના કર્મચારીઓમાંથી કટલા કાયમી છે અને કટલા હંગામી છે તને માટે નીચેનો કોઠો જોવો પડશે.

કોઠો-૧૦

અનુસૂચિત જાતિના કર્મચારીઓ

| | કાયમી | હંગામી | વિગત જણાવેલ નથી |
|---|---|---|---|
| ડાંગ | ૧ | - | - |
| પંચમહાલ | ૯ | ૯૫ | - |
| વડોદરા | ૧૭ | ૭૨ | - |
| ભરૂચ | ૧૩ | ૫૪ | - |
| સુરત | ૭ | ૪૧ | ૩૬ |
| વલસાડ | ૪ | ૧૩ | - |
| સાબરકાંઠા | ૧૫ | ૭૪ | - |
| બનાસકાંઠા | ૧૨ | ૭૩ | ૨ |
| અમરેલી | ૧૪ | ૧૫ | - |
| રાજકોટ | ૭ | ૩૬ | - |
| સુરેન્દ્રનગર | ૫ | ૫૫ | - |
| ભાવનગર | ૧૫ | ૩૫ | - |
| જામનગર | ૮ | ૨૪ | - |
| કચ્છ | ૧ | ૪૨ | ૨ |
| જૂનાગઢ | ૨ | ૩૭ | - |
| અમદાવાદ | ૬ | ૪૫ | ૨૭ |
| ખેડા | ૧૯ | ૪૬ | - |
| મહેસાણા | ૧૨ | ૫૧ | ૪૫ |
| કુલ | ૧૬૭ | ૮૦૮ | ૧૧૨ |

## પ્રકરણ-૭

## સારાંશ અને ભલામણો

**અમે કરેલી તપાસ :**

ગુજરાતમાં સરકારી સિવયાની બીજી સંસ્થાઓ જેવી કે પંચાયતો, હાઇસ્કૂલો, અધ્યાપન મંદિરો, કોલેજો વગેરેમાં અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિની કેટલી વ્યકિતઓ નોકરી કરે છે ( તે તે સંસ્થાઓના કુલ નોકરોમાં એ કેટલા ટકા છે) એ જાણવા માટે તપાસ કરી હતી. તેનો અહેવાલ આપણે જોઇ ગયા. તપાસનાં મુખ્ય તારણો નીચે પ્રમાણે છે.

**પ્રાથમિક શાળાના શિક્ષકો :**

(૧) ગ્રામ વિસ્તારમાં અનુસૂચિત જાતિના માત્ર ૧૧.૪ ટકા અને અનુસૂચિત જનજાતિના ૪.૫ ટકા જ શિક્ષકો છે.

(૨) કુલ સ્ત્રી શિક્ષિકાઓમાંથી અનુસૂચિત જાતિની માત્ર ૮.૭ ટકા અને અનુસૂચિત જનજાતિની ફકત ૩.૯ ટકા છે.

(૩) નગરપાલિકાઓ દ્વારા ચાલતી પ્રાથમિક શાળાઓમાં અનુસૂચિત જાતિના માત્ર ૧૪.૭ ટકા અને અનુસૂચિત જનજાતિના તો ૧.૯ ટકા જ શિક્ષકો છે.

(૪) ક્રમાંક (૩)માં શિક્ષિકાઓ શિક્ષકોકરતાં (અનુસુચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાં) વધુ છે.

(૫) કુલ અનુસૂચિત જાતિના શિક્ષકોમાંથી ૬૦ ટકા હરિજન, ૨૩ ટકા વણકર, ૮.૯ ટકા માહયાવંશી, ૬.૨ ટકા રોહિત અને ૧.૦ ટકા ભંગી છે.

(૬) અનુસૂચિત જનજાતિના શિક્ષકોમાંથી ૪૪.૭ ટકા ધોડિયા, ૧૯.૯ ટકા હળપતિ, ૧૬.૮ ટકા ચૌધરી અને ૪.૯ ટકા ગામીત હતા. ભીલ જાતિનું પ્રમાણ ઘણું જ ઓછું હતું.

(૭) અનુસૂચિત જાતિના શિક્ષકોમાંથી ૪૬.૬ ટકા પ્રાથમિક શાળાંત, સિનિયર પીટીટી ૩૩.૫ ટકા અને એસ. એસ.સી., જુ.પીટીસી., ૧૭.૯ ટકા બી. એ. અને ૧.૭ ટકા બી. એડ. હતા.

(૮) અનુસૂચિત જનજાતિના શિક્ષકોમાંથી ૫૯ ટકા પ્રાથમિક શાળાંત, પીટીસી સિનિયર ૩૧ ટકા એસ.એસ.સી. જુ. પીટીસી ૩.૭ ટકા બી. એ. અને ૬.૨ ટકા બી. એડ. હતા.

(૯) નગરપાલિકાઓની પ્રાથમિક શાળાઓમાં અનુસૂચિત જાતિના શિક્ષકો પહેલાં જેટલા નોકરીમાં દાખલ થયા હતા તેમાં ધીરે ધીરે ઘટાડો થતો જાય છે.



(૧૦) તેવી જ રીતે અનુસૂચિત જનજાતિના શિક્ષકોનું પણ થયું છે.

**માધ્યમિક શાળાના શિક્ષકો :**

(૧) આદિવાસી બહુલ સાત જિલ્લાઓની માધ્યમિક શાળાઓમાં અનુસૂચિત જાતિના ૨.૦૩ ટકા અને અનુસૂચિત જનજાતિના ૧૧.૬ ટકા કર્મચારીઓ છે.

(૨) આમાં અનુસૂચિત જાતિની શિક્ષિકાઓની સંખ્યા ૨.૦૧ ટકા છે. અનુસૂચિત જનજાતિની શિક્ષિકાઓની સંખ્યા ૮.૦૮ ટકા છે.

(૩) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ પટાવાળામાં જ વધુ છે. (લગભગ ૩૮.૬ ટકા) એનાથી ઉપરના હોદ્દાઓમાં તેઓ ઝાઝા નથી. એમનામાંથી આચાર્યો તો માત્ર ૦.૪૧ ટકા જ છે.

(૪) વલસાડ અને સુરત જિલ્લાઓમાં લગભગ ૧૬ ટકા જેટલા આચાર્યો અનુસૂચિત જનજાતિના છે.

(૫) કુલ ૨૦૨ ઉપાચાર્યોમાંથી માત્ર ૧૧ જ અનુસૂચિત જનજાતિના છે. અનુસૂચિત જાતિના તો એક પણ નથી.

(૬) મદદનીશ શિક્ષકોના સમૂહમાં અનુસૂચિત જાતિની સંખ્યા ૭ ટકાથી વધુ નથી. ડાંગ સિવાય બધા જ જિલ્લાઓમાં અનુસૂચિત જનજાતિના આવા શિક્ષકો ૧૩ ટકાથી ઓછા છે. વડોદરા, ભરૂચ, પંચમહાલ અને સાબરકાંઠા જિલ્લાઓમાં આ સંખ્યા ૫ ટકાથી ય ઓછી છે.

(૭) કારકૂનોની જગ્યામાં અનુસૂચિત જાતિના કર્મચારીઓ નહીંવત્ છે. અનુસૂચિત જનજાતિના ૭.૭૯ ટકા છે.

(૮) પાણીવાળાઓમાં અનુસૂચિત જનજાતિના ૩૬.૨૮ ટકા છે, અનુસૂચિત જાતિના માત્ર ૫.૩ ટકા છે.

**અધ્યાપનમંદિરોમાં કર્મચારી :**

(૧) ગુજરાતમાં કુલ ૬૭ અધ્યાપનમંદિરો છે. એમાં કુલ કર્મચારી ૧૨૩૩ છે. એમાં માત્ર ૫.૩ ટકા જ અનુસૂચિત જનજાતિના છે.

(૨) ૬૭માંથી ૨૫ અધ્યાપનમંદિરોમાં એક પણ અનુસૂચિત જનજાતિનો કર્મચારી નથી.

(૩) આમાં શૈક્ષણિક કરતાં બિન શૈક્ષણિક કર્મચારીઓનું પ્રમાણ વધુ છે. (૫૫.૪ ટકા બિન શૈક્ષણિક, ૪૪.૬ ટકા શૈક્ષણિક).

(૪) સરકારી અધ્યાપનમંદિરો કરતાં બિન સરકારી અધ્યાપનમંદિરોમાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓનું પ્રમાણ વધુ છે. (લગભગ ૨।। ગણાથી ય વધુ)

(૫) માત્ર એક જ આચાર્ય અનુસૂચિત જનજાતિનો છે. નિયત સમયના અધ્યાપકોમાં માત્ર ૧.૫ ટકા જ અનુસૂચિત જનજાતિના છે. જ્યારે પૂરા સમયના અધ્યાપકોમાં તેમના ૪.૫ ટકા છે.

(૬) પટાવાળા, પાણીવાળા જેવી નિમ્ન નોકરીઓમાં અનુસૂચિત જનજાતિના ૪૭ ટકા છે.

(૭) અનુસૂચિત જનજાતિની ૨૮ જાતિઓમાંથી માત્ર આઠ જ જાતિઓનું પ્રતિનિધિત્વ અધ્યાપનમંદિરના કર્મચારીઓમાં છે. એમાં વધુમાં વધુ સંખ્યા ચૌધરી જાતિની છે. બીજા નંબર ધોડિયા જાતિ આવે છે.

(૮) કુલ કર્મચારીઓમાંથી માત્ર ૧૨.૩ ટકા અનુસૂચિત જાતિના છે. તેમાં ય સ્ત્રીઓની સંખ્યા ઘણી ઓછી છે. (૯.૫ ટકા)

(૯) અનુસૂચિત જાતિના કર્મચારીઓમાં ૨૫ ટકા શૈક્ષણિક જગ્યાઓમાં અને ૭૫ ટકા બિન શૈક્ષણિક જગ્યાઓમાં છે.

(૧૦) કુલ અનુસૂચિત જાતિના કર્મચારીઓમાં ૬૭.૧ ટકા સરકારી અધ્યાપનમંદિરોમાં અને માત્ર ૩૨.૯ ટકા બિન સરકારીમાં છે.

(૧૧) અનુસૂચિત જાતિના કર્મચારીઓ કુલ કારકુનો ના ૯ ટકા, પટાવાળા અને પાણીવાળાના ૨૫ ટકા અને ઝાડુવાળાના ૯૫ ટકા છે.

(૧૨) ૬૭ આચાર્યોમાં માત્ર બે જ અનુસૂચિત જાતિના છે. અધ્યાપકોમાં પણ એમનું પ્રમાણ ઘણું ઓછું છે.

(૧૩) અનુસૂચિત જાતિની સ્ત્રી કર્મચારીઓનું કુલ સ્ત્રી કર્મચારીઓમાં માત્ર ૯.૫ ટકાનું જ પ્રમાણ છે. (શૈક્ષણિકમાં તો ૨.૯ ટકા જ.છે)

(૧૪) ૧૪ અધ્યાપનમંદિરોમાં તો એક પણ અનુસૂચિત જાતિનો કર્મચારી નથી.

(૧૫) લગભગ ૫૦ ટકા જેટલા અનુસૂચિત જાતિના કર્મચારીઓ અધ્યાપનમંદિરોમાં છેલ્લા પાંચ વર્ષથી જ કામ કરે છે.

(૧૬) સ્નાતક અને તે ઉપરની ડિગ્રી ધરાવનાર ૨૭ જણા છે, એસ.એસ.સી. પીટીસીવાળા ૨૮ અને પ્રાથમિક શાળાંત પીટીસી ૩૬ જણા છે.

(૧૭) અનુસૂચિત જાતિના નોકરોમાં હરિજનો જ વધુ છે, વણકર અને ભંગીઓ ત્યાર પછી અનુક્રમે આવે છે.



કોલેજોમાં અનુસૂચિત જાતિ અને જનજાતિના કર્મચારીઓનું પ્રમાણ :

(૧) સઘન તપાસ હેઠળની ૨૭૩ કોલેજોમાંથી ૨૨૭ કોલેજોમાં (૮૩.૧૫ ટકા) કોઇ પણ આદિવાસી કર્મચારી ન હતો બાકીની ઘણી બધી કોલેજોમાં એમનું પ્રમાણ ૧૦ ટકાથી ઓછું હતું.

(૨) ૪૨.૮૬ ટકા કોલેજોમાં કોઇ પણ અનુસૂચિત જાતિના કર્મચારી ન હતા.

તાલુકા પંચાયતોની પરિસ્થિતિ :

(૧) ગુજરાતની તાલુકા પંચાયતોમાં વર્ગ-૧ માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનો એક પણ કર્મચારી નથી.

(૨) વર્ગ-૨ માં અનુસૂચિત જાતિના ૦.૭૧ ટકા અને અનુસૂચિત જનજાતિના ૦.૮૪ ટકા છે.

(૩) વર્ગ-૩ માં અનુસૂચિત જાતિના ૧૬.૩ ટકા અને અનુસૂચિત જનજાતિના ૧૧.૦૩ ટકા છે.

(૪) વર્ગ-૪ માં અનુસૂચિત જાતિના લગભગ ૪૩.૮ ટકા અને અનુસૂચિત જનજાતિના ૩૧.૪ ટકા છે.

(૫) અનુસૂચિત જાતિના કર્મચારીઓમાં હરિજન ૪૬.૫ ટકા, વણકર ૧૧.૧ ટકા, ભંગી ૪.૯ ટકા છે.

(૬) અનુસૂચિત જનજાતિના કર્મચારીઓમાં ધોડિયા ૧૮.૯ ટકા છે. વસાવા તથા ભીલ ૨૪ ટકા અને ચૌધરી ૭ ટકા છે.

શું કરવું જોઇએ ?

ઉપર આપણે જોઇ ગયા કે લગભગ બધી જ સંબંધિત સંસ્થાઓ તથા વિભાગોમાં આ ટકાવારી ઘણી ઓછી છે. અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિની વ્યક્તિઓને જે તે સંસ્થાઓ તથા વિભાગોમાં નિયત કરેલ પ્રમાણમાં નોકરી મળવી જ જોઇએ. આને માટે કેટલાંક વ્યાવહારિક સૂચનો નીચે આપ્યાં છે.

(૧) માત્ર સંસ્થા તથા વિભાગોની ઉપેક્ષાવૃત્તિને કારણે આ નિયત કરેલ ટકાવારી ભરાતી નથી એમ કોઇ કહેતું નથી. છતાંય ક્યાંક ઉપેક્ષાવૃત્તિનો ભાવ જણાઇ આવે છે. આને નિવારવા બે દિશામાં પ્રયત્નો થવા જોઇએ. (અ) સંસ્થા તથા વિભાગોના અધિકારીઓ તથા તેને ચલાવનાર સભ્યોને ટકાવારી વિષે જાણકારી થોડે થોડે દિવસે મળતી રહે. (બ) એમનું નાગરિક શિક્ષણ પણ એવું થવું જોઇએ કે એમને આ નિયત કરેલ ટકાવારી શા માટે, એ ન ભરાય તો શા ગેરફાયદાઓ- એમની સંસ્થાને, અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિને તથા દેશને- છે તે વિષે એ સજાગ રહે અને સજાગ રહી પોતાની ફરજ બજાવતા રહે.

તેઓ
ઉપરાંત આ નક્કી કરેલ ટકાવારી ન પૂરી કરવા માટે/વ્યક્તિગત રીતે પણ જવાબદાર ગણી કોઇપણ ઠરાવેલ દંડને પાત્ર રહેશે એવું પણ એમને ભાન કરાવતા રહેવું જોઇએ.

(૨) સંબંધિત સંસ્થા તથા વિભાગો માત્ર નિષ્ઠાળજીથી જ આ ટકાવારી પૂરી કરતા નથી એમ પણ ન કહી શકાય છતાં ય જયાં જાણકારી હોવા છતાં બેદરકારી સેવવામાં આવે છે તેવાં પ્રકરણોમાં દૃઢતાથી કામ કરાવવું જોઇએ. આને માટે જ તે પ્રશાસકીય વિભાગ જ જાગૃત રહી બેદરકારી બતાવનાર પ્રકરણોમાં પીછો કરી તેમાં ટકાવારી પૂર્ણ કરાવવા માટે બધા જ પ્રશાસકીય ઉપાયો અજમાવી શકે.

(૩) દરેક સંસ્થા, વિભાગ તથા નિગમ વગેરમાં નિયત કરેલ ટકાવારી પ્રમાણે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિના ઉમેદવારોની ભરતી/પદોન્નતિ થાય છે કે નહીં તે જોવા માટે એક તકેદારી વ્યવસ્થા હોવી જોઇએ. મોટી સંસ્થાઓ પોતાની તકેદારી વ્યવસ્થા રાખે, સરકાર સર્વને જોવાની પોતાની વ્યવસ્થા રાખે. આ તકેદારી વ્યવસ્થા બહુ જ અસરકારક કામ કરતી હશે તો જ નિર્ધારિત લક્ષ્ય સુધી પહોંચાશે.

(૪) આમાં માત્ર સંસ્થાઓ કે વિભાગોની જ ઉપેક્ષાવૃત્તિ કે બેદરકારીનો પ્રશ્ન નથી. ઘણીવાર તો જવા જોઇએ એવા તથા સમુચિત લાયકાતવાળા અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના ઉમેદવારો જ મળતા નથી. તો યોગ્ય ઉમેદવારો મળે તે માટે પણ એક લાંબા ગાળાની તથા સુવિચારિત યોજના બનાવવી જોઇએ. જે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિનાં બાળકો ભણે છે તેમાંથી જે હોંશિયાર હોય તથા જેનામાં વાંછિત વલણો દેખાય તેમને નાનપણથી જ પકડી તેને વિષય માટે, ખાસ પ્રયત્નોથી ભણાવીગણાવી યોગ્ય નોકરી માટે તૈયાર કરવા. આને માટે પણ પ્રબંધ થવો જોઇએ.

(૫) ઉપરની યોજના ઘણા વર્ષે ફળ આપશે. તે પહેલાં તરત ફળદાયી થાય તે માટે નીચે બતાવ્યા પ્રમાણે પગલાં લેવાં જોઇએ.

(અ) કોચીંગ કલાસોની તથા કોચીંગ ઇન્સ્ટીટયુટની વ્યવસ્થા અમુક સ્તરો પર થવી જોઇએ.

(બ) ઇન્ટર્વ્યુ કેમ આપવાં તેની સમજ આ બાળકોને આપતા રહેવું.

(ક) તાલુકા તથા જિલ્લા સ્તરની હોસ્ટેલો શરૂ કરવી જોઇએ.

(ડ) ભાષા શિક્ષણના ખાસ વર્ગો ચલાવવા જોઇએ., જેથી કરીને અનુસૂચિત જાતિ/જનજાતિના બાળકો એમાં ઠીક ઠીક સ્તર પ્રાપ્ત કરી શકે.

(ઇ) એસ.એસ.સી. પછી શું એનો ખ્યાલ આપવા માટે આવાં બાળકો માટે માર્ગદર્શન કેન્દ્રો હોવાં જોઇએ. બને તો માર્ગદર્શન કેમ્પો પણ ગોઠવવા જોઇએ.

(લ) નોકરી કયાં ખાલી છે તેની ખબર આદિવાસી ક્ષેત્રોમાં અભ્યન્તરમાં પણ પહોંચી શકે એવી વ્યવસ્થા કરવી જોઇએ.